દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 171 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 July 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
સોમવાર, ૨૧ જુલાઈ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પુતિન શાંતિમંત્રણા માટે તૈયાર

## યુક્રેન પ્રમુખના યુદ્ધવિરામના પ્રસ્તાવના જવાબમાં શરતી તૈયારી દેખાડતા એવી મૉસ્કોએ સ્પષ્ટતા પણ કરી કે મુખ્ય લક્ષ્ય સિદ્ધ થયા સિવાય લડાઈ નહીં રોકાય



મૉસ્કોઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન શાંતિ મંત્રણા માટે તૈયાર પણ મૉસ્કો આ મામલે પોતાનું મુખ્ય લક્ષ્ય સિદ્ધ કરવા માટે કટિબદ્ધ છે, એવી સ્પષ્ટતા પ્રવક્તા દમિત્રી પેસ્કોવે કરી હતી.

તેમણે કહ્યું હતું કે, પ્રમુખ પુતિને વારંવાર યુક્રેન સાથે શાંતિપૂર્ણ સમાધાનની વાત કરી પણ આ એક લાંબી પ્રક્રિયા છે અને એ સહેલી નહીં હોય. જોકે અમારાં લક્ષ્યો સ્પષ્ટ છે.

રશિયા અને યુક્રેન વચ્ચે સાડા ત્રણ વર્ષ પહેલા શરૂ થયેલા યુદ્ધને કારણે બંને પક્ષે હજારો લોકોનાં મોત થયા છે અને વૈશ્વિક અર્થતંત્રને પણ માઠી (જુઓ પાનું ૨) ▸▸

### અમેરિકા અને નાટોના વિરોધ છતાં પુતિન ભારત આવે છે

નવી દિલ્હી : રશિયા અને યુક્રેન વચ્ચેના ભીષણ યુદ્ધ અને અમેરિકા-નાટોના વાંધાવચકા છતાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન આ વર્ષના અંતમાં ભારતના પ્રવાસે આવશે. તેમનો આ પ્રવાસ ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનને માટે હશે. ૨૦૨૧ પછી આ સંમેલન પહેલી વાર ભારતમાં યોજાઈ રહ્યું છે. આ યાત્રા એ સમયે થઈ રહી છે જ્યારે અમેરિકા અને નાટોમાં સામેલ દેશ રશિયા પર સતત પ્રતિબંધ વધારી રહ્યા છે અને ભારત પર રશિયા (જુઓ પાનું ૨) ▸▸



**ભયંકરઃ** ઈન્ડોનેશિયાના દરિયામાં એક જહાજમાં અચાનક ભીષણ આગ લાગ્યાના સમાચાર બાદ અફરાતફરી મચી ગઈ છે. કેએમ બાર્સેલોના વીએ જહાજમાં ૨૮૦ જણ સવાર હોવાનું કહેવાય છે. આગ લાગતા મુસાફરોએ જહાજમાંથી દરિયામાં કૂદકા લગાવ્યા હતા. (એજન્સી)

## જીએસટીનું ૧૫,૮૫૧ કરોડ રૂપિયાનું કૌભાંડ

નવી દિલ્હી : ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીસટી)ના અધિકારીઓએ હાલના નાણાકીય વર્ષના એપ્રિલ-જૂનના ત્રિમાસિકમાં બનાવટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ ટેક્સ (આઈટીસી)નું ૧૫,૮૫૧ કરોડ રૂપિયાનું કૌભાંડ પકડી પાડ્યું હતું. જે ગયા વર્ષની તુલનામાં ૨૮ ટકા વધારે છે. જોકે વર્ષવાર જોઈએ તો પકડાયેલી બનાવટી કંપનીઓની સંખ્યા ઘટી ગઈ છે.

કેન્દ્ર અને રાજ્યના જીએસટી ઑફિસરે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિકમાં ૩,૫૫૮ બનાવટી કંપની પકડી હતી. જે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ત્રિમાસિક કરતાં ઓછી છે. ગયા વર્ષે ૩,૮૪૯ બનાવટી કંપની પકડાઈ હતી. ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતની આગેવાની હેઠળની રાજ્યના નાણા પ્રધાનોની સમિતિ હાલમાં ચોક્કસ સેક્ટરમાં કરચેરીનો અને આઈટીસી છેતરપિંડી કેમ અટકાવવી એનો અભ્યાસ કરશે. અધિકારીએ કહ્યું હતું કે દર મહિને સરેરાશ ૧,૨૯૯ બનાવટી કંપની પકડાય છે. ગયા વર્ષની સરખામણીમાં બનાવટી કંપની ઓછી પકડાઈ છે અને આ બતાડે છે કે બનાવટી જીએસટી રજિસ્ટ્રેશન સામેની ઝુંબેશ કામ કરી રહી છે. આ વર્ષના ત્રિમાસિકમાં ૧૫,૮૫૧ કરોડ રૂપિયા પકડાયા છે. આમાં ૩,૫૫૮ બનાવટી કંપની સામેલ હતી. ૫૩ ઈસમની પણ ધરપકડ કરવામાં આવી છે.

જીએસટીના ઇનપુટ ક્રેડિટ ટેક્સને નામે થતા કૌભાંડનો આંકડો દર વર્ષે વધી રહ્યો છે. જોકે સરકાર આ વાતથી વાકેફ હોવા છતાં આ સંબંધી કાયદામાંની છટકબારીઓ હજીય ખૂલ્લી રહેવા દીધી છે.

જીએસટીના આઈટીસી સંબંધી છેતરપિંડીનો આંકડો ચાલુ નાણાકીય વર્ષમાં ઘણો વધી જાય એવી પણ સંભાવના વ્યક્ત થઈ રહી છે. ■

### ઑપરેશન સિંદૂર, ટ્રમ્પના દાવા, બિહાર મતદારયાદીના મુદ્દા આજથી શરૂ થતા સંસદમાં ચર્ચવાની વિપક્ષની માગણી

## હૈ તૈયાર હમઃ સરકાર

નવી દિલ્હી : સરકારે રવિવારે સર્વપક્ષી બેઠકમાં કહ્યું હતું કે તે સંસદના ચોમાસુ સત્રમાં વિપક્ષ દ્વારા ઉઠાવામાં આવેલી બધી બાબતોની ચર્ચા કરવા તૈયાર છે અને તે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ઑપરેશન સિંદૂર પરના દાવાના જવાબની માગણીનો યોગ્ય પ્રતિસાદ આપશે. સોમવારથી શરૂ થતા સત્ર પહેલાં પરંપરાગત સર્વપક્ષી બેઠકમાં વિરોધ પક્ષોએ બિહારની મતદારયાદી સુધારણા, પહલગામ આતંકવાદી હુમલા અને ટ્રમ્પના યુદ્ધવિરામના દાવા સહિત અનેક બાબતો ઉઠાવી હતી. સરકારે મહિનો ચાલનારું સત્ર સરળતાથી પાર પડે એ માટે વિપક્ષોનો સહકાર માગ્યો હતો.

સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ બેઠક પછી પત્રકારોને કહ્યું હતું કે સંસદ સરળતાથી ચલાવવા સરકાર અને વિરોધ પક્ષ વચ્ચે સંકલન હોવું જરૂરી છે. તેમણે કહ્યું હતું કે ટ્રમ્પના ઑપરેશન સિંદૂર પરના દાવાની બાબત સંસદમાં ઉઠાવાની વિરોધ પક્ષની માગણીનો સરકાર યોગ્ય પ્રતિસાદ આપશે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે સરકાર નિયમો અને પરંપરા પ્રમાણે સંસદમાં બધા મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે અને તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર ઑપરેશન સિંદૂર જેવી મહત્ત્વની બાબતની ચર્ચા કરવા પણ તૈયાર છે. બેઠક પછી કૉંગ્રેસના નેતા ગૌરવ ગોગોઈએ પત્રકારોને કહ્યું હતું કે મારા પક્ષે ટ્રમ્પના દાવા, પહલગામ હુમલા તરફ દોરી જનારી ખામીઓ અને બિહારના સ્પેશ્યલ ઈન્ટેનસિવ રિવિઝન પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી નિવેદન કરે એવી માગણી કરી છે. મારા પક્ષે ઉઠાવેલા મહત્ત્વના મુદ્દા પર સંસદમાં નિવેદન આપવાની વડા પ્રધાનની ફરજ છે. આમ આદમી પાર્ટીના સંજય સિંહે કહ્યું હતું કે મેં બિહારના એસઆઈઆર કૌભાંડ અને ભારત અને પાકિસ્તાન વચ્ચે મેં યુદ્ધવિરામ કરાવ્યો એવા ટ્રમ્પના દાવાની બાબતો ઉઠાવી હતી. (એજન્સી) ■

## અમદાવાદના બગોદરામાં એક જ પરિવારના પાંચ સભ્યના સામૂહિક આપઘાતથી હડકંપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના બાવળા તાલુકાના બગોદરા ગામે શનિવાર મોડી રાત્રે એક અત્યંત હૃદય કંપાવનારી ઘટના બની હતી. બગોદરા બસ સ્ટેશન પાસે આવેલા એક ભાડાના મકાનમાં એક જ પરિવારના પાંચ સભ્યએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પીને સામૂહિક આપઘાત કરી લીધો હતો. આ ઘટનામાં પતિ-પત્ની અને તેમના ત્રણ માસૂમ બાળકના કરુણ મોત નિપજ્યાં હતાં.

પોલીસે પ્રાથમિક તપાસ બાદ સંભવિત કારણ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, પ્રાથમિક અંદાજ મુજબ આર્થિક સંકડામણને કારણે પરિવારે આવું આત્મઘાતી પગલું ભર્યું હોય તેવું લાગી રહ્યું છે. આ ઘટના તારીખ ૨૦ જુલાઈના રોજ રાત્રે ૧:૩૦ વાગ્યા પહેલાના કોઈ સમયે બની હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. એક જ પરિવારના પાંચ સભ્યના આ સામૂહિક આપઘાતથી સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ પરિવાર મૂળ (જુઓ પાનું ૨) ▸▸

### અમદાવાદ પ્લેન ક્રેશ

## પશ્ચિમી મીડિયા સંયમ રાખે, અમને એઆઈબીમાં પૂરો વિશ્વાસઃ કેન્દ્ર

નવી દિલ્હીઃ અમદાવાદ એર ઈન્ડિયા દુર્ઘટના અંગે કોઇપણ નિષ્કર્ષ કાઢતા પહેલા સરકાર અંતિમ અહેવાલની રાહ જોશે, એમ નાગરિક ઉડ્ડયન પ્રધાન રામ મોહન નાયડુ કિંજરાપુએ રવિવારે જણાવ્યું હતું.

તેમણે પશ્ચિમી મીડિયાને અટકળો ટાળવા વિનંતી કરી હતી. તેમજ ભારતમાં બ્લેક બોક્સ ડેટાને સફળતાપૂર્વક ડિકોડ કરવા બદલ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો(એએઆઇબી)ની પ્રશંસા કરી હતી. કિંજરાપુએ જણાવ્યું કે એએઆઇબીએ દરેકને, ખાસ કરીને પશ્ચિમી મીડિયા હાઉસોને અપીલ કરી છે કે તેઓ જે લેખો પ્રકાશિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમાં સ્થાપતિ હિત હોઇ શકે છે. મને એએઆઇબીમાં વિશ્વાસ છે. મને તેમના કાર્યમાં (જુઓ પાનું ૨) ▸▸

## નવા આવકવેરા પર સંસદીય સમિતિનો રિપોર્ટ આજે લોકસભામાં રજૂ થશે

### નવો ઈન્કમ ટૅક્સ ધારોઃ સંસદીય સમિતિનો અહેવાલ આજે લોકસભામાં

નવી દિલ્હીઃ છ દાયકા જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેનારા નવા આવકવેરા બિલ, ૨૦૨૫ની તપાસ માટે રચાયેલી સંસદીય સમિતિનો અહેવાલ આજે લોકસભામાં રજૂ કરવામાં આવશે. નોંધનીય છે કે સંસદનું ચોમાસુ સત્ર આજથી શરૂ થઇ રહ્યું છે, જે ૨૧ ઓગસ્ટ સુધી ચાલશે.

ભાજપના નેતા બૈજયંત પાંડાની આગેવાની હેઠળની ૩૧ સભ્યોની પસંદગી સમિતિને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ નવા આવકવેરા બિલ, ૨૦૨૫ની તપાસ માટે નિયુક્ત કરી હતી. જેને ૧૩ ફેબ્રુઆરીના રોજ લોકસભામાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રજૂ કર્યું હતું.

સમિતિએ ૨૮૫ સૂચનો કર્યા છે અને ૧૬ જુલાઇના રોજ મળેલી બેઠકમાં નવા આવકવેરા બિલ, ૨૦૨૫ પરના રિપોર્ટનો સ્વીકાર કર્યો છે. જેને હવે આગળની કાર્યવાહી માટે ગૃહમાં રજૂ કરવામાં આવશે. સરળીકૃત આવકવેરા બિલ કે જે આવકવેરા અધિનિયમ, ૧૯૬૧નું અડધું છે, જે મુકદ્દમા અને નવા અર્થઘટનનો અવકાશ ઘટાડીને કર નિશ્ચિતતા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. ોકસભામાં રજૂ કરાયેલા નવા બિલમાં શબ્દોની સંખ્યા ૨.૬ લાખ છે, જે આવકવેરા કાયદાના ૫.૧૨ લાખ શબ્દો કરતાં ઓછી છે. તેમાં કલમોની સંખ્યા ૫૩૬ છે, જ્યારે હાલના કાયદામાં ૮૧૯ કલમો અમલમાં હતી. આવકવેરા વિભાગ દ્વારા જારી એફએક્યૂ(વારંવાર પુછાતા પ્રશ્નો) અનુસાર પ્રકરણોની સંખ્યા પણ ૪૭થી ઘટાડીને ૨૩ કરવામાં આવી છે. આવકવેરા બિલ ૨૦૨૫માં ૫૭ કોષ્ટકો છે, જ્યારે હાલના કાયદામાં ૧૮ કોષ્ટકો હતા અને આમાં ૧૨૦૦ જોગવાઇઓ અને ૯૦૦ સ્પષ્ટતાઓ દૂર કરવામાં આવી છે.

સીતારમણે લોકસભામાં બિલ રજૂ કરતી વખતે કહ્યું હતું કે બિલમાં નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે. શબ્દોની સંખ્યા ૫.૧૨ લાખથી ઘટાડીને અડધી કરવામાં આવી છે. તેમજ કલમો ૮૧૯થી ઘટાડીને ૨૩૬ કરવામાં આવી છે. રજૂઆત પછી બિલને લોકસભાની પસંદગી સમિતિને મોકલવામાં આવ્યું હતું અને સમિતિને આગામી સત્રના પહેલા દિવસ સુધીમાં તેનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ■

## જગન મોહન રેડ્ડીને દારૂકાંડમાં દર મહિને ૫૦ થી ૬૦ કરોડ મળતા હતાઃ ચાર્જશીટમાં આરોપ



અમરાવતીઃ આંધ્ર પ્રદેશ પોલીસે ૩,૫૦૦ કરોડ રૂપિયાના કથિત દારૂ કૌભાંડ મામલામાં એક સ્થાનિક કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે. આ ચાર્જશીટમાં રાજ્યના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન વાય.એસ. જગન મોહન રેડ્ડી પર દર મહિને સરેરાશ ૫૦ થી ૬૦ કરોડ રૂપિયાની લાંચ લેવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ૩૦૫ પાનાની ચાર્જશીટ શનિવારે દાખલ કરવામાં આવી છે, પરંતુ તેમાં જગનનું નામ આરોપી તરીકે રાખવામાં આવ્યું નથી.

તહોમતનામામાં જણાવાયું છે કે આ રકમ પહેલા કેસિરેડ્ડી રાજશેખર રેડ્ડી (આરોપી નંબર ૧) ને સોંપવામાં આવી હતી. પછી (જુઓ પાનું ૨) ▸▸

## એક પત્ની, બે પતિઃ હિમાચલમાં બે ભાઈ સાથે પરણી ગઈ યુવતી



ચંડીગઢઃ હિમાચલ પ્રદેશના હટ્ટી જનજાતિના બે ભાઈઓએ સિરમૌર જિલ્લાના શિલ્લાઈ ગામમાં આયોજિત એક સાર્વજનિક સમારોહમાં એક જ યુવતી સાથે લગ્ન કર્યા હતા. આ લગ્ન ટ્રાન્સ-ગિરી પ્રદેશના કેટલાક ભાગોમાં આજે પણ પ્રચલિત બહુપતિત્વની પારંપરિક પ્રથા હેઠળ થયા હતા. પ્રદીપ અને કપિલ નેગીએ જણાવ્યું હતું કે સુનિતા ચૌહાણ સાથે લગ્ન કરવાનો નિર્ણય પરસ્પર સહમતિથી લેવાયો હતો અને આ માટે કોઈ પણ બહારનું દબાણ નહોતું. પ્રદીપે કહ્યું હતું કે અમે આ પરંપરાનું સાર્વજનિક રીતે પાલન કર્યું હતું કારણ (જુઓ પાનું ૨) ▸▸

## ક્રિપ્ટો એક્સચેન્જ કોઈનડીસીએક્સ હેકિંગનો શિકાર

### ૩૭૨ કરોડ રૂપિયા થયા છૂ

નવી દિલ્હીઃ ભારતીય ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ કોઈનડીસીએક્સ પર સાયબર હુમલો થયો હતો. જેના પરિણામે ૪૪.૨ મિલ્યન ડૉલર અથવા ૩૭૮ કરોડ રૂપિયાની ચોરી થઈ છે. જોકે કંપનીના સ્થાપકોએ ખાતરી આપી હતી કે ગ્રાહકોના ભંડોળની ચોરી થઈ નથી અને તેને સુરક્ષિત રાખવા માટે ‘એક્સ’ની મદદ લેવામાં આવી છે. આ ચોરી ફક્ત એક આંતરિક ઓપરેશનલ એકાઉન્ટ સુધી મર્યાદિત રહી હતી. કંપનીએ રવિવારે એર રિપોર્ટમાં જણાવ્યું હતું કે કોઈનડીસીએક્સ દ્વારા કંપનીના ટ્રેઝરી રિઝર્વનો ઉપયોગ કરીને જોખમને હટાવવાનું કામ કરવામાં આવી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, ૧૯ જુલાઈના રોજ, સવારે ૪ વાગ્યે કોઈનડીસીએક્સ સુરક્ષા સિસ્ટમોએ ભાગીદાર એક્સચેન્જ પરના તેના એક એકાઉન્ટમાં અનધિકૃત ઍક્સેસ સાથે સંકળાયેલી ઘટનાને શોધી કાઢી હતી જેના કારણે લગભગ ૪૪ મિલ્યન અમેરિકન ડૉલરનું નાણાકીય જોખમ ઉભું થયું હતું.

આ ઘટનાએ ફરી એકવાર ક્રિપ્ટોકરન્સીની અત્યંત અસ્થિર દુનિયામાં વધતા સુરક્ષા જોખમો પર પ્રકાશ પાડ્યો હતો. ગયા વર્ષે ક્રિપ્ટો એક્સચેન્જ વઝીરએક્સે ભારતમાં હેકર્સના હુમલાનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે ૨૩૦ મિલિયન અમેરિકન ડૉલરથી વધુનું નુકસાન થયું હતું અને ભારતમાં આવી સૌથી મોટી ચોરીઓમાંની એક હતી. આ ચોરીના કારણે સલામતીના પગલાંની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી અને (જુઓ પાનું ૨) ▸▸

## વિયેટનામમાં બૉટ ડૂબીઃ ૩૪ જણનાં મોત

હૅનોઈઃ ખરાબ હવામાનને કારણે દરિયાઈ વિસ્તારોમાં મુસાફરી કરવા માટે યોગ્ય હોતું નથી. ઘણીવાર તે અકસ્માતનું કારણ પણ બનતું હોય છે. તાજેતરમાં વાવાઝોડાને કારણે વિયેટનામમાં એક પ્રવાસીઓથી ભરેલી એક બોટ પલટતા અનેક પ્રવાસીઓનું મૃત્યુ નીપજ્યું છે.

આંતરરાષ્ટ્રીય મીડિયાના અહેવાલો અનુસાર, ૧૯ જુલાઈ ૨૦૨૫ને શનિવારની બપોરે ‘વન્ડર સી’ નામની આ નૌકા ૪૮ મુસાફરો અને પાંચ ક્રૂ મેમ્બરને લઈને હાલોંગ ખાડીના પ્રવાસે ગઈ હતી. પ્રવાસ દરમયિાન ખાડીમાં ભયાનક વાવાઝોડુ આવ્યું હતું. વાવાઝોડાના કારણે પ્રવાસીઓથી ભરેલી બોટ અચાનક દરિયામાં પલટી ખાઈ ગઈ હતી. જેને લઈને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

રેસ્ક્યૂ ઓપરેશનમાં ૧૨ લોકોને બચાવી લેવાયા હતા તથા અનેક લોકોના મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. વિયેટનામના સરકારી મીડિયાના અહેવાલ મુજબ, આ બોટ અકસ્માતમાં ૩૪ પ્રવાસીઓનું મૃત્યુ નીપજ્યું છે. જ્યારે આઠ લોકોની શોધખોળ ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ, બોટમાં ૨૦ જેટલા મુસાફરો બાળકો હતા. જે પૈકીના એક ૧૪ વર્ષીય છોકરાનો બચાવ થયો છે. પલટી ગયેલી બોટમાં આ છોકરો ચાર કલાક સુધી રહ્યો હતો. ■

## ભારતે પાકિસ્તાનના કિરાણા હિલ્સ પર કર્યો હતો હુમલો, સેટેલાઈટ ફોટોએ કર્યો ખુલાસો

ઇસ્લામાબાદ : ભારતના પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત પાકિસ્તાન વચ્ચે તણાવ સર્જાયો હતો. આતંકવાદી હુમલાના જવાબમાં ભારતે પાકિસ્તાન અને પોકના નવ આતંકવાદી ઠેકાણા પર એર સ્ટ્રાઈક કરી હતી. જે બાદ બંને દેશ વચ્ચે લશ્કરી કાર્યવાહી થઈ હતી. આ સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનના કિરાના હિલ્સ ભારતે હુમલો કર્યા હોવાના અહેવાલો સામે આવ્યા હતા. જેને પાકિસ્તાને નકારી દીધા હતા. જ્યારે જૂન ૨૦૨૫નો કિરાના હિલ્સનો સેટેલાઈટ ફોટો સામે આવ્યો છે. આ વાતનો ખુલાસો પ્રખ્યાત સેટેલાઇટ ઇમેજરી વિશ્લેષક અને ભૂ-ગુપ્તચર સંશોધક દ્વારા કરવામાં આવ્યો હતો. નિષ્ણાત ડેમિયન સાયમોનના જણાવ્યા અનુસાર, આ તસવીરો કિરાના હિલ્સ પર ભારતીય હુમલાના સંકેત આપે છે.

આ ફોટોને સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ પર શેર કરતા તેણે જણાવ્યું કે, જૂન ૨૦૨૫ ગૂગલ અર્થના આ ફોટો પરથી ભારતના કિરાના હિલ્સ પર હુમલા નિશાનો દેખાય રહ્યા છે. આ ઉપરાંત, નજીકના સરગોધા એરબેઝના રનવેની સમારકામના ચિહ્નો પણ જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનના પંજાબમાં આવેલું કિરાના હિલ્સ પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમનું કેન્દ્ર મનાય છે, જ્યાં ભૂગર્ભ સંગ્રહ સુવિધાઓ અને સુરંગો હોવાનું કહેવાય છે. ૧૯૮૦ના દાયકામાં અહીં પરમાણુ પરીક્ષણો પણ થયા હતા. ભારતે પહેલગામમાં આતંકીઓ દ્વારા પર્યટકોની હત્યાના જવાબમાં ૯-૧૦ મેની રાત્રે ઓપરેશન સિંદૂર હેઠળ ૧૫ બ્રહ્મોસ મિસાઇલો અને અન્ય ચોક્કસ હથિયારોનો ઉપયોગ કર્યો હતો. આ હુમલામાં પાકિસ્તાનના ૧૩માંથી ૧૧ મુખ્ય એરબેઝને નુકસાન થયું હતું. મીડિયા અહેવાલો પ્રમાણે આ ફોટોમાં ભૂગર્ભ નુકસાનના કોઈ સ્પષ્ટ પુરાવા નથી. પાકિસ્તાની મીડિયાએ દાવો કર્યો હતો કે તેમણે ભારતના આદમપુર એરબેઝ પર હુમલો કરી Su-30 MKI અને જ-૪૦૦ સિસ્ટમને નુકસાન પહોંચાડ્યું. જોકે, સાયમોનની માર્ચ ૨૦૨૫ની સેટેલાઇટ તસવીરોએ આ દાવાને ખોટો સાબિત કર્યો, જેમાં માત્ર નિયમિત જાળવણી દેખાઈ રહી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આદમપુર ખાતે જ-૪૦૦ સિસ્ટમ સાથે ફોટો પડાવી પાકિસ્તાનના દાવાને ખોટા સાબિત કર્યા હતા. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપ સરકારે ભ્રષ્ટાચારી રોબર્ટને ૧૧ વર્ષમાં કશું ના કર્યું

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ હરિયાણાના ગુડગાંવ એટલે કે ગુરુગ્રામ જમીન સોદાને લગતા કેસમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના બનેવી રોબર્ટ વાડરા સામે મની લોન્ડરિંગના આરોપો સાથે ચાર્જશીટ દાખલ કરતાં વાડરા પાછા ચર્ચામાં છે. કેન્દ્ર સરકારની કે બીજી કોઈ પણ તપાસ એજન્સીએ વાડરા સામે ક્રિમિનલ કેસમાં ચાર્જશીટ દાખલ કર્યું હોય એવું પહેલી વાર બન્યું છે. આ ચાર્જશીટમાં વાડરા સિવાય બીજા ઘણા લોકો અને કંપનીઓનાં નામ છે પણ વાડરા નહેરૂ-ગાંધી ખાનદાનના જમાઈ છે અને પાછા વગોવાયેલા છે તેથી વધારે ચર્ચા તેમના નામની થઈ રહી છે. ઈડીએ ૧૬ જુલાઈએ આ કેસમાં ૩૭.૬૪ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી હતી ને એક દિવસ પછી ચાર્જશીટ દાખલ કરી દીધી.

કૉંગ્રેસ વાડરાના બચાવમાં મેદાનમાં આવી ગઈ છે ને આગેવાની રાહુલ ગાંધીએ લીધી છે. કૉંગ્રેસે વાડરા સામેના ચાર્જશીટને કૉંગ્રેસીઓને ડરાવવાનો પ્રયાસ ગણાવ્યો છે તો રાહુલ ગાંધીએ ષડયંત્ર ગણાવ્યું છે. રાહુલે એક્સ પર લખ્યું છે કે, ભાજપ સરકાર છેલ્લા દસ વર્ષથી મારા બનેવી રોબર્ટ વાડરાને હેરાન કરવાનું ષડયંત્ર અમલમાં મૂકીને બેઠી છે અને આ ચાર્જશીટ એ જ ષડયંત્રનો ભાગ છે. રાહુલનું કહેવું છે કે, રોબર્ટ, પ્રિયંકા અને તેમનાં બાળકો રાજકીય રીતે પ્રેરિત નિંદા અને ઉત્પીડનનો સામનો કરી રહ્યાં છે તેથી મારો તેમને સંપૂર્ણ ટેકો છે અને અંતે, સત્યનો વિજય થશે.

રાહુલના નિવેદનમાં કશું નવું નથી ને તેમના આક્ષેપોમાં પણ કશું નવું નથી પણ રાહુલની વાત અડધીપડધી સાચી છે. અડધીપડધી એ રીતે કે રોબર્ટ વાડરા સામે એકસાથે પગલાં લેવાના બદલે ઈડી કેસને છેલ્લાં ૧૩ વર્ષથી રમાડી રહી છે. ૨૦૧૨માં વાડરાની કંપનીનો દસ્તાવેજ રદ કરી નાંખ્યો એ સાથે વાડરાનું પાપ છાપરે ચડીને પોકાર્યું. એ વખતે કેન્દ્રમાં કૉંગ્રેસની સરકાર હતી તેથી વાડરાનો વાળ પણ કોઈ વાંકો કરી શકે તેમ નહોતું પણ ભાજપે આ મુદ્દાને ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં બરાબર ચગાવેલો. એ વખતે લાગતું હતું કે, કેન્દ્રમાં ભાજપની સરકાર આવશે એ સાથે જ રોબર્ટભાઈના બાર વાગી જશે ને જમાઈરાજ જેલની હવા ખાતા થઈ જશે.

કેન્દ્રમાં ભાજપની સરકાર આવી એ વાતને ૧૧ વર્ષ પૂરાં થઈ ગયાં પણ રોબર્ટભાઈને કંઈ કેતાં કંઈ થયું નથી. જેલની હવા ખાવાના બદલે વાડરા પોતાના ફાર્મહાઉસની તાજી હવા ખાય છે. વિદેશોમાં હરેફરે છે ને એકદમ તાજામાજા થઈને રહે છે. સામાન્ય રીતે કોઈ પણ ચૂંટણી નજીક આવે એટલે ભાજપના નેતાઓને વાડરાનો ભ્રષ્ટાચાર યાદ આવી જાય છે પણ પછી કોણ વાડરા ને કેવો ભ્રષ્ટાચાર? ચૂંટણી તાકડે જ રોબર્ટ વાડરા સામેનો કેસ ખૂલે છે ને એકાદ પગલું ભરાય છે. એ પછી રાત ગઈ બાત ગઈ. બીજી ચૂંટણી આવે ત્યાં લગી વાડરા ભલે ને મોજ કર્યા કરે. અત્યારે પણ એ જ ખેલ થઈ રહ્યો છે. બિહાર વિધાનસભાની ચૂંટણી નજીક છે એટલે પાછા વાડરાને સાણસામાં લેવાના હોય એવો દેખાવ કરાઈ રહ્યો છે પણ જેવી ચૂંટણી પતશે કે તરત વાડરાનો કેસ પાછો વખારમાં નાખી દેવાશે.

રાહુલ કહે છે એ રીતે વાડરાને કિન્નાખોરી બતાવીને હેરાન નથી કરાઈ રહ્યા પણ વાડરાએ ભ્રષ્ટાચાર કર્યાના નક્કર પુરાવા છે. વાડરાનાં કાળાં કરતૂતની શરૂઆત ૨૦૦૮માં જમીનનો સોદો થયો એ સાથે થઈ હતી. ફેબ્રુઆરી ૨૦૦૮માં રોબર્ટ વાડરાની કંપની સ્કાયલાઇટ હોસ્પિટાલિટીએ ગુરુગ્રામના શિકોપુર ગામમાં ૩.૫ એકર જમીન ખરીદી હતી. ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ખરીદાયેલી જમીનનો ૭.૫ કરોડ રૂપિયામાં સોદો થયો હતો. વાડરાની કંપનીએ દસ્તાવેજમાં જમીન ખરીદવા માટે ૭.૫ કરોડ રૂપિયાનો જે ચેક અપાયો હોવાની વિગતો આપેલી એ ચેક ક્યારેય જમા જ નહોતો કરાયો. ચેક જમા ના કરાયો તેનો મતલબ એ થયો કે, વાડરાની કંપનીને એક પણ રૂપિયો આપ્યા વિના સાવ મફતમાં ૩.૫ એકર જમીન મળી ગઈ. જે કંપની પાસેથી જમીન ખરીદી એ કંપની ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ નકલી કંપની હોવાની પણ શંકા છે કેમ કે આ કંપની પછી ગાયબ જ થઈ ગઈ.

જમીનનો સોદો થયો ત્યારે હરિયાણામાં કૉંગ્રેસની સરકાર હતી અને ભૂપેન્દ્રસિંહ હુડ્ડા મુખ્યમંત્રી હતા એટલે વાડરાની કંપની માટે મોસાળમાં જમણવાર ને મા પિરસે જેવો ઘાટ હતો. નહેરૂ-ગાંધી ખાનદાનના ચમચા હુડ્ડાની સરકારે જમીન ખરીદ્યાના લગભગ એક મહિના પછી વાડરાની કંપની સ્કાયલાઇટ હોસ્પિટાલિટીને ૨.૭ એકર જમીન પર રેસિડેન્શિયલ પ્રોજેક્ટ વિકસાવવાની મંજૂરી આપી દીધી.

આપણે ત્યાં સરકારમાં ફાઈલ આગળ વધતાં મહિનાઓ નિકળી જાય છે ત્યારે વાડરાની કંપની પર હુડ્ડા સરકાર કેમ મહેરબાન થઈ એ ઓપન સીક્રેટ છે. રેસિડેન્શિયલ પ્રોજેક્ટને મંજૂરી મળતાં જમીનની કિંમત રોકેટની ગતિએ વધી ગઈ ને લગભગ ૨ મહિના પછી જૂન ૨૦૦૮માં સ્કાયલાઈટે આ જમીન ડીએલએફને ૫૮ કરોડ રૂપિયામાં વેચી દીધી. વાડરાની કંપનીએ ઓન પેપર ૪ મહિનામાં ૭૦૦ ટકાથી વધુ ભાવે જમીન વેચી હતી. વાસ્તવમાં વાડરા માટે વકરો એટલો નફો હતો કેમ કે વાડરાની કંપનીએ એક પણ પાઈ ચૂકવી નહોતી.

વાડરાના પાસે રૂપિયા આવી ગયા પછી હુડ્ડા સરકારે રાબેતા મુજબ સરકારી ધારાધોરણ પ્રમાણે કામ કરવા માંડ્યું અને ૨૦૧૨માં કોલોની બનાવવાનું લાઇસન્સ ડીએલએફને ટ્રાન્સફર કર્યું. એ વખતે હરિયાણા સરકારના લેન્ડ રજિસ્ટ્રેશન ડિરેક્ટર અશોક ખેમકાએ સોદામાં ઘાલમેલ કરાઈ હોવાનો મુદ્દો ઊભો કરીને જમીનની માલિકીની ટ્રાન્સફર રદ કરી દીધી. ખેમકાએ દાવો કર્યો હતો કે સ્કાયલાઇટને લાઇસન્સ આપવાની પ્રક્રિયામાં નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. ભડકેલા હુડ્ડાએ ખેમકાની બદલી કરી નાંખી પણ ભાજપે આ મુદ્દાને ઉઠાવી લીધો તેમાં રોબર્ટભાઈનાં પાપનો ઘડો ફૂટ્યો. ભાજપના નેતા એ વખતે વાડરા સામે આક્રમક બની ગયેલા. ઉમા ભારતીએ તો કહેલું કે, હિંદુ સમાજમાં ભ્રષ્ટ જમાઈઓને હાથી નીચે કચડી નાંખવાની પરંપરા છે તેથી વાડરાના પણ એ જ હાલ થશે. રાજસ્થાનમાં વસુંધરા રાજેએ પણ અશોક ગેહલોતના સમયમાં વાડરાને અપાયેલી જમીનના કેસની તપાસ કરીને બહુ ફૂંફાડા માર્યા હતાં પણ વાડરાને કશું થયું નથી.

હરિયાણામાં ભાજપની સરકાર આવી પછી ૨૦૧૮માં, હરિયાણા પોલીસે રોબર્ટ વાડરા, ભૂપેન્દ્ર હુડા, ડીએલએફ અને ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ સામે એફઆઈઆર દાખલ કરીને છેતરપિંડી, ગુનાહિત કાવતરું અને ભ્રષ્ટાચાર બદસ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ વાતને પણ સાત વર્ષ થઈ ગયાં પણ રોબર્ટભાઈને કશું થતું નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ
સોમવાર, તા. ૨૧–૭–૨૦૨૫, કામિકા એકાદશી

- ભારતીય દિનાંક ૩૦, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ વદ–૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ–૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૬મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર રોહિણી રાત્રે ક. ૨૧–૦૬ સુધી, પછી મૃગશીર્ષ.
- ચંદ્ર વૃષભમાં. • ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ).
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
- ભરતીઃ સવારે ક. ૦૯–૧૯, રાત્રે ક. ૨૦–૩૧.
- ઓટઃ બપોરે ક. ૧૫–૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૧૪ (તા. ૨૨).
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ – એકાદશી. કામિકા એકાદશી (ગૌદૂધ), બુધ પશ્ચિમમાં અસ્ત થાય છે, સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર. • શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, વિનાયક પૂજા, ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, એકાદશી વ્રત ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રી સુક્ત અભિષેક, પુરુસુક્ત અભિષેક, શ્રી ગણેશ અથર્વ શીર્ષમ અભિષેક, લક્ષ્મીનારાયણ મંદિર, શ્રી વિઠ્ઠલ–રુકમિણી મંદિર, હવેલી મંદિર, તીર્થયાત્રા પ્રવાસ દર્શનનો મહિમા, મુંડન કરાવવું નહિ, રાજ્યાભિષેક, પાટ–અભિષેક પૂજા, ધજા–કળશ પતાકા ચઢાવવી. આભૂષણ, વસ્રો, નિર્માણ, દસ્તાવેજ, દુકાન–વેપાર નોકરી, બી વાવવું, ધાન્ય ભરવું. ધાન્ય વેંચવું, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, મિત્રતા કરવી, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ ચંદ્ર–શુક્ર યુતિ ચોખલિયા, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ અવિચારી, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ મતલબી સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર યુતિ, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ. બુધ પશ્ચિમમાં અસ્ત.
- ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–સિંહ, વક્રી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–વૃષભ, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

### ભૂખમાં મળી બંદૂકની ગોળી

# ગાઝામાં અન્નની લાઈનમાં ઊભેલા ૭૩ લોકો થયા ઈઝરાયલી બૂલેટનો શિકાર

દેર-અલ-બલાહઃ ગાઝામાં ઇઝરાયલી સેનાના ગોળીબારમાં માનવતાવાદી સહાયની રાહ જોઇ રહેલા ૭૩ પેલેસ્ટિનિયનોના મોત નીપજ્યા હતા. આ હુમલામાં ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. જેમાંથી કેટલાકની હાલત ગંભીર છે. આ જાણકારી ગાઝાના આરોગ્ય મંત્રાલયે આપી હતી.

મંત્રાલય અને સ્થાનિક હોસ્પિટલોના જણાવ્યા અનુસાર સૌથી ભયંકર હુમલો ઉત્તરી ગાઝામાં ઝીકિમ ક્રોસિંગ પર થયો હતો. જ્યાં ખોરાક અને અન્ય જરૂરી વસ્તુઓ એકત્રિત કરવા માટે ભેગા થયેલા લોકો પર અચાનક ગોળીબાર કરવામાં આવતા ૬૭ પેલેસ્ટિનિયનોના મોત નીપજ્યા હતા.

આ દુર્ઘટનાએ ફરી એકવાર ગાઝામાં યુદ્ધ અને ભૂખમરાના સંકટને ઉજાગર કર્યું છે. ગાઝાના લોકો પહેલાથી જ ખોરાક, પાણી અને દવાઓ જેવી મૂળભૂત જરૂરિયાતો માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ હુમલાએ ત્યાં પહેલાથી જ ભયંકર પરિસ્થિતિને વધુ ગંભીર બનાવી દીધી છે. આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા ઝહેર અલ-વહિદીના જણાવ્યા મુજબ ભૂખમરાથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા નક્કી કરવી મુશ્કેલ છે.

ઉત્તરી ગાઝામાં શિફા હૉસ્પિટલના ડિરેક્ટર અબુ સેલમિયાએ જણાવ્યું કે હૉસ્પિટલમાં ગયા મહિને કુપોષણથી ૭૯ લોકોના મૃત્યુ થયા હતા. જ્યારે આ બાજુ ગાઝા પટ્ટી પર રાતભર ઇઝરાયલી બોમ્બમારો ચાલુ રહ્યો હતો. ■

# ઑપરેશન સિંદૂરઃ જવાનોને ચા–દૂધ પહોંચાડનાર બાળકના ભણતરનો ખર્ચ લશ્કર ઉઠાવશે

ચંડીગઢ : પંજાબમાં ઑપરેશન સિંદૂર દરમિયાન યુદ્ધ લડી રહેલા જવાનોને ચા-દૂધ પહોંચાડનાર દસ વર્ષના બાળકના ભણતરનો ખર્ચ લશ્કર ઉઠાવશે.

શ્રવણ સિંહે તારા વાલી ગામમાં તહેનાત સૈનિકો માટે ભાગદોડ કરી હતી. જવાનો પાકિસ્તાનના તોપમારાનો જવાબ આપી રહ્યા હતા ત્યારે શ્રવણ તેમને માટે બરફ, ચા, દૂધ અને લસ્સી લઈ આવતો હતો.

શ્રવણના પરાક્રમ અને જોમને બિરદાવતા ભારતીય લશ્કરના ગોલ્ડન એરો ડિવિઝને તેના ભણતરને સ્પેન્સર કરવાની પ્રતબિદ્ધતા વ્યક્ત કરી છે.

શનિવારે ફીરોઝપુર કેન્ટોનમેન્ટમાં એક સમારોહમાં વેસ્ટર્ન કમાન્ડના કમાન્ડિંગ-ઈન-ચીફ મનોજ કુમાર કતિયારે શ્રવણનું અભિવાદન કર્યું હતું. લશ્કરે કહ્યું હતું કે શ્રવણની સ્ટોરી દેશના 'મૌન નાયકોની' યાદ અપાવે છે જે સન્માનના હક્કદાર છે. ફીરોઝપુરના મમદુત વિસ્તારમાં શ્રવણનું ગામ છે. તેણે કહ્યું હતું કે હું મોટો થઈને લશ્કરમાં જોડાઈશ. હું ફોજી બનવા માગું છું. હું દેશની સેવા કરવા માગું છું. તેના પિતાએ ત્યારે કહ્યું હતું કે અમને તેના માટે ગર્વ છે. ચોથા ધોરણમાં ભણતા શ્રવણે રેશન પહોંચાડવાનો નિર્ણય જાતે લીધો હતો. તારા વાલી ગામ આંતરરાષ્ટ્રીય સરહદથી બે કિલોમીટર દૂર છે. (એજન્સી) ■

# કૉલ્ડપ્લેના કૉન્સર્ટમાં છીનાળું કરતાં રંગેહાથ પકડાયેલા સીઈઓનું રાજીનામું

વોશિંગ્ટનઃ અમેરિકાની ટેક કંપની એસ્ટ્રોનોમરના સીઈઓ એન્ડી બાયરને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. એસ્ટ્રોનોમરના સીઈઓનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં તેઓએ એક મહિલા કર્મચારીને પોતાની આગોશમાં જકડી રાખી હતી. કોલ્ડપ્લે કોન્સર્ટમાં કેદ થયેલા વીડિયોના વિવાદ બાદ ટેક કંપનીના સીઈઓએ રાજીનામું આપ્યું હતું.

કંપની દ્વારા શનિવારે લિંકડઇન પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે એન્ડી બાયરને સિનસિનાટી સ્થિત એસ્ટ્રોનોમર ઇન્ક.ના સીઈઓ તરીકે રાજીનામું આપ્યું છે. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે એસ્ટ્રોનોમર એ મૂલ્યો અને સંસ્કૃતિ પ્રત્યે પ્રતિબદ્ધ છે કંપની દ્વારા આ પગલું તેના એક દિવસ બાદ લેવામાં આવ્યું છે જેમાં કંપનીએ કહ્યું હતું કે બાયરનને રજા પર મોકલી દેવામાં આવ્યા છે અને ડિરેક્ટર બોર્ડે જમ્બોટ્રોન ઘટનાની ઔપચારિક તપાસ શરૂ કરી છે, જે વાયરલ થઈ હતી. કંપનીના પ્રવ

ક્તાએ બાદમાં એપીને આપેલા એક નિવેદનમાં પુષ્ટી કરી હતી કે વીડિયોમાં બાયરન અને એસ્ટ્રોનોમરના ચીફ પીપલ ઓફિસર ક્રિસ્ટિન કેબોટ હતા. ■

## પહેલા પાનાનું ચાલુ

### પુતિન શાંતિમંત્રણા

અસર પહોંચી છે. આ યુદ્ધ રોકવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, અમેરિકા દ્વારા અગાઉ કરવામાં આવેલા મધ્યસ્થીના પ્રયસો નિષ્ફળ ગયા છે. એવામાં યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદોમિર ઝેલેન્સ્કીએ યુદ્ધવિરામ પર વાટાઘાટોનો બીજો રાઉન્ડ યોજવા રશિયાને પ્રસ્તાવ મોકલ્યો છે.

ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે તેઓ યુદ્ધવિરામ માટે વાટાઘાટોને ઝડપી બનાવવા ઈચ્છે છે.

એક સંબોધનમાં ઝેલેન્સ્કીએ જણાવ્યું કે ઇસ્તંબુલમાં થયેલી વાટાઘાટોમાં યુક્રેનના પ્રતિનિધિમંડળની આગેવાની કરનારા રુસ્ટેમ ઉમેરોવે રશિયાએ આવતા અઠવાડિયે બેઠક યોજવાનો પ્રસ્તાવ મોકલ્યો છે, જો કે ઝેલેન્સકીએ આ પ્રસ્તાવની વધુ વિગતો જાહેર કરી ન હતી. ■

### અમેરિકા

સાથેના ઊર્જા અને સંરક્ષણ સહયોગની સમીક્ષા કરવાનું દબાણ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સંરક્ષણમાં સહયોગ, ઊર્જાના ક્ષેત્રમાં ભાગીદારી, અણુ ઊર્જા સહયોગ, આર્કટિક ક્ષેત્રમાં ભારતની ભૂમિકાનો વિસ્તાર અને હાઈ-ટેક ક્ષેત્રમાં સંયુક્ત રોડમેપ જેવા મુદ્દા પર ચર્ચા થશે. તાજેતરમાં મોદીના અનુરોધને લીધે રશિયાએ ભારતને ખાતરની નિકાસ વધારી છે જેથી ભારત ખાદ્ય સુરક્ષાને બળ મળ્યું છે, ભારત અને રશિયા વચ્ચે નવા એટોમેટિક રીએકટરને અંતિમ રૂપ અપાશે. ■

### પશ્ચિમી મીડિયા

વિશ્વાસ છે. તેમણે આખા બ્લેક બોક્સને ડિકોડ કરવામાં અને ભારતમાં જ ડેટા પ્રાપ્ત કરવામાં અદ્ભુત કામ કર્યું છે.

પ્રધાને આને એક મોટી સિદ્ધિ ગણાવતા જણાવ્યું કે અગાઉ ડેટા મેળવવા માટે બ્લેક બોક્સ વિદેશ મોકલવા પડતા હતા. તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી સાવધાની રાખવાનું આહ્વાન કરતાં પ્રધાને કહ્યું કે આ તબક્કે કોઇ નિષ્કર્ષ કાઢવો અયોગ્ય રહેશે.

નાગરિક ઉડ્ડયન પ્રધાને જણાવ્યું કે અંતિમ અહેવાલ આવે ત્યાં સુધી કોઇપણ ટિપ્પણી કરવી મને નથી લાગતું કે તે કોઇપણ માટે સારું પગલું છે. અમે પણ ખૂબ જ સતર્ક છીએ અને અહેવાલનો સંપૂર્ણ અભ્યાસ કરી રહ્યા છીએ. તેમજ સલામતીની દૃષ્ટિએ જે પણ જરૂરી હશે તે કરવા માટે અમે તૈયાર છીએ. તેમણે કહ્યું કે ઘટના અને તપાસ અંગે આપણે કંઇ પણ કહેતા પહેલા અંતિમ રિપોર્ટની રાહ જોવી પડશે. નોંધનીય છે કે એએઆઇબી હાલમાં અમદાવાદ એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસ કરી રહ્યું છે.

પ્રારંભિક તારણોની તપાસ કરવામાં આવી રહી છે અને અંતિમ અહેવાલમાં કારણો અને જરૂરી સલામતી હસ્તક્ષેપોનું સ્પષ્ટ ચિત્ર સામે આવવાની આશા છે. ■

### અમદાવાદના

ધોળકાના બારકોઠા વિસ્તાર, દેવીપૂજક વાસનો વતની હતો અને એક મહિનાથી બગોદરા બસ સ્ટેશન પાસે બગોદરા બસ સ્ટેશન પાસે ભાડાના મકાનમાં રહેતો હતો. મૃતક વિપુલભાઈ રિક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આ ઘટના બાદ તરત જ પોલીસને આ અંગે જાણ કરવામાં આવી હતી. જે બાદ ૧૮૦ દ્વારા તમામ મૃતદેહને દવાખાને લઇ જવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ વિપુલ કાનજીભાઈ વાઘેલા (દેવીપૂજક) - ઉંમર ૩૨ વર્ષ (પતિ), સોનલ વિપુલભાઈ વાઘેલા - ઉંમર ૨૬ વર્ષ (પત્ની), કરીના ઉર્ફે સિમરન વિપુલભાઈ વાઘેલા - ઉંમર ૧૧ વર્ષ (પુત્રી), મયુર વિપુલભાઈ વાઘેલા - ઉંમર ૮ વર્ષ (પુત્ર), પ્રીન્સી વિપુલભાઈ વાઘેલા - ઉંમર પાંચ વર્ષ (પુત્રી) નો સમાવેશ થાય છે. પોસ્ટમોર્ટમ બાદ તમામ પાંચ મૃતદેહને પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેમને તેમના મૂળ વતન ધોળકા ખાતે લઈ જવામાં આવ્યા, જ્યાં ધાર્મિક વિધિ અનુસાર તમામ પાંચ મૃતદેહના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. આ કરુણ ઘટનાથી સમગ્ર ધોળકા અને બગોદરા પંથકમાં શોકનો માહોલ છવાયો હતો. ■

### ક્રિપ્ટો એક્સચેન્જ

લોકોની લાગણીઓને ઠેસ પહોંચી હતી. કોઈનડીસીએક્સના સહ-સ્થાપક સુમિત ગુપ્તા અને નીરજ ખંડેલવાલે પરિસ્થિતિનો

ઉકેલ લાવવા માટે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સનો ઉપયોગ કર્યો હતો અને પુષ્ટી કરી હતી કે આ હુમલો એક જટિલ સર્વર ઉલ્લંઘનનું પરિણામ હતું, જે ગ્રાહકોની સંપત્તિ રાખતા વોલેટ પર નહી પરંતુ એક આંતરિક વોલેટને લક્ષ્ય બનાવવામાં આવ્યું હતું. આ ઘટના સૌપ્રથમ બ્લોકચેન તપાસકર્તા ઝેકએક્સબીટી દ્વારા નોંધાઈ હતી, ત્યારબાદ એક્સચેન્જે આ ખુલાસો જાહેર કર્યો હતો.

ગુપ્તાએ જણાવ્યું હતું કે આજે અમારા આંતરિક ઓપરેશનલ એકાઉન્ટ્સમાંથી એક જે ફક્ત ભાગીદાર એક્સચેન્જ પર લિક્વિડિટી પ્રોવિઝનિંગ માટે ઉપયોગમાં લેવાય છે એક અત્યાધુનિક સર્વર ભંગને કારણે ચેડા કરવામાં આવ્યા હતા. હું પુષ્ટી કરું છું કે ગ્રાહક સંપત્તિનો સંગ્રહ કરવા માટે ઉપયોગમાં લેવાતા વોલેટ્સ પર કોઈ અસર થઈ નથી અને તે સંપૂર્ણપણે સલામત છે. આનાથી અમારા ગ્રાહકોને કોઈ નુકસાન થશે નહીં. અમારી ટ્રેઝરી સંપત્તિમાંથી કુલ ૪૪ મિલ્યન ડૉલરનું નુકસાન થયું હતું. કોઈનડીસીએક્સ ટ્રેઝરી આ નુકસાન ભોગવશે.

ભારતીય કમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમને આ ઘટના વિશે જાણ કરવામાં આવી છે. બે વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત સુરક્ષા એજન્સીઓ સાથે વિગતવાર ફોરેન્સિક તપાસ કરવામાં આવી રહી છે અને જાહેર લાભ માટે અહેવાલો શેર કરવામાં આવશે. કંપનીએ કહ્યું કે અમારી સેવાઓ સંપૂર્ણપણે કાર્યરત રહે છે. ટ્રેડિંગ પ્રવૃત્તિ, આઇએનઆર ડિપોઝિટ અને આઇએનઆર ઉપાડ કરી શકાય છે.

સોશ્યલ મીડિયા પણ લોકોએ પ્રતિક્રિયા આપી હતી. કેટલાક લોકોએ નુકસાન ભોગવવા બદલ કંપનીની પ્રશંસા કરી હતી, જ્યારે અન્ય લોકોએ ભારતમાં ક્રિપ્ટો પ્લેટફોર્મની વ્યાપક સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ■

### જગન મોહન રેડ્ડીને

આ રકમ વિજય સાઈ રેડ્ડી (આરોપી નંબર ૫), મિધુન રેડ્ડી (આરોપી નંબર ૪) અને બાલાજી (આરોપી નંબર ૩૩) ને આપવામાં આવતી હતી, જેમણે અંતે તે રકમ ભૂતપૂર્વ મુખ્યપ્રધાન વાયએસ જગન મોહન રેડ્ડી સુધી પહોંચાડતા હતા. દર મહિને સરેરાશ ૫૦-૬૦ કરોડ રૂપિયા એકઠા કરવામાં આવતા હતા. આ વાત એક સાક્ષીના નિવેદનથી પણ સાબિત થઈ છે.

તેમાં એવો પણ આરોપ લગાવવામાં આવ્યો હતો કે રાજશેખર રેડ્ડી સમગ્ર કૌભાંડનો 'માસ્ટરમાઇન્ડ અને સહ-કાવતરાખોર' હતો. તેણે એક્સાઇઝ પોલિસી બદલી અને ઓર્ડર ફોર સપ્લાય (ઓએફએસ) ની ઓટોમેટિક સિસ્ટમને હટાવીને મેન્યુઅલ પ્રક્રિયા લાગુ કરી હતી. તેણે આંધ્ર પ્રદેશ સ્ટેટ બેવરેજીસ કોર્પોરેશન લિમિટેડમાં તેના વિશ્વાસુ લોકોની નિમણૂક પણ કરી હતી.

રાજશેખર રેડ્ડીએ કથિત રીતે નકલી ડિસ્ટિલરી બનાવી અને બાલાજી ગોવિંદપ્પા નામના આરોપી મારફતે જગનને લાંચ પહોંચાડી હતી. તેમણે ભૂતપૂર્વ ધારાસભ્ય ચેવિરેડ્ડી ભાસ્કર રેડ્ડી સાથે મળીને ચૂંટણીમાં વાયએસઆરસીપીને ૨૫૦ થી ૩૦૦ કરોડ રૂપિયા રોકડા આપ્યા હતા. આ રકમ ૩૦થી વધુ નકલી કંપનીઓ દ્વારા લોન્ડર કરવામાં આવી હતી અને વિદેશમાં જમીન, સોના અને મોંઘી મિલકતોમાં રોકાણ કરવામાં આવ્યું હતું. કેટલાક રોકાણ દુબઈ અને આફ્રિકામાં પણ કરવામાં આવ્યા હતા.

પોલીસનો દાવો છે કે વાયએસઆરસીપી સરકાર દરમિયાન આરોપીઓએ બજારમાં નવી દારૂ બ્રાન્ડ્સ રજૂ કરી હતી જેથી તેઓ સપ્લાય અને વેચાણ પર સંપૂર્ણ નિયંત્રણ રાખી શકે અને ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન જંગી કમિશન વસૂલતા હતા. ચાર્જશીટમાં જણાવાયું છે કે, "આરોપીઓએ મળીને એક્સાઇઝ નીતિ અને તેની પ્રક્રિયામાં ફેરફાર કર્યો જેથી તેઓ ભારે કમિશન મેળવી શકે. આ કમિશનનો મોટાભાગનો ભાગ રોકડ અને સોનાના રૂપમાં લેવામાં આવ્યો હતો." તપાસ દરમિયાન એ પણ બહાર આવ્યું કે આરોપીઓએ જાણી જોઈને તે બ્રાન્ડ્સ / ડિસ્ટિલરીઓને ઓએફએસ મંજૂર કર્યા ન હતા જે લાંચ આપતા ન હતા.

આ કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે શનિવારે વાયએસઆરસીપી લોકસભા સાંસદ પીવી મિધુન રેડ્ડીની પૂછપરછ બાદ ધરપકડ કરી હતી. મે મહિનામાં શરૂઆતમાં ઈડીએ દારૂ કૌભાંડના સંદર્ભમાં મની લોન્ડરિંગનો કેસ પણ નોંધ્યો હતો. ■

### એક પત્ની, બે પતિ

કે અમને તેના પર ગર્વ છે અને આ સંયુક્ત નિર્ણય હતો.

વિદેશમાં કામ કરી રહેલા કપિલે કહ્યું હતું કે અમે એક સંયુક્ત પરિવારના રૂપમાં અમારી પત્ની માટે સમર્થન, સ્થિરતા અને પ્રેમ સુનિશ્ચિત કરી રહ્યા છીએ. અમે હંમેશા પારદર્શિતામાં વિશ્વાસ કરીએ છીએ. ૧૨ જૂલાઈથી શરૂ થયેલા ત્રણ દિવસીય લગ્નમાં સેંકડો લોકો હાજર રહ્યા હતા અને સ્થાનિક લોકગીતો અને નૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા છે.

કુન્હાટ ગામની રહેવાસી સુનિતાએ કહ્યું હતું કે તે આ પરંપરાને જાણતી હતી અને તેણે પોતાની મરજીથી લગ્ન કર્યા છે. તેણીએ કહ્યું હતું કે તે તેમની વચ્ચે બંધાયેલા બંધનનું સન્માન કરે છે. હિમાચલ પ્રદેશમાં બહુપતિત્વ પ્રથાને 'જોડીદારા' હેઠળ માન્યતા આપવામાં આવી છે.

હિમાચલ પ્રદેશના મહેસૂલ કાયદાઓ આવા લગ્નોને જોડીદારા શબ્દ હેઠળ માન્યતા આપે છે. પીટીઆઈના રિપોર્ટ અનુસાર, આ ક્ષેત્રના બધાના ગામમાં છેલ્લા છ વર્ષમાં ઓછામાં ઓછા પાંચ આવા બહુપતિત્વ લગ્નો નોંધાયા છે. હટ્ટી સમુદાય જેને ૨૦૨૨માં અનુસૂચિત જનજાતિનો દરજ્જો મળ્યો હતો. આ સમુદાય મુખ્યત્વે હિમાચલ પ્રદેશ-ઉત્તરાખંડ સરહદ પર રહે છે.

ઐતિહાસિક રીતે આ પ્રદેશમાં બહુપતિત્વ અસ્તિત્વમાં છે, જોકે વધતી સાક્ષરતા, સામાજિક પરિવર્તન અને આર્થિક વિકાસને કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં તેનો વ્યાપ ઘટ્યો છે. જોકે આજે આવા લગ્ન ઓછા સામાન્ય છે, ત્યારે ગામના વડીલોએ જણાવ્યું હતું કે તે ગુપ્ત રીતે થતા રહે છે અને સમુદાયના કેટલાક ભાગોમાં સામાજિક રીતે સ્વીકાર્ય છે.

ટ્રાન્સ-ગિરી પ્રદેશના લગભગ ૪૫૦ ગામોમાં હટ્ટી સમુદાયના અંદાજે ત્રણ લાખ સભ્યો રહે છે. આ પ્રકારની પરંપરાઓ ઉત્તરાખંડમાં જૌનસાર બાબર અને હિમાચલ પ્રદેશના કિન્નૌર જેવા પડોશી આદિવાસી વિસ્તારોમાં જોવા મળતી હતી.

કેન્દ્રીય હટ્ટી સમિતિના મહામંત્રી કુંદન સિંહ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે દૂરના પહાડી પ્રદેશોમાં સામાજિક-આર્થિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને હજારો વર્ષોથી આ રિવાજ વિકસિત થયો છે. તેમણે કહ્યું હતું કે બહુપતિત્વ સંયુક્ત પરિવારોમાં એટલે સુધી કે સાવકા ભાઈઓ વચ્ચે પણ એકતા જાળવવામાં મદદ કરે છે અને તેને સામૂહિક સુરક્ષા સુનિશ્ચિત કરવાના સાધન તરીકે પણ જોવામાં આવે છે. શાસ્ત્રીએ ઉમેર્યું હતું કે જો તમારો પરિવાર મોટો હોય, વધુ પુરુષો હોય તો તમે આદિવાસી સમાજમાં વધુ સુરક્ષિત છો. તેમણે ઉમેર્યું હતું કે આવી વ્યવસ્થા વ્યાપકપણે ફેલાયેલી ખેતીની જમીનનું સંચાલન કરવા માટે પણ વ્યવહારુ હતી, જેના માટે પરિવારના સભ્યો તરફથી લાંબા ગાળાની સંભાળ અને શ્રમની જરૂર પડે છે. ■

# કીર્તિ પટેલને જેલમાં જ રહેવું પડશે, એક મહિનામાં બે વાર જામીન અરજી નામંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોશ્યિલ મીડિયા ઇન્ફલુએન્સર કીર્તિ પટેલની બિલ્ડર પાસેથી ૩૦ લાખની ખંડણી માગવાના કેસમાં ગત ૧૭ જૂન, ૨૦૨૫ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. કીર્તિ પટેલની અગાઉ પણ બે વાર ધરપકડ થઈ ચૂકી છે અને જેલની હવા ખાઈ ચૂકી છે. જોકે ત્યારે તે સરળતાથી જામીન પર છૂટીને બહાર આવી ગઈ હતી. પરંતુ હવે કીર્તિ પટેલ સામે ૧૦ જેટલા ગુના નોંધાઈ ચૂક્યા છે અને હાલ જેલમાં છે. હવે બહાર રીતસર હવાતિયાં મારી રહી છે. કેમ કે છેલ્લા એક મહિનામાં બે કેસમાં જામીન અરજી કરી હતી અને બંને અરજી કોર્ટે નામંજૂર કરી હતી.

મળતી માહિતી મુજબ, થોડા દિવસ પહેલા જ ખંડણી પ્રકરણમાં વરાછા પોલીસે કીર્તિની ધરપકડ કરીને જેલમાં મોકલી આપી હતી. જેમાં તેણીએ કરેલી જામીન અરજી નામંજૂર થઈ હતી. ત્યારબાદ ૧૩ જુલાઈએ કીર્તિએ વકીલ મારફતે બિનજામીનપાત્ર વોરંટના કેસમાં પણ હાજર થઇને આ વોરંટ રદ્દ કરાવવા સાથે જામીન માગ્યા હતા. સરકારી વકીલ ભરતસિંહ ચાવડાએ દલીલો કરી હતી કે, આરોપી પોતાનું સરનામું બદલાવતી રહે છે અને ગુનાહિત ઇતિહાસ ધરાવે છે.

જો જામીન ઉપર મુક્ત કરાશે તો આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેશે નહીં અને ટ્રાયલ લંબાયા કરશે. કોર્ટે બંને પક્ષોની દલીલો બાદ આરોપી કીર્તિ પટેલના જામીન નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કેસ સુરતના કાપોદ્રામાં રહેતા બિલ્ડરના ઉમરા-વેલંજાના પ્રોજેક્ટમાં વિજય મનજી સવાણીએ ૨૦૧૫-૧૬માં એક મકાન બુક કરાવ્યું હતું અને પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. જોકે બાદમાં તે કેન્સલ કરી સાત લાખની માગણી કરી હતી. કોરોનાને કારણે નાણાં નહીં આપી શકેલા વજુ કાત્રોડીયા નામના બિલ્ડરની સોશ્યલ મીડિયામાં ગાળો ભાંડી બદનામી કરી ૩૦ લાખની ખંડણી માગતા તેમણે વિજય સવાણી વિરુદ્ધ કામરેજ, સરથાણામાં બે ગુના નોંધાવી કોર્ટમાં દાવો પણ કર્યો હતો. કોર્ટમાં કરેલા દાવો બોર્ડ પર આવતાં વિજય પટેલનું ઉપરાણું લઈ કીર્તિ પટેલે ઝંપલાવ્યું હતું. ■

# અમદાવાદમાં શહેર ટ્રાફિક પોલીસે એક મહિનામાં ૭૭,૫૦,૮૦૦ રૂપિયાનો દંડ વસૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં અનેક વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરતા નથી હોતા! જેથી ટ્રાફિક પોલીસ દ્વારા આ લોકોને દંડ ફટકારવામાં આવતો હોય છે. અમદાવાદ ટ્રાફિસ પોલીસ દ્વારા તારીખ ૧૭ જૂન ૨૦૨૫ થી ૧૯ જુલાઈ ૨૦૨૨ સુધીમાં રોંગ સાઈડ ડ્રાઈવના કુલ ૪૬૯૮ કેસ કરવામાં આવ્યાં હતા. આ કેસ દ્વારા ટ્રાફિસ પોલીસ દ્વારા તારીખ ૧૭મી જૂનથી ૧૯મી જુલાઈ સુધીમાં ૭૭,૫૦,૮૦૦ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. રોંગ સાઈડ ડ્રાઈવિંગ કરતા લોકો વિરુદ્ધ પોલીસે હવે લાલ આંખ કરીને કાર્યવાહી શરૂ કરી છે.

શહેરમાં રોંગ સાઈડ ડ્રાઈવિંગ કરતા વાહન ચાલકો સામે પોલીસે ડ્રાઈવ શરૂ કરી હતી, જેમાં બાઈક, રિક્ષા અને ગાડીઓને લઈને ચાલતા વાહનચાલકો પર અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસની સતત નજર રહેતી હોય છે. આ દંડ વસૂલ કર્યા બાદ ટ્રાફિક પોલીસે અમદાવાદના શહેરીજનોને વિનંતી કરતા ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે અપીલ કરી છે. ટ્રાફિકના નિયમોનું પાલન કરવું એ આપણી સુરક્ષાનો એક ભાગ છે, જેથી દરેક વાહલચાલકોએ ટ્રાફિકના નિયમોનું પાલન અવશ્ય કરવું જોઈએ. ■

# ચૈતર વસાવાએ જામીન માટે હાઈ કોર્ટના દ્વાર ખટખટાવ્યા

## અગાઉ મેજિસ્ટ્રેટ કોર્ટ અને સેશન્સ કોર્ટમાંથી જામીન નહોતા આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવાને અપશબ્દો બોલી માર મારવાના કેસમાં આમ આદમી પાર્ટી (આપ)ના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ આખરે ગુજરાત હાઈ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. આ કેસમાં અગાઉ મેજિસ્ટ્રેટ કોર્ટ અને સેશન્સ કોર્ટમાંથી જામીન ન મળતાં, આપના સ્થાનિક ધારાસભ્ય ચૈતર વસાવાએ હવે જામીન મેળવવા માટે ગુજરાત હાઈ કોર્ટમાં અરજી કરી હતી.

આ કેસમાં ફરિયાદ પક્ષના આક્ષેપો અનુસાર, થોડા દિવસો પહેલાં ડેડિયાપાડા પ્રાંત ઓફિસરની કચેરી ખાતે એટીવીટી (એટીવીટી)ની બેઠક મળી હતી. આ બેઠકમાં સરકારી અધિકારીઓ, હોદ્દેદારો ઉપરાંત આપના ધારાસભ્ય ચૈતર વસાવા પણ હાજર હતા. તે સમયે, કમિટીમાં તેમના સભ્યોનો સમાવેશ ન થતાં ચૈતર વસાવા ઉશ્કેરાઈ ગયા હતા અને તેમણે સાગબારા તાલુકા પંચાયતના મહિલા પ્રમુખને ગાળો આપી હતી. આ ઉપરાંત, તેમણે ડેડિયાપાડા તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવાને કાચનો ગ્લાસ છુટ્ટો મારી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

આ બનાવને પગલે, સંજય વસાવાએ ડેડિયાપાડા પોલીસમથકમાં આપના ધારાસભ્ય ચૈતર વસાવા વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરાવી હતી. પોલીસે આ ગુનામાં બાદમાં ચૈતર વસાવાની ધરપકડ કરી હતી. આથી, ચૈતર વસાવા તરફથી નીચલી કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી. જોકે, મેજિસ્ટ્રેટ કોર્ટ અને સેશન્સ કોર્ટે ચૈતર વસાવાને જામીન આપવાનો સાફ ઇનકાર કરી દીધો હતો, જેને પગલે, હવે ચૈતર વસાવાએ ગુજરાત હાઈ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. આ અરજીની સુનાવણી આગામી સપ્તાહમાં હાથ ધરાય તેવી શક્યતા છે. ■

# રાજ્યના ૨૬૭ પેટ્રોલ-ડીઝલ પંપ પર તોલમાપ તંત્રના દરોડાઃ ૧૬ પંપ પર ગેરરીતિ જણાતાં દંડ વસૂલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના તોલમાપ તંત્ર દ્વારા ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને ગત તા. ૧૮ અને ૧૯ જુલાઈના રોજ એક વિશેષ રાજ્યવ્યાપી ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય ઝુંબેશ અંતર્ગત રાજ્યના તમામ ૩૩ જિલ્લાના શહેરો અને હાઈવે પર આવેલા કુલ ૨૬૭ પેટ્રોલ-ડીઝલ પંપ ઉપર આકસ્મિક દરોડા પાડીને સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન, ૧૬ જેટલા પેટ્રોલ-ડીઝલ પંપ પર ગંભીર ગેરરીતિઓ જણાતાં, તોલમાપ તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી કરીને દંડ વસૂલવામાં આવ્યો હોવાનું ગાંધીનગર સ્થિત તોલમાપ તંત્રની યાદીમાં જણાવાયું છે.

**ગેરરીતિ આચરનારા પંપ પર કાયદાનો સકંજો**

નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલી આ સામૂહિક ઝુંબેશમાં, રાજ્યના વિવિધ જિલ્લાઓમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જે ૧૬ પેટ્રોલ-ડિઝલ પંપ પર ગેરરીતિ નોંધાઈ છે તેમાં અમદાવાદ જિલ્લાના ત્રણ, પંચમહાલના બે, તેમ જ વડોદરા, સુરત, કચ્છ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, હિંમતનગર-સાબરકાંઠા અને મોરબી જિલ્લાના ૧-૧ પંપનો સમાવેશ થાય છે.

આ ઝુંબેશ દરમિયાન, તોલમાપ તંત્રના નાયબ નિયંત્રક, મદદનીશ નિયંત્રક અને ઈન્સ્પેક્ટરો દ્વારા પેટ્રોલ-ડીઝલ પંપ ખાતે કાયદા અને નિયમોની જોગવાઈઓનો ભંગ કરતા પંપો સામે પગલાં લેવામાં આવ્યા હતા. ગેરરીતિ આચરનારા આ પંપો પાસેથી દંડ વસૂલવાની કાર્યવાહી પણ કરવામાં આવી છે. આ અંગે વધુ તપાસની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

તપાસણી દરમિયાન અનેક પ્રકારની ગેરરીતિઓ સામે આવી હતી, જેમાં મુખ્યત્વે નીચેની ખામીઓ જોવા મળી હતી.

(૧) ડિલિવરી તપાસવા માટે સ્ટાન્ડર્ડ કેપેસિટી મેજર ન રાખવુંઃ ઘણા પંપ પર પેટ્રોલ-ડીઝલના જથ્થાની યોગ્યતા તપાસવા માટે જરૂરી માપદંડ ઉપલબ્ધ નહોતા.

(૨) કેપેસિટી મેજર અને ડિસ્પેન્સિંગ યુનિટનું ફેરચકાસણી/મુદ્રાંકન ન કરાવવુંઃ નિયમિત સમયગાળે માપવાના સાધનો અને ફ્યુઅલ ડિસ્પેન્સિંગ યુનિટ્સની ચકાસણી અને પ્રમાણીકરણ કરાવવું ફરજિયાત હોય છે, જે ઘણા પંપ પર કરાયું નહોતું.

(૩) ખરાઈ પ્રમાણપત્ર પ્રદર્શિત ન કરવુંઃ ગ્રાહકોની જાણ માટે અને પારદર્શિતા જાળવવા માટે પંપ પર પ્રમાણપત્રો પ્રદર્શિત કરવાના હોય છે, જેનું પણ પાલન થયું નહોતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, તોલમાપ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી આ રાજ્યવ્યાપી ઝુંબેશનો મુખ્ય હેતુ ગ્રાહકોના હિતનું રક્ષણ કરવાનો છે. દૈનિક જરૂરિયાતો પૂરી કરવા કે મુસાફરી દરમિયાન ગ્રાહકો મોટા પ્રમાણમાં પેટ્રોલ-ડીઝલ ખરીદતા હોય છે અને ઘણી વખત તેમને છેતરપિંડીનો ભોગ બનવું પડતું હોય છે. આવા બનાવો અટકે અને ગ્રાહકો પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થાય, છેતરાતા અટકે તેવા વિશાળ ગ્રાહક સુરક્ષાના હેતુથી કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આનાથી રાજ્યના પેટ્રોલ-ડીઝલ પંપ પર કાયદા અને નિયમોની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરી શકાશે. ■

# રાજ્યના કુલ ૨૧ જિલ્લાના ૧૦૬ તાલુકામાં મેઘમહેરઃ જૂનાગઢના માંગરોળમાં સૌથી વધુ ૩.૫૪ ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ૧૩ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ થયો હતો. સૌથી વધુ જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં ૯૦ મિ.મી એટલે કે ૩.૫૪ ઇંચ વરસાદ નોંધાયો હતો. ત્યાર બાદ જામનગરના જોડિયા તાલુકામાં ૩.૦૩ ઇંચ, જૂનાગઢ શહેર અને તાલુકામાં ૨.૬૪ ઇંચ, ભચાઉમાં ૧.૬ ઇંચ, સિહોરમાં ૧.૬૫ અને સૂત્રાપાડા તથા વંથલીમાં ૧.૩૫ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત માળિયા હાટીનામાં ૧.૩ ઇંચ, કેશોદમાં ૧.૨૬ ઇંચ, જામજોધપુર અને ટાંકરામાં ૧.૦૬ ઇંચ વરસાદ નોંધાયો હતો.

ગુજરાતના કુલ ૧૦૬ તાલુકાઓમાંથી મોટા ભાગના તાલુકાઓમાં મધ્યમ વરસાદ નોંધાયો હતો. ધ્રોલ, માણાવદર અને રાધણપુરમાં ૧૯ મિમી જેટલો વરસાદ થયો હતો. કેટલાક વિસ્તારો જેમકે વડગામ, ગોંડલ, કાંકરેજ, ધોરાજી અને લાલપુરમાં આઠ થી ત્રણ મિમી વચ્ચે વરસાદ થયો હતો. જ્યારે નવસારી, પાટણ, સુરત સહિત અનેક તાલુકાઓમાં માત્ર એક મિમી કે તેથી ઓછો વરસાદ નોંધાયો હતો. ■

# સુરતમાં મિલોના કેમિકલયુક્ત પાણી મામલે ધારાસભ્ય મનુ પટેલનો બળાપો

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરતઃ સુરતમાં સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્ય મનુ પટેલે પાણી મુદ્દે ધારદાર રજૂઆતો કરી હતી. ધારાસભ્ય મનુ પટેલનું કહેવું છે કે, સુરત મ્યુન્સિપલ કોર્પોરેશન અને જીપીસીબીના અધિકારીઓ પોતાની જવાબદારીથી ભાગી રહ્યાં છે, તેના કારણે કેમિકલ યુકત પાણી છોડાઈ રહ્યું છે. સંકલન સમિતિની બેઠકમાં તપેલા ડાઇંગ મિલના કેમિકલયુક્ત પાણી મુદ્દે ધારાસભ્યે રજૂઆત કરી અને બળાપો ઠાલવ્યો હતો.

ધારાસભ્ય મનુ પટેલે કહ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા કાર્યવાહી કરે છે પરંતુ આ મિલને લાઇસન્સ તો જીપીસીબી આપે છે. અત્યારે સુધીમાં ૧૦૦થી પણ વધારે મિલોને સીલ મારવામાં આવ્યું છે. તપેલા ડાઇંગ મિલના કેમિકલયુક્ત પાણીના કારણે લોકોનું સ્વાસ્થ્ય ખરાબ થઈ રહ્યું છે. જેથી આ મિલોને એક નિયમ મુજબ એનઓસી આપવામાં આવે તેવી ધારાસભ્ય દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. ધારાસભ્યની રજૂઆત બાદ સુરતના કલેક્ટરે આ મામલે કામગીરી કરવા માટે આદેશ આપી દીધા હતાં. ■

# અમદાવાદ એરપોર્ટ પરથી કરોડોની ઈલેક્ટ્રોનિક વસ્તુઓ અને રોકડ રકમ સાથે એક મહિલા ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી દાણચોરીનો પર્દાફાશ થયો છે. એરપોર્ટ ઇન્ટેલિજન્સ યુનિટે શારજાહથી અમદાવાદ આવેલી એક મહિલા મુસાફર પાસેથી રૂપિયા ૪૫ લાખની બિનહિસાબી રોકડ અને કરોડો રૂપિયાના મૂલ્યના અત્યાધુનિક ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણોનો જથ્થો જપ્ત કર્યો છે. એરપોર્ટ ઇન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓને આ મહિલા શંકાસ્પદ લાગી હોવાથી તેની તપાસ કરી હતી. તપાસ દરમિયાન સમગ્ર બાબતનો પર્દાફાશ થયો હતો.

આ મહિલા મહારાષ્ટ્રના ઉલ્હાસનગરની રહેવાસી છે. તેની પાસેથી આઇફોન, એપલ વોચ, પ્રીમિયમ લેપટોપ અને હાઇ વેલ્યૂ ડિવાઇસ કેસ સહિતના ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓ મળી આવી હતી. આ વસ્તુઓ માટે કસ્ટમ્સમાં કોઈ પણ પ્રકારનું ડિકલેરેશન કરવામાં નહોતું આવ્યું. ઈલેક્ટ્રોનિક્સની વસ્તુઓ સાથે કુલ ૪૫ લાખ રૂપિયા રોકડા પણ મળી આવ્યાં હતાં. જેથી રૂપિયા અને તમામ વસ્તુઓ જપ્ત કરીને તાત્કાલિક તેની અટકાયત કરવામાં આવી હતી. આ રેકેટમાં એરપોર્ટના અન્ય અધિકારીઓ કે કોઈ અન્ય વ્યક્તિ સામેલ છે કે કેમ? તે મામલે તપાસ શરૂ કરવામાં આવી હતી. ■

# ગુજરાતમાં પાંચ વર્ષમાં મલેરિયા, ડેન્ગ્યૂ, ચિકનગુનિયાના ૫૮૦૦૦ કેસ

## મચ્છરજન્ય રોગચાળો વકરવાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાના આગમન સાથે જ મચ્છરજન્ય બીમારીના કેસમાં પણ વધારો થાય છે. આ વર્ષે પણ મચ્છરજન્ય રોગચાળો વકરે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. મળતી વિગત મુજબ છેલ્લા ૫ વર્ષમાં ગુજરાતમાં મેલેરિયાના ૧૮૮૪૦, ડેન્ગ્યૂના ૩૩૧૦૪ અને ચિકનગુનિયાના ૬૩૬૯ કેસ નોંધાઈ ચૂક્યા છે.

વર્ષ ૨૦૨૧થી મે ૨૦૨૫ સુધી ગુજરાતમાં ડેન્ગ્યુથી ૩૪નાં મૃત્યુ થયાં છે. બીજી તરફ ગુજરાતના આરોગ્ય વિભાગના દાવા પ્રમાણે વર્ષ ૨૦૨૩થી છેલ્લાં ૩ વર્ષમાં રાજ્યના નાગરિકોના કુલ ૪.૪૮ કરોડ કરતાં વધુ લોહીના નમૂના અને ૪.૪૬ લાખ કરતાં વધુ સીરમના સેમ્પલ લઈને તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ૮૯૫૬ મલેરિયાના કેસ, ૧૫૮૪૧ ડેન્ગ્યૂના કેસ અને ૧૩૪૫ જેટલા ચિકનગુનિયાના કેસ નોંધાયા હતા.

વર્ષ ૨૦૨૫માં છેલ્લા ૨૮ સપ્તાહમાં ૯૨.૮૬ લાખથી વધુ લોહીના નમૂના લેવામાં આવ્યા હતા. જેમાંથી ૮૬૦ કેસ મલેરિયાના નોંધાયા હતા. જેને કારણે ૪૦ નાગરિકોનાં મૃત્યુ થયાં હતાં. જ્યારે ડેન્ગ્યૂ તપાસ માટે ૬૭ હજારથી વધુ સીરમ લેવામાં આવ્યા હતા જેમાંથી ૭૨૮ કેસ ડેન્ગ્યૂના તેમજ ૧૩૦ કેસ ચિકનગુનિયાના નોંધાયા હતા.

આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે, વાહક જન્ય રોગોની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ રહે તે માટે અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે મલેરિયા માટે સંવેદનશીલ ૨૧ જિલ્લાનાં ૧૯૬ ગામોની અંદાજે ૨.૦૪ લાખની વસ્તીને જંતુનાશક દવા છંટકાવનો પ્રથમ રાઉન્ડ પૂરો થયો છે. બીજા રાઉન્ડની કામગીરી પહેલી ઓગસ્ટથી શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ચોમાસાની ઋતુ દરમિયાન વાહકજન્ય રોગો માટે સંવેદનશીલ જણાતા વિસ્તારોમાં પોરાનાશક અને તાવ સર્વેલન્સની કામગીરી સઘન રીતે હાથ ધરવા ૨,૪૬૦ વ્યક્તિઓ સાથેની કુલ ૪૯૨ વેક્ટર કંટ્રોલ ટીમ મૂકવામાં આવી છે. ■

# એર ઈન્ડિયા પ્લેન દુર્ઘટનામાં ચોંકાવનારો ખુલાસો, વિમાનના પાછળના ભાગમાં આગના નિશાન મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં એર ઇન્ડિયાનું પ્લેન ક્રેશ થયું હતું. આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો ઓફ ઇન્ડિયાની તપાસમાં એક નવો ચોંકાવનારો ખુલાસો થયો છે. પ્લેનના પાછળના ભાગના કાટમાળમાં મર્યાદિત ઇલેક્ટ્રિકલ આગના નિશાન મળી આવ્યાં હોવાનું જાણવા મળ્યું છે. આશ્ચર્યની વાત છે કે તે પ્લેન ક્રેશનું મુખ્ય કારણ હોઈ શકે છે. પ્રારંભિક અહેવાલ પ્રમાણે વિમાન ઉડાન ભર્યાના માત્ર ત્રણ સેકન્ડ પછી બંને એન્જિનની ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ રન પોઝિશનથી કટઓફ પોઝિશન પર ખસી ગઈ હતી.

તપાસકર્તાઓ માની રહ્યા છે કે, ઇલેક્ટ્રિકલ સિસ્ટમમાં ખામીને કારણે એન્જિન કંટ્રોલ યુનિટે ખોટો ડેટા મોકલવામાં આવ્યો હતો, જેના પરિણામે ઇંધણ પુરવઠો બંધ થયો હશે. વિમાનના પાછળના ભાગમાં સ્થિત સહાયક પાવર યુનિટ અકબંધ મળી આવ્યું હતું, પરંતુ પાછળના બ્લેક બોક્સને વ્યાપક નુકસાન થયું હતું, જેના કારણે ડેટા કાઢવાનું મુશ્કેલ બન્યું હતું.

પ્લેનના પાછલા ભાગના કાટમાળમાંથી મળેલા એપીયુ, ટ્રાન્સડ્યુસર્સ અને રડર્સ સાચવવામાં આવ્યા છે જેથી તેનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવશે. તપાસ અધિકારીનું કહેવું એવું છે કે, ફ્લાઇટ દરમિયાન ઇલેક્ટ્રિકલ સિસ્ટમમાં ખામીને કારણે સેન્સર ડેટામાં ખલેલ પડી હોત, જેના કારણે ઈસીયુએ એન્જિનને ખોટો આદેશ મોકલ્યો હતો. જેથી રેમ એર ટર્બાઇન તૈનાત કરવામાં આવ્યું હતું. જે ઇલેક્ટ્રિકલ નિષ્ફળતા દરમિયાન કટોકટી શક્તિ પ્રદાન કરે છે, પરંતુ પ્લેનની ઊંચાઈ ઓછી હતી જેના કારણે પાઇલટ્સને સુરક્ષિત રીતે ઉતરાણ કરવાનો સમય નહીં મળ્યો હોય. ■

# સુરતની મ્યુનિ. શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં ૫૬૫ શિક્ષકોની ઘટ સામે ૧૬૫ વિદ્યા સહાયકોની ભરતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મ્યુનિ.કોર્પોરેશન સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં સત્ર શરૂ થયું ને એક મહિના કરતાં વધુ સમય થઈ ગયો છે ત્યારે શિક્ષકોની ઘટ પૂરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા એક હજાર કરોડથી વધુનું બજેટ ધરાવે છે. તેમ છતાં સમિતમાં ૧૫૦૦ કાયમી શિક્ષકોની ઘટ છે.

શિક્ષકોની ભરતી માટે શિક્ષકોની ઘટ પૂરવા સાથી શિક્ષક અને જ્ઞાન સહાયકોનો સહારો લેવામાં આવી રહ્યો છે. તેના કારણે પણ શિક્ષકોની ઘટ પૂરી થતી નથી. હાલ થોડા દિવસો પહેલા ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયકની ભરતી કરવામાં આવી હતી. ભરતી કર્યા બાદ પણ ગુજરાતી માધ્યમમાં ૫૬૫ શિક્ષકોની ઘટ જોવા મળી રહી છે. તેની સામે ૧૬૫ શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. આ કારણે હજુ પણ કેટલીક શાળાઓમાં એક શિક્ષકે એક કરતાં વધુ વર્ગ લેવાની ફરજ પડી રહી છે. કામગીરીના ભારણ હેઠળ દબાયેલા શિક્ષકોની હાલત કફોડી બની છે.

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં બે લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને આ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે ૫૬૦૦ શિક્ષકોનું મહેકમ છે. જો કે, સમિતિના કાયમી શિક્ષકોની સંખ્યા ૪૧૦૦ ની આસપાસ છે અને તેમાંથી ઘણાં નજીકના દિવસોમાં નિવૃત્ત થવા પર છે. થોડા દિવસ પહેલાં ગુજરાતી સિવાયનાં અન્ય માધ્યમોમાં વિદ્યા સહાયક ભરતી મેળો કરાયો હતો. જેમાં ઉર્દૂ માધ્યમમાં સૌથી વધુ ૧૫૩ વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી હતી. જ્યારે હિન્દી માધ્યમમાં ૪૮, મરાઠી માધ્યમમાં ૪૫, અંગ્રેજી માધ્યમમાં ૨૮, ઉડીયા માધ્યમમાં ૧૩ વિદ્યા સહાયકો મળી ૨૮૭ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી હતી. ■

# અમદાવાદના ઈસનપુરમાં લંપટ શિક્ષક પર પોક્સો કલમ લગાડી જેલભેગો કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઈસનપુરમાં એક શિક્ષકે વિદ્યાર્થીની પર દાનત બગાડી હતી. પંકજગીરી નામના આ લંપટ શિક્ષકને પોક્સો કલમ હેઠળ ધરપકડ કરીને જેલભેગો કરાયો હતો. ઈસનપુર જેવા સંસ્કારી વિસ્તારમાં આ ઘટના બનતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ હતી.

મળતી વિગત મુજબ અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં રહેતા અને ઈસનપુરની વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલના પંકજગીરી નામક શિક્ષકે એક વિદ્યાર્થિનીને ટ્યૂશન આવીશ તો જ પાસ કરીશ તેવી લાલચ આપી હતી.

આ શિક્ષકે વિદ્યાર્થીની સાથે અડપલાં કર્યા હોવાનો આરોપ પણ લાગ્યો હતો. આ સમગ્ર ઘટનામાં ઈસનપુર પોલીસે સત્વરે કાર્યવાહી કરી હતી. પોલીસે લંપટ શિક્ષક પંકજગીરી પોક્સો કલમ લગાડીને તેની ધરપકડ કરી લીધી હતી. ધરપકડ બાદ આ શિક્ષકને જેલભેગો કરવામાં આવ્યો હતો. ■

# અરવલ્લીની ૮૦ ટકા દૂધ મંડળીઓ હજી પણ બંધ

## મોડાસામાં પશુપાલકોની બેઠક યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરવલ્લી જિલ્લામાં પશુપાલકોનો વિરોધ ચાલી રહ્યો છે. મોડાસાના સજાપુર-ટીંટીસરમાં એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી. આ બેઠકમાં અરવલ્લી જિલ્લાની ૬૬ દૂધ મંડળીઓના આગેવાનો હાજર રહ્યા હતા. જેમાં પશુપાલકો માગણીઓ મુદ્દે ફરી એકવાર સરકાર અને ડેરી સત્તાધીશો સામે અવાજ ઉઠાવ્યો હતો. પશુપાલકોની મુખ્ય માંગ કિલોફેટે ૨૦ ટકા નફો આપવો એવી છે. અત્યારે તે ભાવ છે તે પશુપાલકોને પોસાય તેવા નથી. જેથી આ માંગણી કરવામાં આવી છે. આ સાથે આંદોલન દરમિયાન ૭૪ પશુપાલકોની અટકાયત કરવામાં આવી હતી, તેમને બિનશરતે છોડી મૂકવાની પણ માગણી કરવામાં આવી હતી.

પશુપાલકોએ કરેલા વિરોધના કારણે અત્યારે જિલ્લાની ૮૦ ટકા દૂધ મંડળીઓ હજી પણ બંધ જ છે. દૂધ મંડળીઓ બંધ હોવાના કારણે દૂધ ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. પશુપાલકોની એ જ માંગ છે કે, જ્યાં સુધી માગણીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. પશુપાલકોના આંદોલનને કારણે દૂધની અછત સર્જાઈ રહી છે, જે સાબર ડેરી માટે ચિંતાનો વિષય છે. ■

# તાપી બ્રિજ સમારકામના કારણે બંધ, વૈકલ્પિક માર્ગે ટોલ ટેક્સ વસૂલાતા વાહનચાલકો નારાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં કામરેજ પાસે તાપી નદી પરના બ્રિજનું અત્યારે રિપેરિંગ કાર્ય ચાલી રહ્યું હોવાથી અમદાવાદ તરફથી સુરત અને બારડોલી તરફ જવા માંગતા વાહનચાલકોને નવા એક્સપ્રેસ-વે પર ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. પરંતુ આ ડાયવર્ઝન રૂટ પર એનએચએઆઈએ ટોલ વસૂલવાનું શરૂ કર્યું હોવાથી વાહનચાલકોમાં રોષે ભરાયા હતાં. અત્યારે વાહનચાલકોને મજબૂરીમાં આ એક્સપ્રેસ-વે પરથી પસાર થવું પડી રહ્યું છે.

આ એક્સપ્રેસ-વે એનએચએઆઈ દ્વારા કાર માટે એક તરફના ૯૫ અને એક દિવસમાં મલ્ટિપલ ફેરા માટે ૧૪૫ વસૂલવામાં આવશે. બસ જેવાં મોટાં વાહનો માટે ૩૨૫ સુધીનો ટોલ લેવાનું શરૂ કરવામાં આવ્યું છે. એક સપ્તાહ સુધી વાહનચાલકો કોઈ પણ ટોલ વગર એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થતાં હતા, પરંતુ હવે ટોલ લેવાનું શરૂ કરી દેવામા આવ્યું છે. આ એક્સપ્રેસ-વે પર હજી પાયાની સુવિધાઓ ના હોવા છતાં પણ ટોલ શરૂ કરવામાં આવ્યો હોવાથી વાહનચાલકો નારાજ થયા હતા. ■

# ૧૫ ઓગસ્ટની એચએસઆરપી ઈન્સ્ટોલેશનની સમયમર્યાદા પહેલા, કાર્યકરોનો ઉલ્લંઘન અને વધુ પડતા ચાર્જિંગનો ઉલ્લેખ

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે જૂનાં વાહનો પર હાઇ સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચએસઆરપી) લગાવવા માટે ૧૫ ઓગસ્ટ "અંતિમ સમયમર્યાદા" તરીકે નક્કી કરી છે, પરંતુ આ પ્રક્રિયામાં ચાલી રહેલા ઉલ્લંઘનો પ્રત્યે આંખ આડા કાન કર્યા છે, એમ કાર્યકરો અને ભૂતપૂર્વ પરિવહન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું.

હાઈ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ્સ વાહન ચોરીને અંકુશમાં લેવા માટે ટેમ્પર-પ્રૂફ અને તમામ રાજ્યોમાં પ્રમાણિત ડિઝાઇન કરવામાં આવી છે, પરંતુ કાર્યકરોએ ટેમ્પર-પ્રૂફ સ્નેપ લોકને બદલે સામાન્ય નટ અને બોલ્ટનો ઉપયોગ, પ્લેટોના ખોટા કદ, ખોટા રંગ કોડ, ઝાંખા મુળાક્ષરો વગેરે તરફ ધ્યાન દોર્યું, જે સુરક્ષાના પાસાઓને નિષ્ફળ બનાવે છે અને તેમને નુકસાન માટે સંવેદનશીલ પણ બનાવે છે.

મહારાષ્ટ્ર સરકારે એપ્રિલ ૨૦૧૯ પહેલા નોંધાયેલા અંદાજિત ૨.૧૦ કરોડ જૂનાં વાહનોમાં એચએસઆરપી લગાવવા માટે સેન્ટ્રલ મોટર વ્હિકલ રૂલ્સની કલમ ૫૦ મુજબ લાંબી ટેન્ડર પ્રક્રિયા પછી ત્રણ કંપનીઓની નિમણૂક કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, વાહન ઉત્પાદકોએ નોંધણી સમયે નવાં વાહનો માટે પણ આવું કરવું પડશે.

રાજ્ય સરકારે ડિસેમ્બર ૨૦૨૪માં જૂનાં વાહનો માટે એચએસઆરપી ફરજિયાત બનાવ્યું હતું, પરંતુ આ વર્ષની શરૂઆતમાં એક આંતરિક સમીક્ષા દર્શાવે છે કે એપ્રિલ ૨૦૧૯ પછી નોંધાયેલા ૧૦ લાખ નવાં વાહનોમાં હજુ સુધી એચએસઆરપી ફિટ કરાવવાના બાકી છે. કાર્યકર્તા વિજય કુંભારે, સોશ્યલ મીડિયા પરની એક પોસ્ટમાં, જણાવ્યું હતું કે તેમની પાસેથી એક ફ્રેમ માટે ૨૫૦ રૂપિયા "વળતર" લેવામાં આવ્યા હતા, રંગ કોડેડ સ્ટીકરો માટે ૧૫ કિલોમીટર દૂર મોકલવામાં આવ્યા હતા, અને ઉમેર્યું હતું કે આ એચએસઆરપી એક "સંપૂર્ણ કૌભાંડ" હતું.

જ્યારે સેન્ટ્રલ મોટર વ્હિકલ રૂલ્સ વિવિધ વાહન શ્રેણીઓ માટે ત્રણ પ્રમાણભૂત નંબર પ્લેટ કદને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા હોવા છતાં, તેના ઉલ્લંઘનો પુષ્કળ છે, જેના કારણે ભારે વાહનો પર નાની નંબર પ્લેટ જોવા મળે છે, કાર્યકરોએ ઉમેર્યું હતું કે વાહન પર પ્લેસમેન્ટ પણ આડેધડ છે, જેના કારણે દૃશ્યતા સમસ્યાઓ ઊભી થાય છે. નિયમ મુજબ મધ્યમ અને ભારે વાહનો માટે ૩૪૦ એમએમ, ૨૦૦ એમએમ પ્લેટ ફરજિયાત છે, પરંતુ ઘણાં વાહનોમાં ૫૦૦ એમએમ, ૧૨૦ એમએમ કદની એચએસઆરપી ફિટ કરવામાં આવે છે જે એલએમવી માટે હોય છે. રાજ્ય પરિવહન કમિશનર વિવેક ભીમનવરનો સંપર્ક કરવામાં આવતા તેમણે સ્વીકાર્યું હતું કે, ઓવરચાર્જિંગ અંગેની ફરિયાદો સમયાંતરે સામે આવે છે, અને ઉમેર્યું કે ૪૦ રેટ્રોફિટમેન્ટ સેન્ટરોને ઓવરચાર્જિંગ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

"લગભગ ૪૬ લાખ વાહન માલિકોએ આ પ્લેટો પહેલેથી જ લગાવી દીધી છે. મને નથી લાગતું કે આ કોઈ વ્યાપક સમસ્યાનો સંકેત આપે છે,"

ભીમનવરે ભારપૂર્વક જણાવ્યું. મહારાષ્ટ્રમાં વાહનોની વસ્તી ચાર કરોડથી વધુ છે. એચએસઆરપી ખાસ એલ્યુમિનિયમ એલોયથી બનેલા હોય છે અને તેમાં રેટ્રો-રિફ્લેક્ટિવ ફિલ્મ, ક્રોમિયમ-આધારિત અશોક ચક્ર હોલોગ્રામ, હોટ-સ્ટેમ્પ્ડ "આઇએનડી" અને ૧૦-અંકનો લેસર-બ્રાન્ડેડ યુનિક નંબરનો સમાવેશ થાય છે. ■

# અકસ્માતમાં મૃત્યુ પામેલા પાલિકાના કર્મચારીના પરિવારને ૩૯.૩ લાખ વળતર ચૂકવવાનો આદેશ

થાણે: થાણે જિલ્લામાં ૨૦૧૮માં અકસ્માતમાં મૃત્યુ પામેલા પાલિકાના ૩૮ વર્ષના કર્મચારીના પરિવારજનોને ૩૯.૩ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) આપ્યો હતો.

ટ્રિબ્યુનલે વીમા કંપની બજાજ એલાયન્સ જનરલ ઇન્શ્યૂરન્સ કંપની લિમિટેડને પહેલા વળતર ચૂકવી દેવાના નિર્દેશ આપ્યા હતા. એ સાથે જ જરૂર પડે તો વીમા માટેની શરતોના ઉલ્લંઘનના કારણસર અકસ્માતમાં સામેલ ટેમ્પો માલિક પાસેથી વળતરની રકમ મેળવવાની સ્વતંત્રતા પણ વીમાં કંપનીને આપી હતી.

થાણે પાલિકાના સફાઇ કર્મચારી તરીકે કામ કરનારો સુનીલ તુકારામ દળવી ૨૭ ડિસેમ્મબર, ૨૦૧૮ના રોજ મોટરસાઇકલ પર જઇ રહ્યો હતો ત્યારે ટેમ્પોએ તેની મોટરસાઇકલને ટક્કર મારી હતી, જેમાં દળવીનું મૃત્યુ થયું હતું. (પીટીઆઇ) ■

# ૨૦૧૯ના અકસ્માતના બે પીડિતને ૩૪ લાખનું વળતર આપવાનો થાણે એમએસીટીનો આદેશ

થાણે: થાણે જિલ્લામાં સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસને સંડોવતા ૨૦૧૯ના અકસ્માતના બે પીડિતને ૩૪ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) આદેશ આપ્યો છે.

પંદરમી જુલાઇએ આ આદેશ પસાર કરાયો હતો. લોનાવલા ખાતે થયેલા અકસ્માતમાં એક પીડિતનું મોત થયું હતું, જ્યારે બીજાને ગંભીર ઇજા થઇ હતી. બસ ડ્રાઇવરની બેદરકારીને કારણે આ અકસ્માત થયો હતો, એમ ટ્રિબ્યુનલે કહ્યું હતું.

મોટર વેહિકલ એક્ટની કલમ ૧૬૬ હેઠળ દાખલ કરાયેલી અલગ અલગ અરજીઓ પર પ્રિસાઇડિંગ ઓફિસર આર.વી. મોહિતેઆ આદેશ આપ્યો હતો.

ટ્રિબ્યુનલે અકસ્માતમાં મૃત્યુ પામેલા હેમંત સોનાવલે (૨૮)ના પરિવારજનોને ૨૧.૪ લાખ રૂપિયા, જ્યારે મોટરસાઇકલ પર પાછળ બેઠેલા અને ગંભીર ઇજા પામેલા અતુલ દેસાઇને ૧૨.૫૬ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. (પીટીઆઇ)

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

મોહનભાઈ મંગલદાસ પટેલના પુત્ર પ્રવીણભાઈ મોહનભાઈ પટેલ તે લીલાબેનના પતિ. તે સમીર અને વિનયના પિતા. હસુબેન અને હેમાબેનના ભાઈ તા. ૧૯-૭-૨૫ના અવસાન પામેલ છે. તેમનું બેસણું તા. ૨૧-૭-૨૫ના રાખેલ છે. તા. ૩૦-૭-૨૦૨૫ના તુલસીપૂજન સમય: ૩ થી ૫. સ્થળ: સરીબૂજરંગ, કોળીવાડ, અમલસાડ ખાતે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન નારાયણજી શીવજી અનમ કચ્છ ગામ ગઢશીશાવાળા હાલ મુલુંડના પુત્ર મહેન્દ્રભાઇ (ઉં. વ. ૬૬) તા. ૧૯-૭-૨૫ના શનિવારના શ્રીરામશરણ પામેલ છે. તે હિનાબેનના પતિ. તે સ્વ. રમાબેન, સ્વ. મધુરીબેન, લીલાવંતીબેન, અનીતાબેન, સ્વ. અર્જુનભાઇ કરસનદાસ, સ્વ. પ્રતાપભાઇ, રમેશભાઇના ભાઇ. તે લાલજી ડુંગરશી ધીરાવાણી કચ્છ ગામ ગઢશીશાવાળાના જમાઇ. તે રિદ્ધિબેન, ધાર્મીકભાઇના પિતાશ્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

ગામ ભંડારિયા (હાલ મુંબઇ-ઘાટકોપર) સ્વ. ચંદ્રકાંત છબીલશંકર ત્રિવેદીના સુપુત્ર રાજીવ ચંદ્રકાંત ત્રિવેદીના પત્ની મનીષા ત્રિવેદી, તે ત્રાપજ નિવાસી સ્વ. કનકબેન હસમુખભાઇ ત્રિવેદીના સપુત્રી તા. ૧૭-૭-૨૫ શુક્રવારના રણછોડરાય શરણ પામેલ છે. તે સ્વ. રાજેન્દ્ર, રમેશ, રોહીત, બિપીન, ભદ્રેશનાં નાનાભાઇનાં પત્ની. કલ્પના, બિંદુ, તૃપ્તિ, સ્વ. નીપા, આરતીના દેરાણી. તે રંજનબેન, સ્વ. બિંદુબેન, બીનાબેનનાં ભાભી. પ્રાર્થનાસભા તા. ૨૧-૭-૨૫ સોમવારના સાંજે ૫થી ૬. ઠે. બ્રાહ્મણ સમાજની વાડી, ૧લે માળે, જોષી લેન, ઘાટકોપર (ઇસ્ટ). બન્ને પક્ષની પ્રાર્થના સાથે રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા (હાલ કાંદિવલી) સ્વ. ભગવાનદાસ નરોતમદાસ વોરાના પુત્ર બાલકીશનદાસ (ઉં. વ. ૮૯) તા. ૨૦-૭-૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઠાકોરદાસ વોરાના નાના ભાઇ. કિશોર, રજનીકાંત તથા અલકા અજયભાઇ દોશીના પિતાશ્રી. મીરા તથા છાયાના સસરાજી. નિહિર, ચિંતન, રોહન તથા પાર્થના દાદા. શ્વસુર પક્ષે ભાદ્રોડવાળા સ્વ. દામોદર લક્ષ્મીદાસ પારેખના જમાઇ. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૨-૭-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. નિર્મલા હોલ, ઠાકુર કોમ્પ્લેક્સ, ૯૦ ફીટ રોડ, આશા નગર, ઠાકુર પોલીટેકનીક કોલેજની બાજુમાં, કાંદિવલી (ઇસ્ટ).

**શ્રીમાળી સોની**

મૂળ જામનગર હાલ કાંદિવલી ગં. સ્વ. કલ્પનાબેન દિનેશભાઇ પારેખ (ઉં. વ. ૬૬) તે સ્વ. દિનેશભાઇ કાંતિલાલ પારેખના ધર્મપત્ની. તે સ્વ. દિવાળીબેન વલ્લભદાસ ગુસાણીના સુપુત્રી. તે પ્રવીણભાઇ (મનુભાઇ), ભરતભાઇ, અ. સૌ. નયનાબેન પ્રકાશકુમાર આડેસરા તથા અ. સૌ. ઇલાબેન વસંતકુમાર લાઠીગરાના ભાભીશ્રી. તે અ. સૌ. દક્ષાબેનના દેરાણી તથા અ. સૌ. રાધાબેનના જેઠાણી રવિવાર, તા. ૨૦-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૧-૭-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. બીજે માળે, લોહાણા મહાજનવાડી, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), સ્ટેશન પાસે, મુંબઇ-૬૭.

**મોડાસા એકડા વીશા ખડાયતા કૌવાડિયા**

ગં. સ્વ. પ્રેમીલાબેન વસંતલાલ શાહ (ઉં. વ. ૮૦) બુધવાર, તા. ૧૬-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વસંતલાલ નટવરલાલ શાહ (ઉભરાણવાળા)ના ધર્મપત્ની. રીના, સ્નેહા, અક્ષિતાના માતુશ્રી. કૌશલકુમાર, ભાવેશકુમાર, કેયુરકુમારના સાસુ. સ્વ. શકુંતલાબેન, સ્વ. જશોદાબેન, કનુભાઇ, મુકુંદભાઇ, દિનેશભાઇ તેમ જ જયપ્રકાશભાઇના મોટાભાભી. સ્વ. લક્ષ્મીચંદ છગનલાલ મહેતાના દીકરી. સ્વ. રમેશભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. ઓછવભાઇ, સ્વ. હસુમતીબેન, સ્વ. પ્રદીપભાઇ, સ્વ. વિરેન્દ્રભાઇના બહેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૨-૭-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. ખડાયતા ભુવન, હનુમાન રોડ, વિલેપાર્લે (પૂર્વ).

**દશા ગુર્જર વણિક જ્ઞાત સમાજ**

સ્વ. કાંતિલાલ મણિલાલ પરીખના પત્ની હસુબેન કાંતિલાલ પરીખ (ઉં. વ. ૯૨) હાલ મલાડ, મંગળવાર, તા. ૧૫-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ભદ્રેશભાઇ, રાજેશભાઇ, યોગેશભાઇના માતા. સુનિતા, તૃપ્તિ, પ્રીતિના સાસુ. રિચા, રીતુ, તેજસ-પલક, વિરલ.

**કચ્છી લોહાણા**

શ્રીકાંત હેમરાજ હેલન ચેંબુર નિવાસી (ઉં.વ.૮૪) તે રૂક્ષ્મણીબાઇના સુપુત્ર તા. ૧૯-૭-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. તે સુનીતા (દમી)ના પતિ. દર્શનાના પિતાશ્રી. કિન્નરીના નાના. વંદનાના ભાઇ અને સ્વ. માધવજી રતનશી અડુઆના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૨-૭-૨૫ મંગળવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. મહારાજા અગ્રસેન ભવન, ત્રીજે માળે, સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

ફ્રેની મેરવાનજી ભમગરા તે મરહુમો પીરોજા તથા મેહેરવાનજી ભમગરાના દીકરા. તે મરહુમો હોમી ને મરહુમ જેહાંગીરના ભાઇ. તે રોહીન્ટન ગઝદરના આંટી. (ઉં. વ. ૯૮) રે. ઠે. સી-૨૦, જરબાઇ બાગ, ડો. બી.આર. આંબેડકર રોડ, ભાયખલા, ઇસ્ટ, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૨-૭-૨૫ના રોજે બપોરે ૩.૪૫ કલાકે મઝગાંવ પટેલ અગિયારી.

બમન ફ્રામજી કાંગા તે મરહુમો જર તથા ફ્રામજી બમનજી કાંગાના દીકરા. તે નાજુ, કેટી ને નરગીશના ભાઇ. તે કરીશમા કાંગાના મામા. (ઉં. વ. ૭૭) રે. ઠે. ઉસ્તા તે બિલ્ડિંગ, રૂમ. નં.૧૦, ૫મે માળે, જહાંગીર દાજી લેન, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૭-૨૫ના રોજે બપોરે ૩.૪૫ કલાકે વાચ્છા ગાંધી અગિયારીમાં, ગ્રાન્ટ રોડ.

અરનાવાઝ ફીરોઝ ભાથેના તે મરહુમ ફીરોઝ દીનશાહજી વેસુનાના ધણીયાની. તે મરહુમ દીના જાલેજર એલાવ્યાના દીકરી. તે જીમીના માતાજી. તે યાસનાઝના સાસુજી. તે યોહાન અને ફ્રેડીના બપઇજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૧૮૯, હીરાબાઇ પીટીટ બિલ્ડિંગ, ત્રીજે માળે, રૂમ નં. ૫૭, ગ્રાન્ટ રોડ, (ઇ), મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૨-૭-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે, મેહલા પટેલ અગિયારીમાં.

## જૈન મરણ

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાડાઉના રજનીકાંત શાંતિલાલ ગાલા (શાહ). (ઉ.૬૮) ૧૯-૭ ના અવસાન પામેલ છે. મંજુલાબેન શાંતિલાલ ના પુત્ર. રેખાબેન (પ્રજ્ઞા)ના પતિ. મેઘના, કાજલ ના પિતા. સુરેશ, કમલેશ, દિલીપ, કવિતાના ભાઈ. મકાંબેન પ્રેમજી વોરાના જમાઈ. પ્રા.શ્રી માટુંગા કચ્છી મૂ.પૂ. શ્વે. જૈન સંઘની નારાણજી શામજી વાડી, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.). ટા. ૪ થી ૫.૩૦. નિ: રજનીકાંત શાંતિલાલ શાહ. પદમાવતી દર્શન કો.હા.સો., એન.એમ. જોષી માર્ગ, એલફીસ્ટન, મું - ૧૩.

ગુંદાલાના અ.સૌ. પ્રવીણા નેમજી હંસરાજ બોયડ (સંગોઇ) (ઉ.વ.૭૦) તા. ૧૮/૭/૨૫ના અવસાન પામેલ છે. નેમજી હંસરાજના ધર્મપત્નિ. હેલીના ના માતુશ્રી. રતનબાઇ હંસરાજ લાલજીના પુત્રવધુ. સમાઘોઘાના વેલબાઇ નાગશી સાવલાના સુપુત્રી. તેજશી, હરખચંદ, કપાયાના સાકરબેન રામજી, કોડાયના લતાબેન રજનીકાંત, વડાલાના ચંચળબેન ગાંગજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : નેમજી સંગોઇ, ૪૦૧, જીગના આરકેડ, પ્લોટ નં. ૫, બોનકડે, કોપરખેરણે, વાશી-૪૦૦૭૦૯.

બિદડાના હિરજી રવજી વીરા (ઉં.વ. ૭૩) તા. ૧૮.૭.૨૫ ના અવસાન પામ્યા છે. રાજબાઈ રવજીના પુત્ર. કિરણબેન (હંસા)ના પતિ. રીના, દિવ્યા, મેહુલના પિતા. સ્વ. રામજી, વસનજી, લક્ષ્મીબેન, બેરાજા ગં.સ્વ. નિર્મળાબેન પદમશી પાલણ, કોડાય કસ્તુરબેન કાંતિલાલ ભીમશી, શેરડી ગં.સ્વ. રતનબેન રમેશ કુંવરજી, ભુજપુર ગં.સ્વ. કુસુમબેન લક્ષ્મીચંદ, કાંડાગરા દમયંતીબેન ભરત રામજીના ભાઈ. લુણી હેમલતાબેન/લક્ષ્મીબેન જાદવજી ગલિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કિરણબેન વીરા : બી/૦૦૮, શીતલ કુટીર, શીતલનગર, મીરારોડ (ઈ).

# બીએમસી મુખ્યાલયની ચાર વર્ષમાં વીસ હજાર પર્યટકે લીધી મુલાકાત

મુંબઈ: મુંબઈગરાને પાણી, સાર્વજનિક રસ્તા, પૂલ, આરોગ્ય, શિક્ષણ, બગીચા, ફાયરબ્રિગેડ, ઘનકચરો સહિતની અત્યંત આવશ્યક સુવિધાઓ પૂરી પાડનારી મુંબઈ મહાનગરપાલિકાની દક્ષિણ મુંબઈના ફોર્ટમાં આવેલી મુખ્યાલયની ઐતિહાસિક ઈમારતની છેલ્લાં ચાર વર્ષમાં ૨૦,૦૦૦થી વધુ પર્યટકોએ મુલાકાત લીધી છે. હેરિટેજ શ્રેણીમાં આવતી આ બિલ્ડિંગની ભવ્યતા અને તેના ઐતિહાસિક મહત્ત્વ સામાન્ય નાગરિકો સહિત પર્યટકો જાણી શકે તે માટે વીકઍન્ડમાં ખાસ ટૂરનું આયોજન કરવામાં આવે છે.

પાલિકાએ આપેલા આંકડા મુજબ જાન્યુઆરી ૨૦૨૧થી જુલાઈ ૨૦૨૫ સુધી સાડા ચાર વર્ષમાં મુંબઈના નાગરિકો સહિત દેશ-વિદેશના મળીને કુલ ૨૦,૦૦૦ પર્યટકોએ ઐતિહાસિક અને ભવ્ય ગણાતા બીએમસી મુખ્યાલયની મુલાકાત લીધી છે. પાલિકા અને મહારાષ્ટ્ર ટૂરિઝમ ડેવલપમેન્ટ કૉર્પોરેશન અને ખાકી ટૂર્સ પ્રાઈવેટ લિમિટેડ સંયુક્ત રીતે દર શનિવાર અને રવિવારે છ ટૂરનું આયોજન કરે છે. મુંબઈગરા મુંબઈ મહાનગરપાલિકાના સમુદ્ધ ઈતિહાસ અને ભવ્ય બિલ્ડિંગની ટૂર bookmyshow.com વેબસાઈટ પર ૩૫૦ રૂપિયાની ફી ભરીને રજિસ્ટર્ડ કરી શકે છે.

દોઢસો વર્ષ પહેલા ચાર સપ્ટેમ્બર, ૧૮૭૩ બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની પહેલી સભા યોજાઈ હતી. તો બીએમસી મુખ્યાલયની હાલ અસ્તિત્વમાં રહેલી મુખ્ય બિલ્ડિંગનું ૧૬ જાન્યુઆરી, ૧૮૯૩થી કામકાજ ચાલુ કરવામાં આવ્યું હતું.

'ઈંડો સાર્સનિક' સ્થાપત્ય શૈલીમાં આ ભવ્ય બિલ્ડિંગમાંથી મુંબઈ મહાનગરપાલિકા મુંબઈનો કારભાર ચલાવે છે. પાલિકાના મુખ્યાલયની બિલ્ડિંગનું બાંધકામ ૨૫ એપ્રિલ, ૧૮૮૯ના ચાલુ થયું હતું. તાત્કાલિક મુંબઈ સરકારના સાર્વજનિક બાંધકામ ખાતા તરફથી ૬૬૦૦.૬૫ સ્કવેર મીટર જમીન પર આ બિલ્ડિંગ બાંધવામાં આવી હતી. પાલિકા મુખ્યાલયની બિલ્ડિંગનો પ્લાન તાત્કાલિક પ્રખ્યાત આર્કિટેક્ટ એસ.ડબ્લ્યુ સ્ટિવહન્સે તૈયાર કર્યો હતો. ૩૧ જુલાઈ, ૧૮૯૩ના બિલ્ડિંગનું કામ પૂરું થયું હતું ત્યારે થૉમસ બ્લૅની અધ્યક્ષ હતા અને પાલિકાના કમિશનર હૅરી એ. ઍક્વર્થ હતા. રાવબહાદુર સીતારામ ખંડેરાવ બાંધકામ ખાતાના રેસિડન્ટ એન્જિનિયર હતા. બાંધકામનો કૉન્ટ્રેક્ટ વ્યંકુ બાળાજીએ લીધો હતો. આ બિલ્ડિંગના બાંધકામ માટે ૧૧,૮૮,૦૮૨ રૂપિયાના ખર્ચાને માન્યતા આપવામાં આવી હતી.

# માઈક્રોફોન ખામીને કારણે ગ્રાહક પેનલે એપલ, ક્રોમાને કસ્ટમર્સને આઇફોનની કિંમત પરત કરવાનો આદેશ આપ્યો

ગ્રાહક પંચે એપલ ઈન્ડિયા અને ક્રોમાને એક ગ્રાહકના ડિવાઈસમાં માઇક્રોફોનની ખામી સુધારવામાં નિષ્ફળ ગયા પછી, ગ્રાહકના કાનૂની વારસદારોને રૂ. ૬૫,૨૬૪ નો iPhone ખર્ચ પરત આપવા આદેશ આપ્યો છે. પંચે બંને કંપનીઓને સેવા સંબંધિત વાતમાં ત્રુટિપૂર્ણ ગણાવ્યું છે.

મેન્યુફેક્ચરર અને સેલર બન્ને પક્ષો ડિફેકટિવ પીસ આપવા માટે એક સરખા ગુનેગાર છે. બન્ને કંપનીઓ કસ્ટમરની સમસ્યા હલ કરવામાં નિષ્ફળ ગઇ હતી.

જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ મુંબઈએ જણાવ્યું હતું કે ઉત્પાદક (એપલ) દ્વારા ફક્ત હાર્ડવેરમાં ચોક્કસ અધિકૃત ફેરફાર અથવા નુકસાનનો ઉલ્લેખ કરવો એ ગ્રાહકોની ફરિયાદનો યોગ્ય ઉકેલ હોઈ શકે નહીં. તેમજ ક્રોમા કંપની 'ડિફેક્ટ મેન્યુફેક્ચરર તરફથી છે' એમ કહીને હાથ ઊંચા ન કરી શકે. કમિશને નોંધ્યું હતું કે, જયારે પ્રોડક્ટનું વેચાણ તેમના આઉટલેટમાંથી થયું હોય ત્યારે એ તેમની જવાબદારી થઇ જાય કે પ્રોડક્ટમાં કોઈ ખામી ન હોય.

તેમાં કહેવામાં આવ્યું છે કે, : વિકારિયસ જવાબદારીનો સિદ્ધાંત સ્પષ્ટપણે લાગુ પડે છે, કારણ કે વેચનાર વિશ્વાસની સ્થિતિમાં હોય છે અને વેચાણમાંથી વ્યાપારી લાભ મેળવે છે.. આ ગુનો ચાર થી જૂન ૨૦૧૧ના રોજ ઇ-ફોન ૧૧ રૂ- ૬૫,૨૬૪ લેવા બદલ નોંધાયો હતો. ફોન લીધા પછીના થોડા જ દિવસો બાદ ફોનનું સ્પીકર કામ નહોતું કરતું.

ફરિયાદીએ એપલના અધિકૃત સેવા કેન્દ્રનો સંપર્ક કરવામાં આવ્યો હતો, પરંતુ ઉપકરણમાં અનૌપચારિક ફેરફારના આધારે સમારકામનો ઇનકાર કરવામાં આવ્યો હતો. ■

# અંધેરીમાં પાલિકાની માર્કેટનો પુનર્વિકાસ અને દવાખાનાનું થશે પુર્નબાંધકામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મરોલમાં પાલિકાની માલિકી બજારનો પુનર્વિકાસ સહિત પાલિકાના દવાખાનાનું પુર્નબાંધકામ કરવામાં આવવાનું છે. માર્કેટ બિલ્ડિંગ અને દવાખાનાની બંને બિલ્ડિંગનું રવિવારે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. અંધેરી પૂર્વમાં મરોલ ચર્ચ પાછળના પરિસરમાં બજાર આવેલી છે, તેના પુનર્વિકાસનું કામ પાલિકાએ હાથમાં લીધું છે. આ માર્કેટમાં કાયદેસરના લાઈસન્સધારક વેપારીની સંખ્યા ૯૪ છે. આ બજારમાં શાકભાજી સહિત માછલીનું વેચાણ કરનારા ગાળા છે. ૧૦૬૧.૬૦ ચોરસ મીટર ક્ષેત્રફળના આ પ્લોટ પર પ્રસ્તાવિત પ્લાન મુજબ બેઝમેન્ટ પ્લસ ગ્રાઉન્ડ ફ્લોર સહિત પાંચ માળની બિલ્ડિંગ બાંધવામાં આવવાની છે.

ત્રણ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (એફએસઆઈ) ધરાવતા આ પ્લોટ પર ૩,૧૮૫.૮૦ ચોરસમીટર ક્ષેત્રફળ જેટલા બાંધકામને મંજૂરી છે. નવી પાંચ માળની બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળા પર હાલના લાઈસન્સધારકોનું પુનર્વસન કરવામાં આવશે. બીજા માળા પર પ્રોજેક્ટ અફેક્ટેડ લોકો હશે. ત્રીજા, ચોથા અને પાંચમા માળ પર બજાર સભાગૃહ માટે જગ્યા હશે. બજારમાં ગ્રાહકોની સગવડ માટે શાકાહારી અને માંસાહારી ગાળા અલગ અલગ માળા પર રહેશે.

બે વર્ષમાં બાંધવામાં આવનારી આ બિલ્ડિંગમાં લાઈસન્સધારક વેપારીઓનું તાત્પૂરતા સમય માટે અન્ય સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ બિલ્ડિંગમાં લિફ્ટ, પાર્કિંગ, ગોડાઉન, દિવ્યાંગો માટે રૅમ્પ, પ્રસાધનગૃહ, બજાર માટે અલાયદા દાદરા અને લિફ્ટની સુવિધા હશે. બજારની સાથે જ પાલિકા દ્વારા અહીં રહેલા જૂના દવાખાનાની બિલ્ડિંગનું પુર્નબાંધકામ થવાનું છે. દવાખાનાના ગ્રાઉન્ડ પ્લસ બે માળની બિલ્ડિંગના બાંધકામને ૨૦૨૨માં જ મંજૂરી મળી ગઈ હતી. ટેન્ડરિંગ સહિતની અન્ય પ્રક્રિયા પર કામ ચાલી રહ્યું છે. મુંબઈ ફાયરબ્રિગેડ, ઍરપોર્ટ ઓથોરિટી, બિલ્ડિંગ પ્રપોઝલ વિભાગ તરફથી પ્રસ્તાવિત બિલ્ડિંગને મંજૂરી મળી ગઈ છે.

દવાખાનાના પ્લોટનું ક્ષેત્રફળ ૮,૭૪૦.૯૪ ચોરસફૂટ છે. ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળની નવી બિલ્ડિંગ બાંધવામાં આવશે, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર લોબી, ડોટ રૂમ, વેક્સિનેશન રૂમ, પાર્કિંગ સહિતની સગવડ હશે. પહેલા અને બીજા માળા પર આપલા દવાખાના હશે. ત્રીજા માળા પર હૅલ્થ પોસ્ટ હશે અને ચોથા અને પાંચમા માળ પર સાર્વજનિક પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ ડાયલિસિસ સેન્ટર બનાવવામાં આવશે. ■

પાંચમાં પાનાનું ચાલુ

## 'ડોન' ફિલ્મના દિગ્દર્શક

'બોસ', 'નીલ કો પકડના', 'ઈમ્પોસિબલ' વગેરેનું નામ લેવાય છે, પરંતુ આ ફિલ્મો કાં તો અધૂરી રહી અથવા રિલીઝ થઈ નહોતી.

૨૦૦૬માં જ્યારે ફરહાન અખ્તર, ચંદ્રા બારોટે ડોન ફિલ્મ બનાવી ત્યારે તેમણે એના અંગે પ્રતિક્રિયા આપી હતી. એક ઈન્ટરવ્યૂમાં શાહરુખ ખાનની ડોન રિલીઝ થયા પૂર્વે ચંદ્રા બારોટે ખુશી વ્યક્ત કરતા કહ્યું હતું કે અમિતાભ બચ્ચન સાથે ડોન ફિલ્મ બનાવી ત્યારે મીડિયા એટેન્શન મળ્યું નહોતું, પરંતુ સમય બદલાતા એ ફિલ્મ કલ્ટ બની. ફરહાન અખ્તરે ફરી એ ફિલ્મ બનાવી ત્યારે ખુશી થઈ હતી અને તેમના કામની પ્રશંસા થઈ હોવાનો પણ અનુભવ થયો હતો.

૧૯૭૮માં 'ડોન' ફિલ્મ બની ત્યારે ફિલ્મમાં તેની એક્શન, ડાયલોગ્સને કારણે છવાઈ ગઈ હતી. ફિલ્મમાં અમિતાભ બચ્ચન, જીનત અમાન, પ્રાણ વગેરે કલાકારો હતા. આ ફિલ્મમાં જાવેદ અખ્તર અને સલીમ ખાનની જોડીએ સાથે લખી હતી. ફિલ્મ રિલીઝ થયા પછી બોક્સઓફિસ પર સુપરહીટ સાબિત થઈ હતી. ■

## રિક્ષામાં બાળક સાથે

બાળકને શ્વાન સાથે રિક્ષાના પાછળના ભાગમાં પૂર્યો હતો.

સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં શ્વાનથી બચવા બાળક સતત રડી રહ્યો છે અને શ્વાન તેને કરડવાનો પ્રયાસ કરતો હોવાનું નજરે પડે છે. શ્વાનનો માલિક રિક્ષાની સીટ પર બેસીને બાળકનું આક્રંદ સાંભળી હસતો હોવાનું વીડિયોમાં દેખાય છે. શ્વાનથી દૂર ભાગવા તરફડિયાં મારતા બાળકને શ્વાનમાલિક રોકવાનો પ્રયત્ન કરે છે. આ દરમિયાન શ્વાન બાળકની હડપચી પર કરડ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

બાદમાં બાળક રિક્ષામાંથી બહાર નીકળીને ભાગી રહ્યો છે અને તેની પાછળ શ્વાન પર દોડતો હોવાનું વીડિયોમાં નજરે પડે છે. આ બાબતની જાણ બાળકના પિતાને થઈ હતી. માનખુર્દની ખાનગી હૉસ્પિટલમાં બાળકની સારવાર પછી મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. વીડિયો બતાવી બાળકના પિતાએ ખાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આ પ્રકરણે પોલીસે શુક્રવારે ખાનની ધરપકડ કરી હતી. જોકે બાદમાં તેને નોટિસ આપીને છોડી મૂકવામાં આવ્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

## રોહિત પવારનો

શકતો નથી, તેથી જ રાજ્યમાં કૃષિ સંબંધિત અનેક મુદ્દાઓ પેન્ડિંગ હોવા છતાં, દરરોજ આઠ ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા હોવા છતાં, કૃષિ પ્રધાન, જેમની પાસે કોઈ કામ નથી, તેમની પાસે રમી રમવાનો સમય હોય તેવું લાગે છે," એનસીપી (એસપી) ના ધારાસભ્યે પોસ્ટમાં લખ્યું હતું. વારંવાર પ્રયાસો કરવા છતાં કોકાટે ટિપ્પણી માટે ઉપલબ્ધ નહોતા.

દરમિયાન, કોંગ્રેસ વિધાનસભા પક્ષ (સીએલપી)ના નેતા વિજય વાડેટ્ટીવારે મહાયુતિ સરકાર પર ખેડૂતો પ્રત્યે "કપટી" અને "વિશ્વાસઘાતી" હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે રાજ્યમાં ખેડૂતો મરી રહ્યા છે અને કૃષિપ્રધાન તેમના મોબાઇલ ફોન પર ગેમ રમી રહ્યા છે.

"આ કપટી અને વિશ્વાસઘાતી સરકારને ખેડૂતોની કોઈ ચિંતા નથી." તેમણે કહ્યું હતું. ■

## પોલીસ પર રોફ જમાવી

માટે રોહિત પવાર આવ્હાડ સાથે આઝાદ મેદાન પોલીસ સ્ટેશન આવ્યા ત્યારે પોલીસ સાથે અપમાનજનક વર્તન કરવાની ઘટના બની હતી.

બન્ને પક્ષના કાર્યકરો વચ્ચે મારામારીને પગલે ભારે હોબાળો મચ્યો હતો. તાબામાં લેવાયેલા કાર્યકરોને વધુ કાર્યવાહી માટે પોલીસના તાબામાં સોંપાયા હતા.

પોલીસ સ્ટેશને ગયેલા રોહિત પવારે સબ-ઈન્સ્પેક્ટર પર રોફ જમાવવાનો પ્રયાસ કર્યો હતો. પવારે બરાડા પાડી મરાઠીમાં કહ્યું હતું કે તમારો અવાજ ઓછો કરો... તમારો અવાજ ઓછો કરો. જો તમારો હાથ ઊઠશે તો હું તમને પાઠ ભણાવીશ.

આ પ્રકરણે ફરિયાદને આધારે પોલીસે રોહિત પવાર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

## ભાજપને મુંબઈમાં

કરાવવામાં આવશે, પરંતુ હવે સરકારના ઈશારે કાર્યક્રમમાં થયેલા ફેરફાર બાદ મુંબઈ મનપાની ચૂંટણીઓ ઠેઠ આગામી ફેબ્રુઆરી મહિના સુધી પાછી ઠેલાઈ જાય એવી શક્યતા છે.

અત્યારે ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી તૈયારીઓને ધ્યાનમાં લેતાં એવું લાગી રહ્યું છે કે સૌથી પહેલાં જિલ્લા પરિષદોની ચૂંટણીઓ કરાવવામાં આવશે અને ત્યારબાદ અન્ય કેટલીક અંતરિયાળ મહારાષ્ટ્રની મનપાની ચૂંટણી કરાવ્યા પછી મુંબઈ મનપાની ચૂંટણીનો નંબર આવશે. આ બધી પ્રક્રિયામાં ફેબ્રુઆરી મહિના સુધી ચૂંટણી પાછી ઠેલાઈ જવાની શક્યતા છે. રાજ્ય ચૂંટણી પંચના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે અત્યારે પહેલાં જિલ્લા પરિષદની ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. મુંબઈમાં મતદારયાદીઓ તૈયાર કરવાનું કામ જે જોરશોરથી ચાલુ કરવામાં આવ્યું હતું તે ફરીથી ઠંડુ પડી ગયું છે. ■

## અંધેરીમાં મેન્ગ્રોવ્ઝના

કરવાનો પણ આદેશ આપ્યો. મેન્ગ્રોવ્સ જંગલ કાપીને મોટા પાયે અતિક્રમણ થઈ રહ્યું હોવાની ફરિયાદોને ધ્યાનમાં રાખીને, પર્યાવરણ પ્રધાને અધિકારીઓને આવા તમામ કેસ એકત્રિત કરવા અને તાત્કાલિક કાર્યવાહી કરવા પણ સૂચના આપી. તેમણે કહ્યું હતું કે આ પ્રકારની ઘટનાઓ બંધ થવી જોઈએ અને એજન્સીઓએ પર્યાવરણના રક્ષણ માટે ઝડપથી કામ કરવું જોઈએ. ■

## ડ્રગ પેડલર જેલમાંથી

મ્યુઝિક વગાડી ડરનો માહોલ ઊભો કર્યો હતો અને નાગરિકોને ત્રાસ આપ્યો હતો. આ ઉજવણીનો વીડિયો બાદમાં સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો.

પોલીસને હાથ લાગેલા વીડિયોમાં ૪૫માંથી નવ જણની ઓળખ થઈ હતી, જેમનાં નામ એફઆઈઆરમાં નોંધવામાં આવ્યાં હતાં. બાકીઓની ઓળખ મેળવવાના પ્રયાસ પોલીસે હાથ ધર્યા હતા. (પીટીઆઈ) ■

## ગોરેગામ-મુલુંડ લિંક પ્રોજેક્ટ

હશે. ટેકરીઓ, જંગલ વિસ્તારો અને ખેતીની જમીન સહિત નેશનલ પાર્કમાં પર્યાવરણીય રીતે સંવેદનશીલ અને ભૌગોલિક રીતે જટિલ જમીનની નીચેથી આ ટનલ પસાર થશે અને તેનું ખોદકામ ટીબીએમથી ફિલ્મસિટી ખાતે લોન્ચિંગ શાફ્ટથી કરવામાં આવશે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ટીબીએમ મશીનના હિસ્સા તબક્કાવાર જાપાનથી કેન્ટેઈનરમાં આવી રહ્યા છે, જેમાં અત્યાર સુધી ૫૪ કન્ટેઈનર આવી ગયા છે અને બાકીના ૨૩ કન્ટેઈનર ૧૫ ઑગસ્ટ સુધીમાં આવી પહોંચે એવી શક્યતા છે. જાપાનથી આવી રહેલા કન્ટેઈનરને જેએનપીટી બંદર પર ઉતારવામાં આવી રહ્યા છે અને ટ્રેલર દ્વારા પ્રોજેક્ટ સાઈટ પર લઈ જવામાં આવી રહ્યા છે. એક વાર તમામ કન્ટેઈનર મળી જાય પછી ખોદકામ માટે સાઈટ પર ટીબીએમને અસેમ્બલ (જોડવાનું) કામ ચાલુ કરવામાં આવશે, જેમાં લગભગ ચાર મહિનાનો સમય લાગી શકે છે. બીજું ટીબીએમ મશીન ડિસેમ્બર અંત સુધીમા મુંબઈ આવી પહોંચે એવી શક્યતા છે.

તાજેતરમાં પાલિકાના કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તરફથી ૧૯.૪૩ હેકટર ફોરેસ્ટ લેન્ડને ટ્વીન ટનલના બાંધકામ માટે વાળવા માટેની મંજૂરી મળી છે. પાલિકાએ ઑક્ટોબર, ૨૦૨૮ સુધીમાં આ ટનલનું કામ પૂરું કરવાનું લક્ષ્ય રાખ્યું છે. ૧૨.૨ કિલોમીટર લંબાઈનો ગોરેગામ-મુલુંડ લિંક રોડ ગોરેગામમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને મુલુંડમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે સાથે જોડશે, જેનાથી મુસાફરીનો સમય ૭૫ મિનિટથી ઘટીને ૨૫ મિનિટનો થઈ જશે.

ચાર તબક્કામાં અમલમાં મૂકવામાં આવનારા આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૧૪,૦૦૦ કરોડ રૂપિયા છે. ■

## ફડણવીસ-આદિત્ય

હોય તો પણ તેમાં મીડિયાને શું વાંધો હોવો જોઈએ? એક મુખ્ય પ્રધાન છે અને બીજા વિરોધપક્ષના નેતા છે પણ બંને વચ્ચે કોઈ મીટિંગ થઈ નથી એવી સ્પષ્ટતા સંજય રાઉતે કરી હતી.

હજી ગયા અઠવાડિયે જ ચોમાસું અધિવેશન ચાલી રહ્યું હતું ત્યારે વિધાનસભાના પરિસરમાં વિધાનપરિષદના વિરોધ પક્ષ નેતા અંબાદાસ દાનવેના વિદાય પ્રસંગે ફડણવીસે મજાકિયા સ્વરમાં ઉદ્ધવ ઠાકરેને કહ્યું હતું કે કે ૨૦૨૯ સુધી સરકાર બદલાવાની કોઈ શક્યતા નથી. વિરોધી તરફ અમે આવીએ એવો કોઈ અવકાશ નથી પણ તમે અમારી તરફ આવી શકો છો. આપણે કંઈ અલગ વિચારી શકીએ છીએ. ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# ધર્મતેજ

# ફક્ત અન્ન જ આહાર નથી, ઈન્દ્રિયો જે વિષયો ભોગવે છે તે પણ આહાર છે...





## માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

આજે કોઈ શ્રોતાએ એવું પૂછ્યું છે કે એકાદશી કરવાથી ભગવાન મળે? એકાદશીના વ્રતથી થોડી શુદ્ધિ જરૂર થાય.

आहारशुद्धे सत्वशुद्धि, सत्वशुद्धे ध्रुवा स्मृतिः।

શ્રુતિ છાંદોગ્ય કહે છે. એકાદશીનો મહિમા તો છે જ. અને તમે કરી શકો તો જરૂર કરો. હું કરું છું તેથી કહું છું. ક્યારેક ભૂલી પણ જાઉં છું તો કહી દઉં છું કે ભૂલી ગયો. સવારે ક્યારેક અન્નનો નાસ્તો કરી લઉં છું તો કહી દઉં છું કે ભૂલી ગયો. એકાદશીથી શુદ્ધિ થશે. બહુ ભૂખ્યો માણસ પાપ કરે છે. બહુ ભૂખ્યો ભૂલ કરવા લાગે છે,આક્રોશમાં આવી જાય છે. અક્કડ થઇ જાય છે, ઉગ્ર થઇ જાય છે. સમજીને વ્રતના રૂપમાં ભૂખ્યો રહે તે વિનમ્ર થઇ જાય છે.

बुभुक्षितः किं न करोतिं पापं – એ દ્રષ્ટિથી લો તો જે બહુ ભૂખ્યા રહે છે,તે ઉગ્ર થઈ જાય છે પણ સમજદારી સહે વ્રતના રૂપમાં,તો કેમે કરીને પણ કરો તો વિનમ્રતા આવે છે. ભૂખ્યાપણું માણસને વિનમ્ર બનાવે છે. ઉપનિષદોએ કહ્યું કે सत्वशुद्धे ध्रुवा स्मृतिः– આહારની વાત જે આવી છે,છાંદોગ્ય શ્રુતિમાં ત્યાં શંકરાચાર્ય મહારાજનું પણ ભાષ્ય છે, રામાનુજ ભગવાનનું પણ ભાષ્ય છે. બંને હું વાંચી ગયો છું.

અમારે અહીં જે જે આચાર્યો થઈ ગયા, તેઓએ ત્રણ પર ભાષ્ય લખવું પડતું હતું ગીતા, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર. આ ત્રણે પર ભાષ્ય ન લખે, ત્યાં સુધી એને આચાર્યની પદવી નહોતી મળતી. આદિ શંકરાચાર્યે, રામાનુજ ભગવાને, નિમ્બર્કાચાર્યે, શ્રીમદ્ મહાપ્રભુજી વલ્લભે, જેણે બારીમાંથી હરિને જોયા,એ પ્રમાણે દર્શન લખ્યું. પોતાના ઢંગથી લખ્યાં.

મારા સ્મરણમાં જે આવી રહ્યું છે તે કહું. શંકરાચાર્ય મહારાજે જે કારિકા લખી છે, છાંદોગ્ય પર, તેમાં આહારનો અર્થ અન્ન જ ફક્ત નથી કર્યો. ભોજન કરો છો, તે જ માત્ર આહાર નથી, ભગવાન શંકરાચાર્ય કહે છે. ઇન્દ્રિયોના બધા વિષયો એનો આહાર છે. નેત્ર કંઈ પણ જુએ છે, જાણે નેત્ર એને ખાઈ રહ્યા છે. તમારા કાનમાં કોઈપણ શબ્દ જઈ રહ્યા છે,તે કાનથી તમે શબ્દો ખાઈ રહ્યાં છો. શબ્દ તમારા કાનનો આહાર છે. તમે બોલી રહ્યા છો,એ વાણીનો ભોગ છે. જે ચીજ ખાતાં જાઓ,એ ઓછી થતી જાય છે. તમે કોઈને સ્પર્શ કરો છો, એ આહાર તમારો ભોગ છે. તમે ગંધ લ્યો છો તે તમારો આહાર છે. એને શંકરાચાર્ય આહાર કહે છે. એ ઇન્દ્રિયોના જે વિષયો,તમારી ભક્ષણવૃત્તિ છે, એમાં શુદ્ધિ રાખો, કે શું જોવું, શું ન જોવું. એકાદશીના દિવસે શું ખાવું, શું ન ખાવું? એ આંખોનો આહાર થઈ ગયો. શું સાંભળવું, શું ન સાંભળવું એ વિવેકથી નિર્ણય કરો, એ તમારો શુદ્ધ આહાર થઈ ગયો.

એકાદશી કરો, સાંભળો જ નહીં, જુઓ જ નહીં, નિર્વિકલ્પ થઈ જાઓ, નિરાહારી થઈ જાઓ,એ શુદ્ધ આહાર થઈ ગયો. પણ માનો કે આ નહીં થયું, તો કમસેકમ એ બધું જોવાની દિશા બદલો, તમારી સ્મૃતિ ધ્રુવા બની જાય. અચલ બની જશે. અર્જુનને જે સ્મૃતિ ખોવાઈ ગઈ હતી, ભૂલાઈ ગઈ હતી,એ આવી ગઈ. તમને આવું નહીં થાય. તમારી એ નિત્ય સ્મૃતિ બની જશે, હું કોણ છું, હું બ્રહ્મ છું, આદિ સ્મૃતિ બની રહેશે.

હાથનો આહાર સ્પર્શ છે, પણ કોને સ્પર્શ કરવો, કોને નહીં કરવો,એનો વિવેક રાખો. અપવિત્ર વસ્તુને અમે નહીં અડકીએ, ભગવાન શંકરાચાર્યે આહારને આ દ્રષ્ટિમાં રાખ્યો. ચાલો રામાનુજ પાસે-દક્ષિણ આચાર્યોનો મૂલક છે,દક્ષિણે બહુ આચાર્યો આપ્યા. મેં શંકરાચાર્યની ભૂમિમાં તો કથા કરી. શ્રીમદ્ મહાપ્રભુજીનો જન્મ જ્યાં થયો,આમ તો એ છે સાઉથના,પણ જન્મ ચંપારણ્યમાં થયો હતો,ત્યાં પણ કથા થઈ છે. નિમ્બાર્ક મહારાજની જન્મસ્થળીમાં નહીં સંભળાવી છે. રામાનુજ અહીંથી બહુ નજીક છે. રામાનુજાચાર્યની જન્મભૂમિ દૂર તો નથી- દક્ષિણના ગામના નામ યાદ રહેતા નથી. वण्डाअन्डे- એ જે જ્યાં ભૂમિ છે, જ્યાં હો, ત્યાં કથા કરવાની છે, ભગવાન રામાનુજની જન્મભૂમિમાં.

અહીંથી ભાષા આવડતી નથી रण्डावण्डे रण्डवण्डा – બે જણાં બોલતા હોય ત્યારે આપણને બહુ આનંદ આવે. કહેવાનો મારો મતલબ, મેરે ભાઈ-બહેન, રામાનુજ ભગવાનનું દર્શન છે કે છાંદોગ્ય ઉપનિષદમાં આહારને આહાર કહ્યો છે પણ શરત છે.

આહાર એટલે તમે જે ખાઈ રહ્યા છો, પછી રામાનુજે, જેટલો શંકરાચાર્યે વિસ્તાર કર્યો એટલો નથી કર્યો પણ એમણે ત્રણ વાત સરસ દર્શાવી, એમણે કહ્યું કે આહાર કરવો એટલે ખાઓ, તમે જે કહી રહ્યા છો, એની જાતિ શુદ્ધ હોવી જોઈએ. તમારી ધ્રુવાસ્મૃતિ ત્યારે બનશે અને એ જ ધ્રુવાસ્મૃતિ તમને બંધનથી મુક્ત કરશે, ચિંતાથી મુક્ત કરશે, શાંતિથી સ્થિતોસ્મિ કરી દેશે. એ ત્યારે થશે, જ્યારે તમારી ભોજનની જાતિ શુદ્ધ હશે. માંસ, ભક્ષ્યા ભક્ષ્ય આહાર ન હો અને શાસ્ત્રે જેની મના કરી છે, એ ન ખાઓ, ન ખાઓ. ઠાકોરજીને જેનો ભોગ લગાવી શકો,એવી વસ્તુ ખાઓ.

બીજી વાત એનો આશ્રય શુદ્ધ હો, એ ચીજ જ્યાં રાખી હોય, એ શુદ્ધ હો. એવા પાત્રમાં ન રાખી હોય,એવી જગ્યાએ ન રાખી હો. વસ્તુ શુદ્ધ છે, પણ આશ્રય શુદ્ધ નથી, તો ભગવાન માટે એ ભોગ્ય નહીં બની શકે. બ્રહ્મજ્ઞાની ખાય છે થોડું, ખાય છે તો અમારી જેમ, પણ બ્રહ્મજ્ઞાની મોઢામાં આહુતિ નાખે છે, ભીતર બ્રહ્મ બેઠો છે, એને આહુતિ આપે છે. બ્રહ્મજ્ઞાની ખાશે નહીં તો મરશે. ખાવું એને પણ પડશે, પણ આહુતિની જેમ ખાય છે.

इदम् अग्नये न मम् – દરેક કોળિયે એ હરિને યાદ કરે છે. ભોજનની જાતિ શુદ્ધ હો, એનો આશ્રય શુદ્ધ હો. ફ્રીજમાં તમે ભગવાનને અર્પણ કરવાની વસ્તુ રાખી હોય, ત્યાં બાજુમાં ઈંડા ન હો. આશ્રય અશુદ્ધ થઈ જશે.


ધ્રુવસ્મૃતિ માટે આ બધું નિભાવવાનું મુશ્કેલ છે. કદી ક્યાંય ચૂકી જવાય, યા વ્રત તૂટી જાય, તો ચિંતા નહીં કરતા. એ સમયે વધુ હરિનામ જપી લેજો. હું તો કહું છું, પહેલાં કહ્યું છે, આપ જાણો છો. સવારે જાગતાં પહેલાં, જાગતાં જ એક વાર હનુમાનચાલીસા કરી લ્યો તો રોજ એકાદશી, મારો અગ્યારમો રુદ્ર છે. તમારી ઇન્દ્રિયો ઠીક જગા પર ચાલે, તો એ એકાદશી છે. તમે વાણીને રોકીને, મૌન રહીને તમે હરિસ્મરણમાં જ રહો, એ એકાદશી છે.

સંકલન : જયદેવ માંકડ ■

## મનન

# સત્યની સાબિતી સત્ય જ આપી શકે...

હેમંત વાળા
feedback@bombaysamachar.com



સત્યને સાબિત કરવું મુશ્કેલ છે. આમ તો અસત્યને સાબિત કરવું પણ એટલું જ મુશ્કેલ છે, પરંતુ અસત્યને માની લેવાની તૈયારી હોય છે. સત્યને માનવું પણ મુશ્કેલ છે. સત્ય એટલે એ બાબત કે જે ક્યારેય બદલાય નહીં, નિત્ય હોય, સર્વત્ર હોય અને કોઈપણ પ્રકારના પરાવલંબનથી મુક્ત હોય. સત્ય એટલે વાસ્તવિકતા, યથાર્થતા, સંપૂર્ણતા, શુદ્ધતા, પવિત્રતા અને આધ્યાત્મિકતાનો પર્યાય. જેનું અસ્તિત્વ સાબિત છે, જેને કોઈ અવલંબનની જરૂર નથી, જે સર્વથા સિદ્ધ છે તે સત્ય. છતાં પણ સાંપ્રત સમયમાં સત્યની સાબિતી આપવી પડે છે.

દાર્શનિક વિચારસરણી અનુસાર સત્ય એ પરમ તત્ત્વ છે જે ન તો સમયથી, ન તો પરિસ્થિતિથી, ન તો વ્યક્તિગતતાથી કે ન તો કોઈપણ પ્રકારના પ્રભાવથી અસરગ્રસ્ત થાય. આધ્યાત્મની દ્રષ્ટિએ સત્ય એટલે પરમાત્મા, બ્રહ્મ, ઈશ્વર. વ્યવહારિક ભાષામાં એમ કહી શકાય કે સત્ય એટલે વિજ્ઞાન દ્વારા સ્થાપિત થયેલાં સિદ્ધાંત. વિજ્ઞાનમાં જે બાબતો સિદ્ધ થઈ હોય તેને સત્ય કહેવાય. જ્યારે ગુરુત્વાકર્ષણની વાત થાય ત્યારે તે સત્ય કહેવાય. આ પ્રકારના વૈજ્ઞાનિક સત્યની જેમ ગાણિતિક સત્ય પણ સર્વ સ્વીકૃત હોય છે. સમાજે જે વાત સમગ્રતામાં સ્વીકારી લીધી હોય તે બાબતનો સત્ય તરીકે ઉલ્લેખ થતો જોવાં મળે.

સત્ય એ ધર્મ છે. સત્ય તટસ્થ હોય, નિષ્પક્ષ હોય, અવિનાશી હોય, સંતુલિત હોય, દરેક પરિસ્થિતિ માટે સમાન હોય, માન્યતાથી અને ભાવાત્મક ઘટનાથી મુક્ત હોય, અફર હોય, નિષ્કલંક હોય, સાત્ત્વિક હોય, સર્વદા પવિત્ર હોય, પ્રકાશિત હોય, ધર્મ માટે આવશ્યક હોય, યથાર્થ હોય, પ્રાકૃતિક હોય, અખંડ હોય, આધ્યાત્મિકતા માટે આધાર સમાન હોય, અવિચળ હોય, નીડર હોય, શાંત હોય, નિર્ભય હોય, ન્યાયી હોય, સમાવેશીય હોય, સ્વયંસિદ્ધ હોય, મૂલ્યવાન હોય, સંપૂર્ણ હોય અને સદા વિજયી હોય.

સત્ય કઠોર હોઈ શકે. જ્યારે સત્ય વ્યક્તિની માનસિકતા તથા જરૂરિયાત અનુસાર ન હોય ત્યારે સત્ય કઠોર લાગે. વ્યક્તિની અપેક્ષા જ્યારે સ્વાર્થ, અહંકાર કે અધર્મને આધારિત હોય ત્યારે સત્યની સ્થાપના થતાં તે તૂટી પણ શકે. આવી પરિસ્થિતિમાં સત્ય નિરાશ પણ કરી શકે. ઘણીવાર એમ પણ જણાય કે સત્યનો સામનો કરવો મુશ્કેલ બની રહે. જે તે પ્રવર્તમાન વાસ્તવિકતા સ્વીકારવાની તૈયારી ન હોય ત્યારે આ પ્રકારની સ્થિતિ ઊભી થઈ શકે. આવી પરિસ્થિતિમાં સત્ય ક્યારેક ભાવનાત્મક ઠેસ પણ પહોંચાડી શકે. પરંતુ એકંદરે જોતાં સમજાશે કે આ બધામાં પણ એક હકારાત્મક સંભાવના છુપાયેલી હોય છે. સત્યના અનુસંધાનમાં એમ કહેવાય કે, વ્યક્તિની દ્રષ્ટિ જ્યાં સુધી પહોંચે છે ત્યાં સુધી જ તેને દેખાય. વાસ્તવમાં સત્ય એક હકારાત્મક ઘટના છે. સૃષ્ટિના સિદ્ધાંત તેમાં વ્યક્ત થાય છે. ઈશ્વરની ઈચ્છા તેમાં સમાયેલી હોય છે. નિયતિના નિયમો તેમાં પ્રતિબિંબિત થતાં હોય છે. બ્રહ્માંડના નિયમનમાં તેનું પ્રભુત્વ હોય છે. સાત્વિક ઘડતર માટેની સંભાવના તેમાં છુપાયેલી હોય છે. આધ્યાત્મિક પ્રવાસ માટે તે પ્રથમ સોપાન સમાન હોય છે. વિશેષ પ્રકારનાં સકારાત્મક આત્મવિશ્વાસ માટે સત્ય જરૂરી હોય છે.

કહેવાય છે કે 'સત્યમેવ જયતે' અર્થાત્ સત્યની જ હંમેશાં જીત થાય છે, પરંતુ સાંપ્રત પરિસ્થિતિમાં આ વિધાન યથાર્થ નથી જણાતું. પણ તેમ નથી. આ તો સમયનો સવાલ છે. બની શકે કે આજે સત્ય ઢંકાયેલું રહે, પરંતુ સમય આવ્યે તે પ્રકાશિત થઈને જ રહે. વિશ્વાસ રાખવો જરૂરી છે. તે દિશાનાં પ્રયત્નો જરૂરી છે. સત્ય આધારિત વ્યવહાર જળવાઈ રહે તેની આવશ્યકતા છે. એકવાર જે તે પરિણામને કારણે નિરાશા પ્રાપ્ત થાય પણ ખરી, પરંતુ સૃષ્ટિના નિયમનમાં સત્યના પ્રભુત્વને ધ્યાનમાં રાખવું જરૂરી છે. આજે નહીં તો કાલે, આ રીતે નહીં તો તે રીતે, એક પ્રકારના પુરુષાર્થથી નહીં તો અન્ય પ્રકારના પુરુષાર્થથી, સત્ય સ્થાપિત તો થશે જ.

છતાં પણ સત્યની સાબિતી માગવામાં આવે છે, સત્ય માટે શંકા રાખવામાં આવે છે. છતાં પણ સત્યને લોકો તકલીફ તરીકે જુએ છે. છતાં પણ લોકો સત્યથી ચોક્કસ અંતર જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. સાંપ્રત સમયમાં, ચોક્કસ પ્રકારનો વિશ્વાસ જગાવવા માટે સત્ય પ્રભાવી નથી. ચારે બાજુ જ્યાં કલુષિત વાતાવરણ હોય ત્યાં શુદ્ધતા વિશે જ પ્રશ્ન પુછાય. ચારે બાજુ જ્યાં મલીનતા છવાયેલી હોય ત્યાં પવિત્રતા બાબતે જ શંકા કરાય. જ્યાં અનૈતિકતા પ્રભાવિત હોય ત્યાં સત્ય આધારિત નૈતિકતાને ભાગ્યે જ સ્થાન મળે. જ્યાં અધર્મનું પ્રભુત્વ હોય ત્યાં ધર્મની સ્થાપનાની આવશ્યકતા ન હોવાથી સત્યનો જ છેદ ઊડી જાય. જ્યાં વાસ્તવિકતાથી વિમુખ થવાનો અભિગમ હોય ત્યાં સ્વાભાવિક રીતે સત્ય નજરે ન ચડે. અને જો સત્ય નજરે ન ચડે તો તેની હયાતી વિશે સાબિતી માગવામાં આવે તે સ્વાભાવિક છે. પરિસ્થિતિ તો એ પ્રમાણેની છે કે સત્યની સ્વીકૃતિ સાથે જ ઘણાં સાથે દુશ્મની થઈ જાય. સત્યના પાલનથી જો રાજા હરિશ્ચંદ્રને કષ્ટ ભોગવવું પડતું હોય, તો સામાન્ય માનવીની શી હેસિયત. ક્યારેક તો એમ લાગે છે કે ઈશ્વર પણ સત્ય પાળનાર વ્યક્તિની વારંવાર પરીક્ષા લે છે. જે જરૂરી પણ છે અને યોગ્ય પણ છે.

અહીં એ વાત સમજવી જરૂરી છે કે દીવો પ્રગટાવીને પ્રકાશને ન જોઈ શકાય. પ્રકાશને જોવા માટે પ્રકાશની જરૂર નથી. સત્યને સાબિત કરવા માટે સત્ય જ સાબિતી આપી શકે. સત્યને સત્ય વડે જ જાણી શકાય. સત્યને સત્યની દલીલ વડે જ સિદ્ધ કરી શકાય. સત્ય સ્વયં આધારિત છે. સત્ય સ્વયંસિદ્ધ છે. સત્ય સ્વયં સ્થાપિત છે. સત્ય સ્વયં સત્ય છે. અહીં અન્ય કશાની અપેક્ષા નથી. સત્ય છે એ જ સત્ય છે અને એ જ સત્ય હોવાની સાબિતી છે. ■

## અલૌકિક દર્શન

# શરીરમાં ઉત્પન્ન થયેલ શક્તિને સમગ્ર શરીરમાં પહોંચાડવાનું કાર્ય વ્યાન કરે છે!

ભાણદેવ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

**(૧) પ્રાણ:**

શરીરમાં શક્તિનો સતત વ્યય થયા કરે છે. આ વ્યયને ભરપાઈ કરવા માટે આપણે બહારથી શક્તિ ગ્રહણ કરીએ છીએ. આ સતત ચાલતી શક્તિ ગ્રહણની ક્રિયા પ્રાણ કરે છે. આ કાર્ય શ્વાસ લેવો ખોરાક લેવો, જળ ગ્રહણ કરવું વગેરે ક્રિયાઓ તથા તેમના શરીરમાં પાચન દ્વારા થાય છે. આપણે પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જે સંવેદનાઓ ગ્રહણ કરીએ છીએ તે પ્રાણની ક્રિયા છે. પ્રાણનું સ્થાન છાતીથી નાસિકા સુધી છે. આમ છતાં પ્રાણનું મુખ્ય કાર્ય શ્વાસ ગ્રહણ અને મુખ્ય સ્થાન હૃદય ગણાય છે.



**(૨) અપાન:**

પાચનક્રિયા, શ્વસનક્રિયા, રુધિરાભિસરણ ક્રિયા વગેરે અનેકવિધ શારીરિક ક્રિયાઓને પરિણામે શરીરમાં જે મલદ્રવ્યો ઉત્પન્ન થાય છે તેમના ઉત્સર્ગનું કામ અપાન કરે છે. મલમૂત્ર વિસર્જન, અધોગામી વાયુનું વિસર્જન, પરસેવો થવો, ઉચ્છ્વાસની ક્રિયા વગેરે ક્રિયાઓ અપાન દ્વારા થાય છે. અપાનનું સ્થાન નાભિથી નીચે છે.

**(૩) ઉદાન:**

શરીરને ઉત્થિત રાખવાનું કાર્ય ઉદાન કરે છે. વ્યષ્ટિ-પ્રાણનો સમષ્ટિ પ્રાણ સાથેનો સંબંધ ઉદાન દ્વારા થાય છે. ઉદાન દ્વારા જ મૃત્યુ સમયે સૂક્ષ્મ શરીરનું સ્થૂળ શરીરમાં બહાર નીકળવાનું શક્ય બને છે. વળી, જીવાત્મા પોતાના સંસ્કારને અનુરૂપ ગર્ભમાં પુનઃપ્રવેશ પણ ઉદાન દ્વારા જ કરે છે. યોગીઓ ઉદાન દ્વારા જ સ્થૂળ શરીર છોડીને લોકલોકાંતરમાં ઘૂમે છે. કંઠ અને કંઠથી ઉપર મસ્તકમાં ઉદાનનું સ્થાન છે.

**(૪) વ્યાન:**

શરીરમાં ઉત્પન્ન થયેલ શક્તિને સમગ્ર શરીરમાં પહોંચાડવાનું કાર્ય વ્યાન કરે છે. રુધિરાભિસરણ તેનું મુખ્ય કાર્ય છે. વ્યાન સમગ્ર શરીરમાં વ્યાપીને રહેલો છે.

**(૫) સમાન:**

બહારથી શક્તિ મળે તેવા પદાર્થો ગ્રહણ થયા પછી તેમને શરીરને અનુરૂપ સ્વરૂપ આપવાનું કાર્ય સમાન કરે છે. સરળ ભાષામાં કહીએ તો પાચનક્રિયા સમાન દ્વારા થાય છે. તેનું સ્થાન નાભિથી હૃદય સુધીનું છે.

વ્યુત્પત્તિની દૃષ્ટિથી વિચારીએ તો अन् એટલે ગતિ અથવા જીવન. પાંચેય શબ્દોમાં अन् ધાતુ છે. અને अन् ને प्र, अप्, उत्, वि અને सम् ઉપસર્ગ લગાડવાથી અનુક્રમે પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન અને સમાન - આ પાંચે શબ્દો બન્યા છે.

યોગ સાધનાની દૃષ્ટિથી પાંચે પ્રાણનો વિચાર કરીએ. પ્રાણની સ્વાભાવિક રીતે ઊર્ધ્વગતિ છે અને તેની આ ઉર્ધ્વગતિ યોગમાં ઉપકારક છે. અપાનની સ્વાભાવિક ગતિ અધોમુખી છે; જે યોગ માટે ઉપયુક્ત નથી, પણ ભોગ તરફ દોરી જનારી છે. એટલે યોગી અપાન પર પ્રાણનો વિજય ઈચ્છે છે. આ કાર્ય પ્રાણાયામથી સિદ્ધ કરી શકાય છે. પ્રાણાયામ દ્વારા પ્રથમ પ્રાણને નીચે ઉતારવામાં આવે છે. પ્રાણ અપાનક્ષેત્રમાં જઈ ત્યાં રહેલા અપાન પર નિયંત્રણ સાધે છે અને પછી અપાન સહિત ઊર્ધ્વ તરફ ગતિ કરે છે. આમ, પ્રાણનો અપાન પર વિજય થતાં ભોગમાંથી મુક્તિ અને યોગમાં ગતિ થાય છે.

प्राणापानवशो जीवो हयधश्चोर्ध्वं च धावति।
(ગો. શ. - ૨૬)

'પ્રાણ અને અપાન વશ થઈને જીવ ઉપર અને નીચે દોડતો રહે છે.'

યૌગિક સાધના દ્વારા પ્રાણનો અપાન પર વિજય સિદ્ધ થતાં ચેતનાનું ઊર્ધ્વગમન શક્ય બને છે.

પ્રાણ અને અપાનની ગતિ સ્વાભાવિક રીતે પરસ્પર વિરોધી છે. આ પરસ્પર વિરોધી ગતિની સમતુલા જાળવવાનું કાર્ય સમાન કરે છે.

ઉદાનનું યૌગિક સાધનામાં ઘણું મૂલ્ય છે. વ્યષ્ટિના ચોકઠામાં બદ્ધ થયેલ સાંકડી ચેતના, મુક્ત અને વ્યાપક બને અને સમષ્ટિ ચેતના સાથે તદાકારતા અનુભવે, શરીરની મર્યાદા ઓળંગી બહાર નીકળી શકે - આ બધી આધ્યાત્મિક ઘટનાઓ ઉદાનની સહાયથી બની શકે છે.

उदान जयाज्जलपङ्ककण्टकादिष्वङ्ग्उत्क्रान्तिश्च।
(યો. સૂ. ૩, ૩૯)

'ઉદાન પર જય મેળવવાથી જળ, પંક, કંટક આદિથી નિર્લેપ રહી શકાય છે અને ઉન્નયન (Levilation) (કે ઈચ્છામૃત્યુ) સિદ્ધ થાય છે.'

આપણું શરીર ગુરુત્વાકર્ષણને લીધે પૃથ્વીથી ઊંચે ઊઠી શકતું નથી. પરંતુ યૌગિક પ્રાણવિજ્ઞાન મુજબ ઉદાન પર જય મળે તો, તેની શક્તિથી યોગી ગુરુત્વાકર્ષણની પકડમાંથી મુક્ત બની શકે છે. પરિણામે પાણી, કાદવ, કંટક વગેરે પરથી, નિર્લેપ રહીને પસાર થઈ શકે છે. શરીર પૃથ્વીથી ઉપર ઊઠી શકે છે અને યોગી પોતાની ઈચ્છાથી મૃત્યુનું વરણ કરી શકે છે.

समानजयाडडज्ज्वलनम्। (યો. સૂ. ૩, ૪૦)

'સમાન પર જપ મેળવવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.'

ગોરક્ષનાથે સત્ય જ કહ્યું છે કે જ્યાં સુધી પ્રાણની ઊર્ધ્વગતિ ન થાય ત્યાં સુધી અધ્યાત્મ માત્ર વાતોમાં જ રહે છે. વ્યક્તિ ગમે તેટલું વાંચે, વિચારે, બોલે, લખે, ગમે તેટલો ઊંચો આદર્શ સેવે; પરંતુ જ્યાં સુધી પ્રાણની ઊર્ધ્વગતિ ન થાય ત્યાં સુધી તે ભોગમાંથી મુક્તિ નથી અને ત્યાં સુધી તેનું અધ્યાત્મ માત્ર શબ્દોમાં છે, અધ્યાત્મનું મહાદ્વાર તેના માટે ખુલ્યું નથી.

ઉપરોક્ત પાંચ પ્રાણ ઉપરાંત પાંચ ઉપપ્રાણનો ઉલ્લેખ પણ યૌગિક ગ્રંથોમાં જોવા મળે છે, જે નીચે મુજબ છે:

| નામ | કાર્ય |
|---|---|
| ૧. નાગ | ઓડકાર, છીંક વગેરે |
| ૨. કૂર્મ | સંકોચ |
| ૩. ફકર | ભૂખ-તરસ |
| ૪. દેવદત્ત | નિંદ્રા-તંદ્રા |
| ૫. ધનંજય | શરીરનું ફૂલી જવું |

### ૨. નાડી

પ્રાણના પ્રવાહો સમગ્ર શરીરમાં વહે છે. આ પ્રવાહો જેમાં થઈને વહે છે, તેને 'નાડી' કહે છે. નાડીને આધુનિક શરીરવિજ્ઞાનની પરિભાષામાં સમજાવવાનું શક્ય લાગતું નથી. કેટલાક વિદ્વાનો નાડીને જ્ઞાનતંતુ ગણાવે છે. પરંતુ ભિન્ન ભિન્ન યૌગિક ગ્રંથોમાં નાડીવિષયક જે વર્ણનો મળે છે, તે જોતાં નાડીને જ્ઞાનતંતુ ગણવામાં સાહસ છે.

પ્રાણ એ સૂક્ષ્મ જીવનશક્તિ છે. એ નરી આંખે જોઈ શકાય તેવો સ્થૂળ પદાર્થ નથી અને આ પ્રાણના પ્રવાહો જેમાંથી વહે છે તે નાડીઓને પણ સ્થૂળ શરીરનો ભાગ ગણી શકાય તેમ નથી.

નાડીઓ પ્રાણમય શરીરનો ભાગ છે. તેથી જ્ઞાનતંતુને નાડી ગણી શકાય તેમ નથી. વળી, યૌગિક ગ્રંથોમાં નાડીતંત્રનું જે વર્ણન જોવા મળે છે તેનો જ્ઞાનતંત્રની રચના સાથે મેળ બેસી શકે તેમ નથી. નાડીઓનું ઉદ્ગમ-સ્થાન નાભિની નીચે રહેલ કંદ છે. આવો કોઈ કંદ આધુનિક શરીરવિજ્ઞાન મુજબ સ્થૂળ શરીરમાં તો નથી અને જ્ઞાનતંતુઓનું ઉદ્ગમ-સ્થાન નાભિ પાસે નથી પરંતુ મગજ છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજયગુરુ
feedback@bombaysamachar.com

# શિવ મહિમા- શ્રાવણે શિવ પૂજન...



હમણાં અષાઢ પૂરો થશે અને શ્રાવણ માસ બેસી જવાનો... શ્રાવણ માસ તો શિવ અને શ્રીકૃષ્ણનો માસ. શ્રાવણી નાળિયેરી પૂર્ણિમા-બળેવ-રક્ષાબંધન, બોળચોથ, નાગપાંચમ, રાંધણછઠ, શિતળાસાતમ અને કૃષ્ણજન્માષ્ટમીના લોકમેળાઓમાં લોકસમુદાય આનંદ ઉલ્લાસ વ્યક્ત કરતો હોય. આ સમયે આપણે પણ થોડીક શિવઉપાસના કરી લઈએ.

લોકજીવનમાં તો શિવજી ગણપતિના પિતા તરીકે ખૂબ જાણીતા છે. ગણપતિ જન્મના પ્રસંગને વર્ણવતાં અનેક ભજનો મળી આવે છે જેમાં મહાદેવ-પાર્વતીનું ચરિત્ર પણ આલેખાયું હોય છે. તપશ્ચર્યા કરવા જતાં શિવજીએ પાર્વતીને એકલવાયું ન લાગે એટલે પુત્રપ્રાપ્તિ માટેનું વરદાન આપેલું. એ પ્રમાણે ગણપતિનો જન્મ થતાં નારદની યુક્તિથી શિવનો તપોભંગ થયો અને ગણપતિ પોતાનો જ પુત્ર છે એ જાણ્યા પહેલાં તેનો શિરચ્છેદ કર્યો. પાછળથી પસ્તાઈને પોતાનો ગણ મોકલી જે સામે મળે તેનું મસ્તક લાવવા કહ્યું. હાથીનું મસ્તક મળ્યું અને શિવજીને ગણેશને નવજીવન આપ્યું. પાર્વતીને આવું સ્વરૂપ જોઈને ખેદ થયો પણ મહાદેવે તમામ પ્રસંગોએ પ્રથમ પૂજન ગણેશનું થશે એવું વરદાન આપ્યું. આ કથા ઘણાં ભજનિક સંત-કવિઓ દ્વારા ભજનરૂપે ગવાઈ છે. શિવ એ કલ્યાણકારી દેવતા છે. સંગીતના અધિષ્ઠાતા પણ મનાય છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં શિવવિષયક જે રચનાઓ મળે છે તેમાં શિવસ્વરોદયશાસ્ત્ર, શિવગીતા, શિવરહસ્ય, શિવમહાત્મ્ય વગેરે ચિંતનાત્મક કે સાધનાત્મક કૃતિઓ ઉપરાંત શિવપુરાણ, શિવવિવાહ, શિવભીલડી સંવાદ, મૃગી આખ્યાન, ગૌરીચરિત્ર વગેરે કથાત્મક રચનાઓ પણ એટલી જ મહત્ત્વની છે. સંવાદ, આખ્યાન, ધોળ, આરતી, સ્તવન, ભજન, સ્તોત્ર, ધૂન વગેરે પ્રકારોમાં ભગવાન સદાશિવને વિષય તરીકે સ્વીકારી સર્જન થયા કર્યું છે. ભજનવાણીના વિશાળ સમંદરમાંથી જુદાં જુદાં શિવસ્વરૂપોનાં અનેક સ્તવનો મળી આવે છે. એની સાથોસાથ ચાલી આવે છે લોકકવિતા. લોકસાહિત્યમાં પણ શિવવિષયક અનેક રચનાઓ (જેમાં કથાત્મક પણ છે અને સ્તુત્યાત્મક પણ છે) મળી આવે છે. બિલેશ્વર મહાદેવની પ્રાર્થના કરતું એક ગીત છે.

*હાં રે શિવ ભોળા બિલેસર ભોળા*
*હાં રે તમને ચડે ભભૂતિના ગોળા..બિલેસર ભોળા...*
*હાં રે શિવ વંકા બિલસર વંકા*
*હાં રે તારા નવખંડમાં વાગે ડંકા...બિલેસર ભોળા...*
*હાં રે તારી જાતરાયે કોણ કોણ આવે,*
*હાં રે તારી જાતરાયે ઈન્દ્રરાજ આવે,*
*હાં રે ઈતો સોનાના નાગલા ચડાવે...બિલેસર ભોળા...*

લોકસાહિત્યમાં મળતા પૌરાણિક વિષયનાં કથાગીતોમાં શિવવિવાહ તથા ગણપતિ-જન્મના પ્રસંગો આલેખાયા હોય એવી અનેક રચનાઓ સાંપડે છે. એક ભીમનાથ મહદેવની ઉત્પતિ વિશેનો રાસડો લઈએ:

*નમું ગણપતિને પાય, નમું ગણપતિને પાય*
*ભોળા ભીમનાથને ચરણે નમું રે લોલ...*
*અરજુન પૂછે ભોળા ભીમ, અરજુન પૂછે ભોળા ભીમ*
*તમે સેવા કોની કરી રે લોલ...*

શ્રાવણ માસમાં તો નારીઓના કંઠે અનેક શિવવિષયક લોકગીતો સાંભળવા મળે છે :

**મારા ભોળા મહાદેવ,હોંશિલાને કાજ મેં તો ભાંગ વાવી છે.**
**ભાંગ વાવી ભોળાનાથે, નીંદે છે ગણેશ**
**પારવતીજી પાણી વાળે છૂટાં મેલી કેશ...**

***

**ભોળા ભોળા શિવજી તમને વિશ્વ વખાણે,**
**તમારી કળા તો શિવજી કોઈ નવ જાણે રે...**

***

**શિવના મંદિરિયે સૌ પ્રેમે પ્રેમે ભક્તો આવો રે,**
**જય શિવ શંકર શંકર કહીને મંખથી ધૂન મચાવો રે...**

ચારણો તો શિવ-શક્તિના ઉપાસકો. એમની રચનાઓમાં ચારણીસાહિત્યમાં પણ શિવસ્તુતિના અનેક છંદો મળે છે. હરદાસજી મિશણ નામના ચારણ કવિઓ તો ‘હર રસ’નામે શિવમહિમા ગાતી, ૫૦ થી વધુ દુહાઓમાં સુદીર્ઘ રચના આપી છે.

**આદિ શિવ ઓમકાર, ભંજન ધર પાપભાર,**
**નિરંજન નિરાકાર ઈશ્વર નામી**
**દાયક નવનિધિદ્બાર,**
**ઓપત મહિમા અપાર સરજન સંસાર સાર શંકર સ્વામી**
**ગેહરી શિરવહત ગંગ,**
**તાપ હરત જલ તરંગ ઉમિયા અરધંગ અંગ કેફ અહારી.**

‘ઓખાહરણ’ જેવી રચનાઓમાં શિવજીનો મહિમા ગવાયો છે. શિવતાંડવ નૃત્ય પણ ચારણ કવિઓનો પ્રિય કવન બન્યું છે. મહાત્મા રામકૃષ્ણ ઉર્ફે શંભુપુરીજી મહારાજ આ શિવજીના નૃત્યનું વર્ણન ચર્ચરી છંદમાં કરે છે.

(દોહા)
**સુરગુણ સાજ શૃંગારિ કે સદા જાત કૈલાસ,**
**કરત શું ત્રાંડવ નૃત્ય શિવ, ઈમિ પ્રસિદ્ધ ઈતિહાસ.**
**શિતલ અમલ મધુર જલ, જલજ બિપુલ બહુ રંગ,**
**કુંજત કલરવ હંસગણ, ગુંજત મંજુલ ભ્રંગ**

(છંદ ચર્ચરી)
**શૈલશૃંગ સમ વિશાલ જટાજૂટ ચંદ્ર ભાલ,**
**ગંગકી તરંગ માલ, વિમલ નીર ગાજે**
**લોચન ત્રય લાલ લાલ, ચંદનકી ખોરી ભાલ,**
**કુંમ કુંમ સિંદુર ગુલાલ ભ્રકુટી વર સાજે**
**મુંડનકી કંઠમાલ વિહસત હૃદય ખુશાલ,**
**સ્ફટિક જાલ રૂમાલ, હરદયાલ રાચે**
**બમ્ બમ્ બમ્ ડમરૂ બાજ,**
**નાદ વેદ સ્વર સુ સાજ, શંકર મહારાજ આજ, ત્રાંડવ નાચે..**
**ભોલે મહારાજ આજ તાંડવ નાચે....૦** ■

---

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# કામ શત્રુ



ગત અંકમાં દિવ્ય ગુણોથી મોક્ષની વાત કરીને હવે ભગવાન કૃષ્ણ કામ રૂપી શત્રુથી ચેતવે છે.

ગીતા કહે છે કે, કામનાઓની પૂર્તિ ક્યારેય થતી જ નથી.

મહાભારતમાં એક કથા છે. યયાતિ કુરુવંશના પૂર્વજ હતા. યયાતિ વીર પુરુષ તેમ જ યોદ્ધા હતા, પરંતુ કામનાઓથી ગ્રસિત હતાં. તેમની પત્ની દેવયાનીના પિતા શુક્રાચાર્યે તેમને શાપ આપેલો કે તારું યૌવન જતું રહેશે. યયાતિને બહુ ચિંતા થઈ કે યૌવન નહીં હોય તો કામનાઓની પૂર્તિ કઈ રીતે થશે? જ્યારે તેમણે શુક્રાચાર્યને શ્રાપ પાછો લેવા કહ્યું ત્યારે શુક્રાચાર્યે કહ્યું કે જો કોઈ તારું વૃદ્ધત્વ લેવા તૈયાર થશે તો તારું યૌવન તને પાછું મળશે. યયાતિએ પોતાના બધાં પુત્રોને વૃદ્ધત્વ લેવા માટે પૂછ્યું. પૂરુ નામનાં તેમના પુત્રે તેમનું વૃદ્ધત્વ લઈ લીધું. અહીં સમજવાની વાત એ છે કે બધું ભોગવી લીધા પછી પણ કામનાઓની પૂર્તિ તો થતી જ નથી. ગમે તેવા સમર્થ પણ કામની આગળ હારી જાય છે. કામની એ તાકાત છે. ગમે તેવાને ભૂલા પાડી દઈ શકે છે. કામના આવેગો ઘોડાપૂર કરતાં પણ વધારે બળવાન છે. જે કામને શાંત રાખે છે ને એના પર શાસન કરી શકે છે, તે જ ઋષિપદને પામીને પરમાત્માને ઓળખી શકે છે.

संकल्पात् जायते काम :, सेव्यमानो विवर्धते। (મહાભારત)

સંકલ્પથી કામ ઊપજે છે, સેવવાથી વધે છે. માટે વિષયના સંકલ્પ ન કરવા, સંકલ્પો કરતા રહેવાથી કામ વધતો જાય છે.

કોઈપણ વિષય જેવા કે કામ, ક્રોધ, લોભ વગેરેની શરૂઆત ઈન્દ્રિયો અને વિષયોના સંપર્કથી થાય છે. જેમ કે, આપણે કોઈ દૃશ્ય જોયું અને આપણને તે ગમ્યું. ત્યારથી એની વાસના શરૂ થઈ જાય છે. કોઈ સુંદર ફરવાની જગ્યા આપણે જોઈએ અને આપણને તરત ત્યાં જવાની ઈચ્છા થઈ જાય છે.

અરે, કોઈ સરસ વાનગી વિશે સાંભળીએ કે વાનગીનું ચિત્ર પણ જોઈએ તો પણ આપણને તરત જ તે ખાવાની ઈચ્છા થઈ જાય છે. વિજાતીય આકર્ષણ કામની જ અભિવ્યક્તિ છે. અને અહીંથી જ પતનની શરૂઆત થાય છે. પછી આગળ મન અને બુદ્ધિમાં પણ એ જ વિષયો વસી જાય છે. ઇન્દ્રિયો જે વિષયોને ગ્રહણ કરે છે તે મન પર અંકિત થઈ જાય છે અને પછી બુદ્ધિ તેને પામવા માટેનાં પ્રયત્નો ચાલુ કરે છે. ઇન્દ્રિય, મન અને બુદ્ધિ ત્રણેય જગ્યાએ આ કામ-રૂપી શત્રુઓ પોતાનો અડ્ડો જમાવીને બેસી જાય છે અને જ્ઞાનને ઢાંકી દઈને જીવાત્માને મોહિત કરે છે. પોતાનાં આત્મસ્વરૂપને ભૂલીને પોતાને જ દેહ સમજી બેસે છે અને દેહના વિષયોને સંતોષવાનો પ્રયત્ન કરે છે. દેહ છોડવાનો સમય આવી જાય ત્યાં સુધી વિષયો પાછળની આ દોડાદોડ ચાલુ જ રહે છે.

વૃદ્ધ શરીરમાં પણ કામના અને ભોગની ઇચ્છા સુષુપ્ત રહે છે. આજ કાલ લગ્ન પહેલા પ્રીવેડિંગ ફોટોશૂટ/વીડિયોશૂટ થાય છે. કેટલાક જૂના લોકોને કહેતાં સાંભળ્યા હશેઃ કે યાર.. કેવું જોરદાર હોય છે. આપણી વખતે આવું કશું જ નહોતું. એમ તે તેનો અફસો....સ કરે છે. આમ, લોકો જે પહેલાં નથી કરી શક્યાં એ કરવા માટે સેકન્ડ ઇનિંગના નામે તે ભોગવવા માટે તૈયાર જ છે!

અરે! સેકન્ડ ઇનિંગનો અર્થ આમ બાકી રહી ગયેલું હવે ભોગવવું એવો નથી, પરંતુ એ છે કે હવે આપણે આપણા મનને સંસારમાંથી કાઢીને ઈશ્વર સાથે એકરૂપ કરવાનો સમય આવી ગયો છે. સંસારની મોહજાળમાંથી છૂટા પડવાનું છે. સાંસારિક જવાબદારીઓમાંથી મુક્ત થયા પછી શાંત ચિત્તે ઈશ્વર સાથે તદ્રૂપ થવું, તેની સેવા કરવી, સત્સંગ કરવો, પૂજાપાઠ કરવા. મૃત્યુ ક્યારે આવશે એની ખબર નથી એટલે જલદી હું મનુષ્ય જન્મને સાર્થક કરી લઉં.

કામનાઓની પૂર્તિ કરવાથી શક્તિનો વ્યય થાય છે અને તૃષ્ણામાં વૃદ્ધિ થતી રહે છે. આ પરિસ્થિતિમાં માણસની પચાવવાની શક્તિ ક્ષીણ થઈ ગઈ હોય છે, પરંતુ સ્વાદના ચટાકા ઓછા થતા નથી. આંખો નબળી થઈ ગઈ હોય છે પરંતુ જોવાની લાલસા રોકી શકતા નથી. તેથી જ ભગવાન કહે છે કે કામને તું તારો દુશ્મન સમજ. ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્ગીતામાં આપણને પોતાની જાતને, સૃષ્ટિને અને આપણી વૃત્તિને સમજવાની સમજ આપે છે, દૃષ્ટિ આપે છે.

મહંત સ્વામી મહારાજ પણ કહે છે કે ‘કામનો અંત નથી. સંયમ અને નિયમથી જ જીવન સુખી બને છે.’ એ સદુપદેશ યાદ રાખીને એને સાર્થક કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો જીવન ઉજ્જવળ બને એમાં સંદેહ નથી. ■

---

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# એક એવું મંદિર, જ્યાં મૂષકોનો આરોગેલો પ્રસાદ ભક્તો પણ આરોગે છે!



રાજસ્થાનમાં એક શહેર છે, દેશનોક. કદાચ આપણે તેનું નામ પણ બહુ સાંભળ્યું ન હોય. પણ જો બિકાનેર કહીએ તો એવું કોઈ ન મળે જેણે નામ ન સાંભળ્યું હોય. આ બિકાનેર જિલ્લામાં આવેલું દેશનોક ભલે નાનકડું, પણ અતિ પ્રસિદ્ધ શહેર છે. આ શહેર પ્રસિદ્ધ છે, ત્યાંના એક મંદિર માટે. આમ તો આ મંદિર, દેવી દુર્ગાના રૂપને સમર્પિત છે, પરંતુ તેની એક વિશિષ્ટતા આ મંદિરને ખાસ બનાવે છે.

આ ગામની સ્થાપના સંવત ૧૪૭૬માં ભગવતી દેવી કરણીજી દ્વારા કરવામાં આવી હતી. મારવાડના રાઠોડ શાસક અને કરણીજીના અનુયાયી રાવ રણમલે તેનું પ્રારંભિક નામ દેશોટ સૂચવ્યું જેનો અર્થ ‘માતૃભૂમિની ઢાલ’ થાય છે. જોકે, કરણીજીએ કહ્યું કે જ્યાં સુધી રાજ્યના શાસકો આપબળે નૈતિક મૂલ્યો માટે લડતા રહેશે, ત્યાં સુધી રાજ્યો તેમના શાસકોના રહેશે. તેથી, તેમણે ગામનું નામ આત્મસન્માનના પ્રતીક રૂપ દેશનાક (માતૃભૂમિનું નાક) રાખ્યું. પાછળથી દેશનાકનું અપભ્રંશ દેશનોક થયું.

## કરણી માતાનો ઇતિહાસ શું છે?

વાયકા મુજબ, કરણીજીનો જન્મ ચારણોના કિનિયા વંશમાં થયો હતો. બાળપણથી જ તેમની સાથે ઘણા ચમત્કારો સંકળાયેલા હતા. કરણી માતાને દેવી દુર્ગાનું સ્વરૂપ માનવામાં આવે છે. રાજસ્થાનના રાજપૂતોને તેમનામાં શરૂઆતથી જ ઊંડી આસ્થા અને ભક્તિ હતી. જોધપુર અને બિકાનેર સહિતના રાજપૂત રજવાડાના કિલ્લાઓનો શિલાન્યાસ તેમના પાવન હસ્તે થયાની નોંધ છે. ૧૫૩૮માં, કરણીજી જેસલમેરના મહારાજાને મળવા ગયા હતા. તે વર્ષે ૨૧ માર્ચે તેઓ કેટલાક અનુયાયીઓ સાથે દેશનોક પાછા ફરી રહ્યા હતા. તેઓ બિકાનેર જિલ્લાના દિયાત્રા નજીક હતા જ્યાં તેમણે કાફલાને પાણી માટે રોકાવાનું કહ્યું. તેઓ ત્યાં અદ્રશ્ય થઈ ગયા! કહેવાય છે કે તે વખતે તેમની વય ૧૫૧ વર્ષની હતી.

રાજસ્થાન પ્રવાસન નિગમ દ્વારા અપાયેલી માહિતી મુજબ કરણી માતા મંદિરનું બાંધકામ ૨૦મી સદીની શરૂઆતમાં બિકાનેરના મહારાજા ગંગા સિંહ દ્વારા પૂર્ણ થયું હતું. પણ આ મંદિર ૬૦૦ વર્ષ જૂનું હોવાનું કહેવાય છે. રાજસ્થાનમાં કરણીમાતાના અન્ય મંદિરો પણ છે. પરંતુ દેશનોકનું આ મંદિર અતિ પ્રસિદ્ધ બન્યું, તે તેમની વિશેષતા, એટલે ત્યાં રહેલા ઉંદરોના કારણે.

## શું છે ઉંદરોની કથા?

માતા કરણીએ તેમની સગી બહેનના દીકરા લક્ષ્મણને પોતાના દીકરાની જેમ ઉછેર્યો હતો. એક દિવસ કોલાયત નજીકના કપિલ સરોવરમાં સ્નાન કરતી (અથવા જળ પીતી વખતે) વખતે લક્ષ્મણ ડૂબી ગયો. માતાની નાની બહેને લક્ષ્મણને પુનર્જીવિત કરવા માટે કરણી માતાને પ્રાર્થના કરી. કરણી માતાએ દીકરાના શરીરને પોતાના હાથથી ઉપાડ્યું અને આજે જ્યાં મૂર્તિ છે ત્યાં લઈ ગયા, દરવાજા બંધ કરી દીધા અને દરવાજા ન ખોલવા કહ્યું. કહે છે કે તેઓ સ્વયં યમરાજ પાસે ગયા અને લક્ષ્મણને જીવંત કરવા માટે પ્રાર્થના કરી. યમરાજે પ્રશ્ન કર્યો કે તો જીવન-મૃત્યુનું ચક્ર કેવી રીતે ચાલશે? ત્યારે કરણી માતાએ કોઈપણ રૂપમાં જીવંત કરવાની વિનંતી કરતા તેને ઉંદરના રૂપે પુનર્જન્મ આપ્યો. કરણી માતાએ ઘોષણા કરી કે હવે તેમનો પરિવાર યમરાજ પાસે નહીં જાય અને જ્યાં પોતે રહેશે ત્યાં જ તેઓ પણ રહેશે. આમ, ફક્ત લક્ષ્મણ જ નહીં પરંતુ કરણી માતાના બધા વંશજો ઉંદરો તરીકે પુનર્જીવિત થાય છે, તેમ માનવામાં આવે છે.

આ મંદિરમાં ૨૫,૦૦૦થી વધુ ઉંદરો રહે છે. સામાન્ય રીતે, ઉંદરોના એઠાં ખોરાક ખાવાને બદલે ફેંકી દેવામાં આવે, પરંતુ અહીં ભક્તોને ઉંદરોનો એંઠો પ્રસાદ આપવામાં આવે છે. આ જ કારણ છે કે આ મંદિરમાં દેવીના દર્શન માટે દેશ-વિદેશથી ભક્તોની ભારે ભીડ ઊમટે છે. લોકો ઉંદરો માટે દૂધ, મીઠાઈ અને અન્ય પ્રસાદ પણ લાવે છે. બધા ઉંદરોમાંથી, સફેદ ઉંદરોને કરણી માતાના વંશજોનો અવતાર માનવામાં આવે છે. આ મંદિરમાં ઉંદરને ભૂલમાં પણ ઇજા પહોંચાડવી કે મારવા એ ગંભીર પાપ છે. એટલા માટે અહીં લોકો ચાલતી વખતે પગ ઉપાડવાને બદલે ઢસડીને ચાલે છે, જેથી કોઈ ઉંદર તેમના પગ નીચે ન આવે. જો ભૂલમાં એવું થાય તો મંદિરમાં સોનાનો ઉંદર ચડાવવાની પ્રથા છે. પરંતુ જો કોઈ ભક્તના પગ પરથી ઉંદર પસાર થઈ જાય, તો દેવીના આશીર્વાદ માનવામાં આવે છે.

આ મંદિરમાં રહેલા ઉંદરોને કાબા કહેવામાં આવે છે. જો એક ઉંદર પણ ઈચ્છે તો તમારા ઘરમાં તબાહી મચાવી શકે છે. ઘરમાં દુર્ગંધ આવવા લાગે છે, પરંતુ કરણી માતા મંદિરમાં રહેલા ઉંદરો આવું કંઈ કરતા નથી. આજ સુધી, ઉંદરોને કારણે કોઈ રોગ ફેલાયો નથી. ઉંદરોના બચેલા પ્રસાદને ખાધા પછી લોકોને કોઈ નુકસાન થતું નથી.

દેશનોકમાં કરણી માતાનો મેળો વર્ષમાં બે વાર ભરાય છે. પહેલો અને સૌથી મોટો મેળો માર્ચ-એપ્રિલમાં ચૈત્રી નવરાત્રીમાં ભરાય છે. બીજો મેળો સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં, અશ્વિન માસની નવરાત્રિ દરમિયાન ભરાય છે. કરણી માતા દ્વારા સ્થાપિત દેશનોકનું ઓરણ, ૪૨ કિમી.નો વિસ્તાર છે. અહીં કોઈ પણ જીવંત પ્રાણીને નુકસાન પહોંચાડવા પર પ્રતિબંધ છે અને બળતણ માટે કોઈ વૃક્ષ પણ કાપવામાં આવતું નથી. નવરાત્રી દરમિયાન ઓરણ પરિક્રમા થાય છે, જેમાં હજારોની સંખ્યામાં ભક્તો, ખાસ કરીને કરણી માતાને પૂજતા રાજપૂતો ભાગ લે છે. ■

---

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# માનવતાનો સ્તંભઃ સમભાવ



ઘણા દિવસોથી શિષ્ય ગુરુની પાછળ પડયો હતો.

- દુઃખથી છૂટી જવાનો રસ્તો એક વારે બતાવો.

છેવટે કંટાળીને ગુરુએ તેને કહ્યું...

બહુ સહેલો રસ્તો છે. જે માણસ કહે કે હું સહુથી વધારે સુખી છું, તેનું પહેરણ માગીને પહેરાવ :

- શિષ્ય તો નીકળી પડયો એવા શખ્સની તલાશમાં જે સૌથ વધુ સુખી હોય !

--- પણ હાય રે કિસ્મત !

- દરેક માણસને મોંએ તેને એમ જ સાંભળવા મળતું કે, મારા કરતાં તો ફલાણો વધારે સુખી છે.

- ઘણા દિવસો -વરસો સુધી આમ ભટકયા પછી તે કોઇના કહેવાથી એક ભિક્ષુક-ફકીર પાસે પહોંચ્યો.

- મોં પર અંગૂઠો નાખી તે ખજૂરીના ઝાડ નીચે બેઠો હતો.

- શિષ્યે એને પૂછતાં ફકીરે કહ્યું.

- ‘હા, હું સહુથી સુખી છું.’

- શિષ્યે તો તેને દંડવત્ પ્રણામ કરી વિનંતી કરી કે, ‘મને તમારું પહેરણ આપો.!’

- ફકીર હસ્યો... પણ જો, ભાઇ. મારા શરીર પર પહેરણ કયાં છે?

- તેણે મુખ આડે મૂકેલો અંગૂઠો ખસેડયો તો એ જ ગુરુ હતા, જે ખુલ્લા શરીરે બેઠા હતા.

- શિષ્યના અંદરનાં નેત્ર ખુલી ગયા. તેણે લજાઇને પૂછયું.

* પણ ગુરુજી, આ વાત તમે મને પહેલાં કેમ કહીં નહી?

ગુરુએ કહ્યું : ‘તને ગળે ન ઊતરત! વચ્ચેની મહેનતને અંતે હવે તું સત્ય પચાવી શકે તેવો થયો છે...!

* ભિતરના ભેદ જાણે તે ભાગ્યવાન !

* પારકા ભાણાના લાડવા હંમેશાં મોટા લાગે. આ અને આવી કહેવતો પાછળ ઘણો મોટો બોધ સમાયેલો હોય છે તે સનાતન સત્યને સમજવો રહ્યો.

* ચિંતન વાણીઃ

* દરેક જણ સુખની ઇચ્છા રાખે છે, પણ ધર્મ સિવાય મનુષ્યોચિત સુખ કદી પણ મળી શકયું નથી એ વાત તમે કદી ભૂલશો નહીં.

* એકબીજાને માટે એકબીજાએ સહન કર્યા વગર માનવી-જીવન ચાલવું અશકય છે.

* સદ્ભાવનાથી, ઉદ્દાત બુદ્ધિથી અને સંતોષથી સહન કરવામાં ખરો ધર્મ છે. જીવનમાં આપણે વિકારવશતાથી લોભ કે અહંકારથી જેટલું આચરણ કરીએ કે સહન કરીએ તે બધું અધર્મ છે.

* આપણે જે કંઇ કર્તવ્ય તરીકે કરીએ, અને બીજા માટે સહન કરીએ તેમાં આપણને અહંકાર થવો જોઇએ નહીં, કારણકે એ અહંકાર જેને માટે આપણે સહન કર્યું હશે તેને દુઃખ દેશે. તેને પસ્તાવો કરાવશે અને એકબીજાના સંબંધમાં કડવાશ પેદા કરશે, દરાર ઊભી કરશે.

* અહંકાર કદી પણ બીજા દોષોથી અલિપ્ત રહી શકતો નથી. આપણે બીજા ઉપર ઉપકાર કર્યાની ભાવના અહંકાર સાથે હોવાની. ઉપકારની ભાવના પાછળ લોભ હોવાનો જ અને લોભના મૂળમાં બદલાની ઓછામાં ઓછું સ્તુતિની ઇચ્છા તો સહેજે જ હોવાની.

વ્હાલા વાચક બિરાદરો! અહંકાર સાથે રહેનારા આવા અનેક દોષોને લીધે ધર્મનું તેજ નાશ પામે છે. માટે આપણે ઉન્નત થવું હોય, ધર્મનિષ્ઠ રહેવું હોય તો કેવળ સદ્ગુણોના અને માનવતાના ઉપાસક બનવું જોઇએ.

બોધ :


પોતાની જરૂરિયાતો અને ઇચ્છાઓની માફક મનુષ્ય બીજાઓની જરૂરિયાતો અને ઇચ્છાઓનો વિચાર કરવા લાગે અને એ માટે પોતાની ઇચ્છાઓને રોકીને સંતોષપૂર્વક બીજાઓ માટે સહન કરવા માંડે એટલે તે માનવતાને માર્ગે લાગ્યો એમ કહી શકાય.

- માનવતા એટલે જ બીજાઓ વિશે સમભાવ. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# નેતિ નેતિ...




સનાતની સંસ્કૃતિમાં વૈદિક અને ઉપનિષદ આધારિત વિચારધારાનું આ અતિ મહત્ત્વનું વિધાન છે. બ્રહ્મની સમજ માટે આ પણ નહીં, તે પણ નહીં તે પ્રકારની પરિભાષાનો ઉપયોગ અહીં થયો છે. અંતિમ સત્યને સમજવા માટે આ એક અનોખી રીત સ્થાપિત કરવામાં આવી છે. નેતિ એટલે ન ઇતિ, અર્થાત આ નહીં - આ પણ નહીં અને તે પણ નહીં.

આ પ્રકારના વિધાનથી એમ સ્થાપિત થાય છે કે બ્રહ્મ અર્થાત્ અંતિમ સત્ય અર્થાત્ પરમ અસ્તિત્વ કોઈપણ પ્રકારના અનુભવથી બાધિત નથી. તે દરેક પ્રકારના સ્વરૂપ અને ગુણધર્મથી પર છે. તે ગુણધર્મથી પર હોવાથી તે દરેક પ્રકારની ઇન્દ્રિયની પહોંચથી બહાર છે. મન અને બુદ્ધિને પણ જે તે વાત સમજવા માટે કેટલાક ગુણધર્મોની જરૂર જણાય. બ્રહ્મ નિર્ગુણી હોવાથી મન અને બુદ્ધિની પહોંચમાં પણ નથી. અર્થાત અસ્તિત્વના કોઈપણ પાસાં દ્વારા તે પકડી ન શકાય તેવું અસ્તિત્વ છે. તે અનુભૂતિનો વિષય છે, જાણકારીનો નહીં. મન-બુદ્ધિ અને ઇન્દ્રિયો દ્વારા જે જાણમાં આવે તે અંતિમ સત્ય ન હોઈ શકે. બ્રહ્મ નથી કોઈ પદાર્થ કે જે ઇન્દ્રિયના સંપર્કમાં આવી શકે. બ્રહ્મ નથી કોઈ કલ્પનાનું પરિણામ કે જે મન અને બુદ્ધિની સમજમાં આવી શકે.

બૃહદારણ્યક ઉપનિષદમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્ય વિદુષી ગાર્ગીને બ્રહ્મની સમજ આપતા એમ કહે છે કે, ‘બ્રહ્મ આવાં આવાં લક્ષણવાળા છે’ એમ ન કહી શકાય. તેથી નિષેધમુખે - નિષેધના સિદ્ધાંતથી - સામાન્ય ભાષામાં કહીએ તો બાદબાકીની પ્રક્રિયાથી તેમણે બ્રહ્મને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. મહર્ષિ જણાવે છે કે તે બ્રહ્મ જાડું નથી અને પાતળું પણ નથી, ઝીણું નથી અને વિશાળ પણ નથી, લાંબું નથી અને ટૂંકું પણ નથી, રાતું નથી અને અન્ય કોઈ રંગ વડે આચ્છાદિત પણ નથી, ચીકણું નથી અને ચીકાશ વિનાનું પણ નથી, છાયાવાળું નથી અને છાયા વિનાનું પણ નથી, અંધારાવાળું નથી અને પ્રકાશિત પણ નથી, પવનવાળું નથી અને હવાની સ્થિરતાવાળું પણ નથી, આકાશ-પૃથ્વી-જળ-વાયુ અને અગ્નિવાળું નથી, સંગવાળું નથી અને અસંગી પણ નથી, રસવાળું નથી અને રસહીન પણ નથી, ગંધવાળું નથી અને ગંધહીન પણ નથી, તેને જ્ઞાનેન્દ્રિય નથી, તેને કર્મેન્દ્રિય નથી, મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર જેવાં સૂક્ષ્મ ભાવથી તે પર છે, તે પ્રાણ યુક્ત નથી, તે અમાપ છે, તે અંદર પણ છે અને બહાર પણ છે. તેને કોઈપણ પ્રકારના ભક્ષણની જરૂર નથી અને તે કોઈનું ભક્ષણ નથી.

આ સમગ્ર નેતિ નેતિની પ્રક્રિયાથી જે બાદબાકી થતી જાય તેનાથી સૃષ્ટિના દરેક તત્ત્વ સાથે એક પ્રકારનો છુટકારો મળતો જાય. જ્યારે દરેક બાબત માટે એમ કહેવામાં આવે કે ‘આ નહીં અને તે પણ નહીં’ તો વ્યક્તિ બધાથી ક્રમશઃ મુક્ત થાય તેની સંભાવના વધી જાય. આમ તો આ નકારાત્મક વિધાન છે એમ કહેવાય પણ તેનું સકારાત્મક પરિણામ અદભુત આવી શકે.

વળી, બ્રહ્મ માટે જ્યારે ‘આ કે તે’ એમ કહેવાય ત્યારે તેની શાશ્વતતા, તેનો વ્યાપ, તેની અસંલગ્નતા, તેનું નિરાકારપણું, તેની અનંતતા, તેની સમગ્રતા, તેની પૂર્ણતા, અને તેની વાસ્તવિકતા ખંડિત થાય. બ્રહ્મ અખંડ છે અને તેથી આ પ્રકારની સમજ ગેરસમજ સમાન ગણાય.

બ્રહ્મ નથી ઇન્દ્રિય કે નથી ઇન્દ્રિયનો વિષય. ઇન્દ્રિય અને તેના વિષયના સહયોગથી ઉદ્‌ભવતી સ્થિતિ પણ બ્રહ્મ નથી. બ્રહ્મ અકર્તા છે, સ્વતંત્ર છે, નિર્લેપ છે, સત્ય છે, નિત્ય છે, માત્ર તે છે. તેનો સ્વભાવ જ આધ્યાત્મિકતા ગણાય છે. સત્યને જાણી શકાય પકડી ન શકાય, એવું જ બ્રહ્મ માટે કહી શકાય. સત્યને કોઈ આકાર, રંગ, સ્વાદ કે સુગંધ નથી હોતી તેવું બ્રહ્મ માટે પણ કહી શકાય. સત્ય સૃષ્ટિના વ્યાપમાં સદાય પ્રવર્તમાન રહે, તેવું પણ બ્રહ્મ માટે કહી શકાય. સત્ય અને બ્રહ્મ સમકક્ષ છે પણ એક જ નથી. જ્યારે બ્રહ્મને સત્ય કહેવામાં આવે ત્યારે અસત્યનો આખો વિસ્તાર બહાર રહી જાય. તેથી બ્રહ્મ સત્ય પણ નથી અને અસત્ય પણ નથી. ગીતામાં પણ આ વાત બે વાર કહેવામાં આવી છે.

આ બ્રહ્મનું કાર્ય સ્વાભાવિક છે. આમ તો બ્રહ્મ કંઈ કરતું નથી છતાં પણ તેના અસ્તિત્વથી સૃષ્ટિના પ્રત્યેક કાર્ય સંભવ બને છે. જેમ સૂર્ય સૂર્યમંડળને પ્રકાશિત કરે છે, જેમ આત્મા જે તે શરીરને પ્રકાશિત કરે છે, એમ બ્રહ્મ બ્રહ્માંડને પ્રકાશિત કરે છે. બ્રહ્મ બ્રહ્માંડને પ્રકાશિત કરે છે તેમ પણ નથી. બ્રહ્મના અસ્તિત્વ માત્રથી બ્રહ્માંડ પ્રકાશિત રહે છે. બીજી રીતે એમ કહેવાય કે બ્રહ્મના અસ્તિત્વને કારણે, બ્રહ્મની હાજરીને કારણે, બ્રહ્મની અધ્યક્ષતામાં પ્રકૃતિ અથવા સર્જન અથવા સ્થાપિત લાગતું બ્રહ્માંડ પ્રતીત થાય છે. બ્રહ્મને ઊર્જા તરીકે પણ સમજી શકાય.

કોઈ પૂછી શકે કે બ્રહ્મને સમજવાની શી જરૂર છે. જ્ઞાનમાર્ગ માટે વાસ્તવિકતાની જાણ હોવી જોઈએ. જ્ઞાનમાર્ગમાં બ્રહ્મ માટેની યોગ્ય સમજ બહુ મહત્ત્વની ગણાય છે. ભક્તિમાર્ગ માટે પણ ઈશ્વર પ્રત્યેના સંપૂર્ણ સમર્પણ અને સંપૂર્ણ આદરભાવ માટે બ્રહ્મની યથાર્થ સમજ જરૂરી છે. કર્મ માર્ગમાં કદાચ આ પ્રકારનું જ્ઞાન એટલું જરૂરી નથી. અહીં એમ કહી શકાય કે નિષ્કામ કર્મ માટે સૃષ્ટિની વાસ્તવિક સ્થિતિનું જ્ઞાન ચોક્કસ મદદરૂપ થઈ શકે. યોગમાર્ગમાં તો અસ્તિત્વની સાથે સંકળાયેલ આત્મા-બ્રહ્મ પર જ ધ્યાન કેન્દ્રિત થતું હોય છે. એકંદરે એમ કહી શકાય કે દરેક માર્ગમાં બ્રહ્મની સમજ માત્ર ઈચ્છનીય નથી, જરૂરી પણ છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જ ઉપનિષદોમાં સ્પષ્ટપણે દર્શાવાયું છે કે બ્રહ્મ સર્વ ભૌતિક ગુણોથી પર છે. નેતિ નેતિની સમજ થકી અવ્યક્ત, અદ્વિતીય અને અનંત સત્ય તરફનું પ્રયાણ સરળ થઈ શકે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# ભક્ત નરસિંહનાં પદોમાં અમર્યાદ શૃંગાર નિરૂપણ છે...



।। કૃષ્ણભક્તિની અને સહજાનંદપ્રીતિની કવિતા ।।

લગભગ મોટેભાગે સ્વામિનારાયણીય સંપ્રદાયની કૃષ્ણભક્તિ કવિતામાં નંદસંતકવિઓએ શ્રીહરિને જ કૃષ્ણ રૂપે કલ્પીને પદરચનાનું સર્જન કર્યું છે. પણ પ્રેમસખી પ્રેમાનંદે કૃષ્ણભક્તિભાવથી કૃષ્ણ ભક્તિના ઘણાં સ્વતંત્ર પદો રચ્યાં જણાયા છે. મુનશીથી માંડીએ હરિપ્રસાદ ઠક્કર સુધીના અભ્યાસીઓ દ્વારા એ પ્રકારની રચનાઓનો અલગથી અભ્યાસ પણ થયો છે. મેં પ્રેમસખીનાં પદોનો ઊંડાણથી અભ્યાસ કરતી વેળાએ સ્વામિનારાયણ સંતકવિ પ્રેમસખી કઈ રીતે કૃષ્ણભક્તિગાનમાં નરસિંહ, મીરા અને દયારામથી અલગ પડીને સ્વામિનારાયણ સંપ્રદાયના વૈરાગ્ય, સરળ અને એકાંતિક ભાવનાને જાળવીને કૃષ્ણલીલાગાન - વૃંદાવનીય પ્રેમભાવને આલેખે છે તેની તપાસ કેન્દ્રમાં રાખેલી.

પ્રેમસખીની કૃષ્ણભક્તિનું ગોત્ર મીરા સાથે છે. નરસિંહ કે દયારામની કૃષ્ણભક્તિગાન પરંપરા સાથે નથી. કેટલાક અભ્યાસીઓનું મંતવ્ય છે કે નરસિંહના પદોમાં અમર્યાદ શૃંગાર નિરૂપણ છે એ પુરુષ છે એટલે અને મીરામાં નથી કારણ કે એ સ્ત્રી છે. કેટલાક અભ્યાસોનું કહેવું છે કે નરસિંહની પદકવિતામાં કૃષ્ણનો આત્મસાક્ષાત્કાર થયા પછીનાં ઉલ્લાસ-આનંદનો ઉદ્રેક છે અને મીરા તો સતત કૃષ્ણને પામવાનો તલસાટ અનુભવીને કૃષ્ણભક્તિમાં લીન રહી છે. એટલે પ્રભુપ્રાપ્તિની ઝંખનામાં સરળ નર્યો મર્યાદાભાવ હોય એ સ્વાભાવિક છે.

તેમ છતાં મીરાં માફક ગોપીભાવ-પ્રેમરસ-પ્રિયતમભાવ નહીં પણ પ્રેમસખી ભાવથી તેઓ સાક્ષાત પ્રેમરૂપ પરમકૃપાળુના પ્રીતિપાત્ર બનીને પણ સંપ્રદાયની સીમામાં બદ્ધ રહીને કૃષ્ણભક્તિનાં પદો રચ્યાં તેમાં મધ્યકાલીન પદ પરંપરાનું શૃંગારભાવને આલેખવાનું એમનું અનોખું રૂપ દૃષ્ટિગોચર થતું જણાયું છે.

આ માટે એમની વિપુલ પદરાશિમાંથી થોડાં દૃષ્ટાંતો અવલોકીએ:

*‘સખી મને પ્રીત બાંધણી કોડિલા કાનમાં રે..*
*‘આજ સખી શામળિયો વાલો, સુપનામાં મુને મળિયા રે’...*
*‘શામળિયે સ્વપ્નામાં મારા મનનું ગમતું કીધું રે,*
*અલબેલે, આલિંગન ચુંબન, પ્રેમ કરીને લીધું રે’.*
*‘મોંઘા મૂલોરે, બેની મોહન કેમ મેલાયે,*
*પ્રેમાનંદ કે’રે એ સારું જે થાતા થાયે...’*
*‘વ્હાલા રુદિયાકમળમાં ઘાલી રે, બાંધુ પ્રેમ દોરીએ જાલી રે.*
*‘આવો મરમાળા મોહન, મંદિર મોરે માણો રે,*
*અમે અબળા હરિદાસ તમારા, અમથી ભ્રાંત મા આણો રે..’*
*‘મન મારું મળવા અકળાયે, બીજા કોને નવ કેવાયે રે..’*
*‘સગા કુટુંબ, પિયર સાસરિયા, ન રહું કોઈની ઝાલી રે,*
*પ્રેમસખી વાલાને વરવા, શિર કરમાં લેઈ ચાલી રે...’*
*‘તમ કારણ લોક કટુંબ તજીને રે,આવી વસું છું તારે ઓલીડે રે,*
*પ્રેમાનંદ કહે વાલા મન, કર્મ વચને, શિર તો સોંપ્યું છે તારે ખોળડે રે’.*
*‘અંગો તે અંગ આલિંગન લેતા, મોહન મનડું તે ભીંજે,*
*મનગમતું માણો મોહનજી, કોઈથી મનમાં ન બ્હીજ...’*

વૃંદાવનીય ભક્તિધારાના વિલાસી શૃંગાર ભાવ તથા રાધાભાવના અપ્રતીમ તલસાટના અમર્યાદપણે શૃંગારભાવનું નિરૂપણ કરનારા નરસિંહ અને દયારામના સંદર્ભે સમર્યાદ શૃંગારભાવને આલેખતા પ્રેમસખી પ્રેમાનંદની ભક્તિભાવના બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મને ભજવાની - પ્રાપ્ત કરવાની હોઈને એમનો શૃંગારભાવ નિર્મળ અને નિર્ભેળ પ્રેમભાવના પ્રાગટ્યરૂપે અવલોકવા મળે છે. આ ભક્તિભાવસભર શૃંગાર નિરૂપણનું એક આગવું રૂપ છે. પ્રેમભાવને ભક્તિશૃંગારથી પરિષ્કૃત-પરિપ્લાવિત કરતા પ્રેમાનંદ સંમિલનથી સંપ્રાપ્તિની સુધીની સુખાનુભૂતિને તથા વિયોગની વિરહવેદનશીલતાની પીડા-અનુભૂતિને અભિવ્યક્ત કરતા અવલોકવા મળે છે.

મારી દૃષ્ટિએ તેઓ સખાની કે પ્રેયસીને બદલે સખી બન્યા અને એ પણ સામાન્ય સખી નહીં પરંતુ પ્રેમથી પ્રજ્વલિત દિવ્ય તેજ રાશિના સ્નેહસિક્ત તેજ પાથરતી પ્રેમસખી. એટલે તો તેઓ બ્રહ્માનંદની ‘શિર સાટે નટવર વરીએ’ પદાવલિને બદલે ‘શિર કરમાં લેઈ ચાલી રે’ તથા ‘શિર તો સોંપ્યું છે ત્યારે ખોળડે રે’ જેવી પદાવલિનું સર્જન કરી શક્યા છે. આમ તેઓ સખાભાવથી નહીં પણ પ્રેમભાવથી પરિસંતૃપ્ત નિષ્ઠાથી ગાય ઊઠે છે કે ‘વહાલા પ્રેમસખી છે તમારી રે.’

વૃંદાવનવિહારી કૃષ્ણ પરત્વેની ભક્તિથી આ અને સખીયુક્ત પ્રીતિભાવથી પરિપ્લાવિત પ્રાણધારા પ્રગટાવતા પદોનો શૃંગાર આવા ભાવરૂપ કારણથી સમર્યાદ રીતે નિરૂપાયાનું જણાય છે. એટલે જ તો મુનશી જેવા રસિક અને રોમાંચક ભાવોના પુરસ્કર્તાએ ઈ.સ. ૧૯૦૨માં નોંધ્યું કે ‘ભક્તિસાહિત્યની દૃષ્ટિએ સ્વામિનારાયણ પંથમાં પ્રેમાનંદ મોટાકવિ છે એટલું જ નહીં પણ નરસિંહ મહેતા પછી મધ્યકાળના સાહિત્યમાં જો કોઈના કાવ્યોમાં શુદ્ધ ભક્તિની આંચ દેખાતી હોય તો આ પ્રેમાનંદમાં છે.’

વૃંદાવનીય શ્રીકૃષ્ણની ભક્તિ સાથે ભગવાન સ્વામિનારાયણ પરત્વેની ભક્તિનાં પદોને સમુચિત રીતે વિજરાય વૈદ્યે ‘પ્રાર્થનાભાવનાં કવિતા-ભજનો’ ગણ્યા છે. પ્રેમાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણના પ્રત્યક્ષ દર્શન મિલનભાવને રમણીય રૂપસૃષ્ટિ અર્પી છે. ચમત્કારિક રૂપરાશિ અને ચિતાકર્ષક વ્યવહાર - વર્તનોને આલેખતા લીલાચરિત્રનાં પદો આનું ઊજળું ઉદાહરણ છે. ભગવાન સ્વામિનારાયણની સૌમ્ય, સૌહાર્દભાવ પ્રગટાવતી કિશોરરૂપની પ્રતિમા વડતાલધામના મંદિરના દક્ષિણ દેશમાં પ્રતિષ્ઠિત છે. એના ડાબા હાથમાં પદ્મ છે અને એ દ્વારા અભયદાન અર્પે છે. આવા સહજાનંદજી પોતાના ભક્તોના ભાવને અનુવર્તીને વિવિધ વસ્ત્રાભૂષણો, સ્વાદિષ્ટ ભોજન સમયના વર્ણનના તેમજ ઉત્સવ ઊજવણી સમયના અલૌકિક, ઐશ્વર્યયુકત મહાત્મ્યસિક્ત મહિમામંડનના પદો, બારમાસી, કીર્તન પ્રેમાનંદ સ્વામીનાં પદોનું બીજું અનોખું રૂપ છે. તેઓ જુજવા રૂપે જુજવા સંગે જુજવા નામે ઓળખાયા હોઈ આવા અનંતરૂપો ભગવાન સ્વામિનારાયણના ગણાવતા-આલેખતા દૃષ્ટિગોચર પણ થાય છે. એમની ‘શિક્ષાપત્રી’ કૃતિ એનું દૃષ્ટાંત છે.

**‘રાધા સંગે હોય ત્યારે રાધાકૃષ્ણ પ્રભુ જ એ,**
**રુક્મિણિ-લક્ષ્મીજી સંગે લક્ષ્મીનારાયણ જ એ**
**અર્જુન સંગમાં એહ નરનારાયણ પ્રભુ.**
**બળભદ્રાદિની સંગે તે તે નામે કથાય તે’**

આવા ભગવાન સ્વામિનારાયણ પરત્વે તેઓને અપાર પ્રીતિ છે. અહર્નિશ એમની સેવામાં જ સમર્પિત છે. એમણે ધારણ કરેલ વસ્ત્ર. આભૂષણોની સજાવટના દર્શનથી મોહિત થયેલા પ્રેમસખી પ્રેમઘેલા થઈને એના આંખને મટકે, હાથને લટકે અને જરીના પટકે હૃદયમાં કેવા ભાવોનું પ્રાગટ્ય થતું એ ભક્તિભાવને હૃદયસ્પર્શી અભિવ્યક્તિ અર્પતું પદ અવલોકીએ.

**‘લીધું ચિત્ત હરીને, હેલી મારું ચિત્ત હરીને**
**લાડીલે લટકા કરીને.’**

એમની દિવ્ય રૂપરાશિથી અનુરક્ત ભાવે રાગાત્મક ભાવોનું સંવેદનવિશ્વ ખડું કરતી પ્રેમસખી પદાવલિ ‘મારા વાલાજીનું રૂડું રૂપ જોઈને હું તો મોહી’ એવું ગાન સહજ રીતે ગેયતા ધારણ કરતું અવલોકવા મળે છે.

(ક્રમશઃ)■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# શું મારા પિતાનો વધ કરવામાં સરસ્વતી, લક્ષ્મી ને પાર્વતીનો સહકાર હતો?



(ગતાંકથી ચાલુ)

માતા પાર્વતીની વિનંતી સાંભળી ભગવાન શિવે કહ્યું, ‘પ્રિયે પૃથ્વીવાસીઓ મારા નવ આશુતોષ અવતારોનું શ્રવણ અથવા ૧૧ જ્યોતિર્લિંગની પૂજા અર્ચના કરશે તેમના પાપોનો નાશ થશે અને ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવી શકશે.’ તો માતા પાર્વતીએ કહ્યું, ‘પૃથ્વીવાસીઓના કલ્યાણ માટે પ્રથમ તમે તમારા નવ અવતાર અને ૧૧ જ્યોતિર્લિંગ વિશે જણાવો.’ ભગવાન શિવે કહ્યું કે ‘હું શ્વેત, સુતાર, દમન, સુહોત્ર, કંક, લોકાક્ષિ, ઋષભ નામે અવતાર લઈશ. તેમજ કળિયુગમાં હું સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલ, ઓમકારેશ્વર-મમલેશ્વર, વૈજનાથ, ભીમાશંકર, રામેશ્વર, નાગેશ્વર, વિશ્વેશ્વર, કેદારેશ્વર અને ઘૃષ્ણેશ્વર નામે પ્રગટ થઈશ. જે માનવ આ જ્યોર્તિલિંગની પૂજા-અર્ચના કરશે તેના પાપોનો નાશ થશે અને ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવશે. માતા પાર્વતીએ તેમને પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના પ્રાગટ્ય વિશે માહિતી આપવા જણાવતાં ભગવાન શિવે કહ્યું,

ચંદ્ર દેવ દક્ષ પ્રજાપતિની ૨૭ પુત્રી સાથે પરંપરાગત રીતે લગ્ન કરે છે. ચંદ્ર દેવ દ્વારા રોહિણી પ્રત્યે વિશેષ પ્રેમ દર્શાવાતા તેની અન્ય પત્નીઓમાં રોહિણીની ઈર્ષ્યા થતી. દક્ષ પ્રજાપતિએ ચંદ્ર દેવને વારંવાર સમજણ આપી, પણ રોહિણી પ્રત્યેનો તેમનો પ્રેમ યથાવત રહ્યો અને અન્ય પત્નીઓને ન્યાય ન આપી શકવાના ચંદ્ર દેવના વર્તનથી ગુસ્સે થઈને દક્ષ પ્રજાપતિએ તેમને કદરૂપા (ક્ષયરોગ) થવાનો શાપ આપ્યો, દક્ષ પ્રજાપતિના શ્રાપથી ચંદ્રદેવ પથારીવશ થઈ ગયા. ચંદ્રદેવની સ્થિતિ જોઈ દક્ષ પ્રજાપતિ તેમના આરાધ્ય ભગવાન શ્રીહરિ વિષ્ણુ પાસે ક્ષીરસાગર પહોંચ્યા. ભગવાન શ્રીહરી વિષ્ણુ જણાવે છે કે, તમારો શ્રાપ ચંદ્રદેવે ભોગવવો જ પડશે, પણ એ શ્રાપથી ભગવાન શિવ જ રક્ષણ કરી શકશે. ચંદ્રદેવ અને તેમની પત્નીઓ જો ભગવાન શિવના શરણે જશે તો ચંદ્રદેવની રક્ષા થઇ શકશે. ચંદ્રદેવ અને તેમની ૨૭ પત્નીઓ ભગવાન શિવની આરાધના કરે છે. તેમનો સ્વર કૈલાસ સુધી પહોંચતાં ભગવાન શિવ પ્રભાસ ખાતે જ્યાં ચંદ્રદેવ અને તેની પત્નીઓને સાક્ષાત દર્શન આપે છે અને કહે છે, હે ચંદ્રદેવ, તમારું પૂર્ણપણે શ્રાપ મુક્ત થવું શક્ય નથી. પરંતુ સમસ્ત સંસારના સમતુલન માટે હું તમારા શ્રાપને હળવો કરી શકું છું. આજથી તમારી કલા એક પક્ષમાં પ્રતિદિન નિરંતર વધતી રહેશે અને બીજા પક્ષમાં તમારી કલા પ્રતિદિન ક્ષીણ થતી રહેશે. આમ નિરંતર તમારી કલા એક પક્ષમાં વધશે અને એક પક્ષમાં ઘટશે. એજ સમયે ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને બ્રહ્મદેવ ત્યાં પધારે છે અને બ્રહ્મદેવ કહે છે, હે દેવાધિદેવ, તમારા આશીર્વાદથી ચંદ્રદેવ અને તેમની પત્નીઓનું કલ્યાણ થયું મારી વિનંતી છે કે સમસ્ત સંસારના માનવીઓના કલ્યાણ માટે તમે અહીં પ્રભાસતીર્થ ખાતે જ્યોર્તિલિંગ તરીકે સ્થાપિત થાઓ. બ્રહ્મદેવની વિનંતી સાંભળતા જ ભગવાન શિવના હૃદયમાંથી એક જ્યોત નીકળી અને એક જ્યોર્તિલિંગ તરીકે સ્થાપિત થાય છે જે આજે સૌરાષ્ટ્રના પ્રભાસ તીર્થે સોમનાથ જ્યોર્તિલિંગ તરીકે પ્રખ્યાત છે.

***

માતા પાર્વતીઃ સ્વામી હવે બીજી જ્યોર્તિલિંગ વિશે જણાવો.

એજ સમયે આકાશ માર્ગે સ્વર્ગલોકની અપ્સરાઓ જવા માંડી.

માતા પાર્વતીઃ પ્રભુ આ અપ્સરાઓ ક્યાં જઈ રહી છે.

ભગવાન શિવઃ પાર્વતી આ અપ્સરાઓ દેવરાજ ઇન્દ્રના આદેશથી ગજાસુરની આરાધના તોડવા જઈ રહી છે.

***

દેવરાજ ઈન્દ્રના આદેશથી સ્વર્ગલોકની અપ્સરાઓ ગજાસુર પાસે પહોંચી અને નૃત્ય કરવા લાગી. અપ્સરાઓના નૃત્યથી ગજાસુરની આરાધનામાં વિક્ષેપ થતા તેને ક્રોધ આવ્યો. ક્રોધાવશ ગજાસુરે અપ્સરાઓને ઊંચકીને સમુદ્રમાં ફેંકી દીધી. ગભરાયેલા દેવગણો બ્રહ્માજી પાસે પહોંચ્યા.

દેવરાજ ઇન્દ્રઃ બ્રહ્મદેવ તમારા ભક્ત ગજાસુરને વરદાન નહીં આપવા અમારી વિનંતી છે.

બ્રહ્માજીઃ દેવરાજ તમને ખબર છે કે આરાધ્ય આરાધકને વરદાન આપવા બંધાયેલા છે. તેમની મનોકામના પૂર્ણ કરવી એ આરાધ્યની જવાબદારી છે. તમે ચિંતા ન કરો હું દેવતાઓને અન્યાય થાય તેવું વરદાન નહીં આપું.

***

ગજાસુરની આરાધનાનો સ્વર બ્રહ્મલોક સુધી પહોંચવા લાગતાં બ્રહ્માજી વરદાન આપવા ગજાસુર પાસે પહોંચે છે.

બ્રહ્માજીઃ ગજાસુર આંખ ખોલો અને વરદાન માગો.

ગજાસુરઃ પ્રભુ વરદાન આપવું જ હોય તો મને અમર બનાવો કોઈ મારો વધ ન કરી શકે એવું વરદાન આપો.

બ્રહ્માજીઃ અમર થવાનું વરદાન આપવું મારા હાથમાં નથી, પણ તમને એવું વરદાન આપું છું કે તમારો વધ ફક્ત એ જ કરી શકે જેણે કામને વશ કર્યો હોય.

ગજાસુરઃ અવશ્ય પ્રભુ મને ચાલશે એવું વરદાન

બ્રહ્માજીઃ તથાસ્તુ.

***

વરદાન આપી બ્રહ્માજી પરત ફરે છે. એ જ સમયે દેવર્ષિ નારદ બ્રહ્મલોક પધારે છે.

દેવર્ષિ નારદઃ પરમ પિતા તમે ગજાસુરને આવું વરદાન આપ્યું હવે તેના અત્યાચારો સંસારવાસીઓએ સહન કરવા પડશે.

બ્રહ્માજીઃ પુત્ર નારદ, ચિંતા કરશો નહીં, તમે ફક્ત કાશી જઈ ત્યાંના સમગ્ર સાધુ-સંતોને ભગવાન શિવને પ્રસન્ન કરવા મહાયજ્ઞ કરવા કહો, યોગ્ય સમયે ભગવાન શિવ ગજાસુરને દંડિત કરશે.

***

બીજી તરફ ગજાસુર વરદાન મેળવી અસુરગુરુ શુક્રાચાર્ય પાસે પહોંચે છે.

ગજાસુરઃ ગુરુદેવ મેં બ્રહ્મદેવ પાસે અમર થવાનું વરદાન માંગ્યું હતું, તેમણે વરદાન આપતા કહ્યું કે કામદેવને વશ કરનાર વ્યક્તિ જ તમારો વધ કરી શકશે.

અસુરગુરુ શુક્રાચાર્યઃ અસુર શિરોમણી તમે પણ છેલ્લે બ્રહ્મદેવની કૂટનીતિમાં ફસાઈ જ ગયા. તમારા પિતા પણ આવી બ્રહ્મદેવની કૂટનીતિથી વિરગતિને પ્રાપ્ત થયા હતા.

ગજાસુરઃ ગુરુદેવ મને જણાવો કે મારા પિતાનો વધ કોણે કર્યો.

અસુરગુરુ શુક્રાચાર્યઃ તમારા પિતાનો વધ ત્રિદેવીઓની શક્તિ મેળવનાર જગદંબાએ કર્યો હતો.

ગજાસુરઃ શું મારા પિતાનો વધ કરવામાં સરસ્વતી, લક્ષ્મી અને પાર્વતીનો સહકાર હતો?

શુક્રાચાર્યઃ હા ત્રણે દેવીઓએ પોતાની શક્તિ અને શસ્ત્રો દેવી જગદંબાને આપ્યાં હતાં.

ગજાસુરઃ હું મારા પિતાની હત્યાનો બદલો અવશ્ય લઈશ.

એટલું કહી ગજાસુર ત્યાંથી અદૃશ્ય થઈ જાય છે.

***

ગજાસુર પોતાના પિતાના વધનો બદલો લેવા બ્રહ્મલોક પહોંચે છે.

બ્રહ્મદેવની બાજુમાં માતા સરસ્વતીને બેઠેલા જોઈ કહે છે, હવે તમારો વધ નિશ્ચિત છે દેવી સરસ્વતી. તમે મારા પિતાજીના વધમાં સામેલ હતાં, તેનો દંડ હું તમને અવશ્ય આપીશ.

આટલું બોલી ગજાસુર માતા સરસ્વતી પર હુમલો કરે છે. આ જોઈ માતા સરસ્વતી ક્રોધિત થાય છે અને તેમણે હાથમાં રહેલું કમળનું ફૂલ ગજાસુર પર ફેંકતા ગજાસુર બ્રહ્મલોકથી પછડાઈને પૃથ્વીલોક પર પડે છે.

(ક્રમશઃ)■

# કાવડિયાઓ ત્રિશૂળ કે હોકી સ્ટિક સાથે નહીં રાખી શકે

લખનઉ: હાલમાં ઉત્તર ભારતમાં ચાલી રહેલી કાવડ યાત્રા દરમિયાન વિવિધ માર્ગો પર તોડફોડ અને મારામારીની સંખ્યાબંધ ઘટનાઓ નોંધાઈ છે, આવી ઘટનાઓને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં કાવડયાત્રા દરમિયાન કાવડયાત્રીઓને હોકી સ્ટિક અને ત્રિશૂળ જેવી વસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત ધ્વનિ પ્રદૂષણને રોકવાના યાત્રાના રૂટ પર સાયલેન્સર વગરની બાઇક પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

એક અખબારી અહેવાલ મુજબ મેરઠ, બાગપત, મુઝફ્ફરનગર, શામલી, સહારનપુર, બુલંદશહર અને હાપુડ જિલ્લામાં કાવડ યાત્રાના રૂટ પર નવા ઓર્ડર લાગુ કરવામાં આવશે.

નોંધનીય છે કે કાવડ યાત્રા દરમિયાન કાવડયાત્રીઓને ત્રિશૂળ-તલવાર કેવા હથિયારો જાહેરમાં લેહેરાવતા જોવા મળ્યા હતાં. યુપી પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ભલે તે પ્રતીકાત્મક હોય પણ હથિયારોનું પ્રદર્શન ચલાવી લેવામાં આવશે નહીં.

અધિકારીએ જણાવ્યું હતું કે, ''સરકારે હથિયારો પર પ્રતિબંધ મૂકવાના સ્પષ્ટ નિર્દેશો આપ્યા છે. અમે તેનો કડક અમલ કરી રહ્યા છીએ.'' ■



**મેઘતાંડવ** મેઘરાજાએ પાંચ દિવસથી દક્ષિણ કોરિયાને ધમરોળી નાખ્યું છે. વરસાદને લીધે ૧૭ જણ મરણ પામ્યાં છે અને બીજા ૧૧ જણ લાપતા છે, એવી માહિતી સરકારે આપી છે. ઘર તૂટી પડવાને લીધે રવિવારે એક જણનું મરણ થયું હતું. (એજન્સી)

# સેક્સ સામે પ્રિસ્ક્રિપ્શન વિના દવા: અમેરિકામાં ભારતીય ડૉક્ટર પર આરોપ

ન્યૂ યોર્ક: અમેરિકાના ન્યૂ જર્સીમાં એક ભારતીય મૂળના ડોક્ટર પર ગંભીર તબીબી છેતરપિંડી, ઓપીઓઇડ્સનું ગેરકાયદે વિતરણ અને શારીરિક સંબંધના બદલામાં દવાઓ લખી આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ માહિતી અમેરિકી એટર્નીની ઓફિસ દ્વારા જારી કરવામાં આવેલી એક અખબારી યાદીમાં બહાર આવી છે.

શુક્રવારે ન્યૂ જર્સી ડિસ્ટ્રિક્ટની યુ.એસ. અટર્ની ઓફિસ દ્વારા જારી એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર સેકોકસનો રહેવાસી ૫૧ વર્ષીય રિતેશ કાલરા તેના ક્લિનિકમાંથી મનફાવે એમ દવા આપતો હતો, જ્યાં તે કથિત રીતે કોઇ પણ તબીબી સમર્થન વિના દર્દીઓને ઓક્સીકોડોન જેવી શક્તિશાળી ઓપીઓઇડ દવાઓ લખી આપતો હતો.

ફરિયાદીઓનો દાવો છે કે કાલરાએ તેમના મેડિકલ લાઇસન્સનો ઉપયોગ સારવાર માટે નહીં, પરંતુ ડ્રગ્સના વ્યસનથી પીડાતા નબળા દર્દીઓને પોતાનો શિકાર બનાવવા માટે કર્યો હતો. કાલરા પર એવો પણ આરોપ છે કે જાન્યુઆરી ૨૦૧૯ અને ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન તેણે ૩૧,૦૦૦થી વધુ ઓક્સીકોડોન પ્રિસ્ક્રિપ્શન જારી કર્યા હતા. જેમાં કેટલાક દિવસોમાં ૫૦થી વધુ પ્રિસ્ક્રિપ્શનો લખાયા હતા. કાલરા પર ખોટી વ્યક્તિગત મીટિંગ્સ અને કાઉન્સેલિંગ સત્રો માટે કથિત રીતે બિલ બનાવવાનો આરોપ છે. ■

# રશિયાના પેસિફિક તટે પાંચ ભૂકંપ પછી સુનામીનો ભય આખરે ટળ્યો

મોસ્કો : પ્રશાંત મહાસાગરમાં પાંચ શક્તિશાળી ભૂકંપ જેમાં સૌથી મોટો ૭.૪ના પરિમાણનો આવ્યો હતો અને આને પગલે રશિયાના કામચટકા દ્વીપકલ્પમાં સુનામીનો ભય ઊભો થયો હતો. જોકે પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરે (પીટીવીસી) જણાવ્યું હતું કે હવે આ ખતરો રહ્યો નથી. અમેરિકાના જીયોલોજિકલ સર્વેના જણાવ્યા પ્રમાણે સૌથી મોટો ભૂકંપ પેટ્રોપાવલોવસ્ક-કામાચેટસ્કાયની ૧૪૪ કિલોમીટરની પૂર્વે અને ૨૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. પેટ્રોપાવલોવસ્ક-કામાચેટસ્કાયની વસતી ૧,૮૦,૦૦૦ છે.

હજી પણ નાના પરંતુ ઉલ્લેખનીય ભૂકંપ આવી રહ્યા છે. પીટીવીસીએ શરૂઆતમાં કહ્યું હતું કે સુનામીના મોટા મોંજાનો ભય છે, પરંતુ પછી કહ્યું હતું કે આ ખતરો હવે ટળી ગયો છે. રશિયન ઈમિર્જન્સીસ મિનિસ્ટ્રીએ પણ મોટા ભૂકંપ પછી સુનામીની ચેતવણી બહાર પાડી હતી. મંત્રાલયે તટીય વિસ્તારમાં રહેતા રહેવાસીઓને સમુદ્રતટથી દૂર રહેવા જણાવ્યું હતું.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે કોઈ જાનહાનિ કે નુકસાનના તત્કાળ અહેવાલો નથી. અને રહેવાસીઓને વિસ્તાર ખાલી કરવાની જરૂર નથી.

ચોથી નવેમ્બર,૧૯૫૨એ કામચટકામાં નવના પરિમાણવાળો ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપે નુકસાન કર્યું હતું, પરંતુ હવાઈમાં ૯.૧ મીટરનાં મોંજા આવ્યા હોવાં છતાં કોઈ જાનહાનિ થઈ નહોતી. (એજન્સી) ■

# કાશ્મીરમાં આતંકવાદીઓ સાથે સલામતી દળોની અથડામણ

શ્રીનગર: જમ્મુ-કાશ્મીરમાં હાલ ચાલી રહેલી અમરનાથ યાત્રા વચ્ચે કિશ્તવાડમાં આતંકી અને સુરક્ષાદળો વચ્ચે અથડામણની માહિતી મળી રહી છે. જેમાં મળતી માહિતી મુજબ આતંકી સંગઠન જૈશે મોહમ્મદ સાથે જોડાયેલા આતંકવાદીઓનું જૂથ આ વિસ્તારમાં છુપાયું હોવાની આશંકા છે. આ સૂચના બાદ સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે તેમજ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ અંગે મળતી માહિતી મુજબ કિશ્તવાડમાં અથડામણના એક દિવસ પૂર્વે જમ્મુ કાશ્મીર પોલીસ એકશનમાં આવી હતી. જેમાં પોલીસની કાઉન્ટર ઇન્ટેલીજન્સ વિંગ દ્વારા આતંકવાદ ફન્ડિંગ અને ભરતી મોડ્યુલ સાથે જોડાયેલા કેસમાં કાર્યવાહી કરી હતી. જેમાં પોલીસે શ્રીનગર, પુલવામા, બડગામ અને ગંદરબલ જિલ્લામાંથી ૧૦ શંકાસ્પદ લોકોની ધરપકડ કરી છે.

# વોશિંગ્ટનના રેન્ટન શહેરમાં ગોળીબાર, ત્રણનાં મોત

ઓલિમ્પિયા: અમેરિકામાં ગન હિંસાની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે, શનિવારે સાંજે વોશિંગ્ટન રાજ્યના રેન્ટનમાં ગોળીબારની એક ઘટનામાં ત્રણ લોકોનાં મોત થયા હોવાના અહેવાલ છે. પોલીસના જણાવ્યા મુજબ ઘણા લોકોને ગોળી વાગી છે, મૃત્યુઆંક વધી શકે છે.

અહેવાલ મુજબ શનિવારે સાંજે ૭:૩૦ના અરસામાં રેન્ટન શહેરના કિર્કલેન્ડ એવન્યુ ગઊ અને ગઊ ૧૮વિં સ્ટ્રીટ નજીક એક અજાણ્યા શખ્સે ગોળીબાર કર્યો હતો આ ઘટનાની તપાસ ચાલી રહી છે. ત્રણ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે, પરંતુ મૃત્યુઆંક અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ પોલીસે હજુ સુધી કોઈ શંકાસ્પદ હુમલાખોરને કસ્ટડીમાં લીધો નથી, હુમલાખોર વધુ હુમલા કરી શકે છે એવી ભીતિ છે. રેન્ટન પોલીસ અધિકારીઓએ લોકોને ઘટનાસ્થળથી દૂર રહેવા વિનંતી કરી છે. વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત તહેનાત કરવામાં આવ્યો છે. ■

# જસ્ટિસ વર્માનું ઇમ્પિચમેન્ટ: ૧૦૦ સાંસદનો મળ્યો ટેકો

નવી દિલ્હી: કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ રવિવારે જણાવ્યું હતું કે ૧૦૦થી વધુ સાંસદોએ જસ્ટિસ યશવંત વર્માને હટાવવા માટે સંસદમાં પ્રસ્તાવ રજૂ કરવા માટે નોટિસ પર હસ્તાક્ષર કરી દીધા છે, જેનાથી લોકસભામાં મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કરવા માટે જરૂરી સમર્થન મળી ગયું છે. સર્વપક્ષી બેઠક બાદ રિજિજૂએ પત્રકારોને જણાવ્યું હતું કે હસ્તાક્ષર પ્રક્રિયા ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે પ્રસ્તાવ ક્યારે રજૂ કરવામાં આવશે તે નક્કી કરવાનું કામકાજ સલાહકાર સમિતિ પર છે. કોઇ ન્યાયાધીશને હટાવવાના પ્રસ્તાવ પર લોકસભામાં ઓછામાં ઓછા ૧૦૦ અને રાજ્યસભામાં ૫૦ સાંસદોના હસ્તાક્ષર હોવા જોઇએ. આ પ્રસ્તાવ લોકસભામાં રજૂ થવાની શક્યતા છે.

સોમવારથી સંસદનું ચોમાસુ સત્ર શરૂ થઈ રહ્યું છે, તેથી સરકારે સ્પષ્ટ કર્યું છે કે તે સંસદના આ સત્રમાં જ પ્રસ્તાવ રજૂ કરશે અને ''ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર'' સામેના આ પગલામાં તેને વિપક્ષ સહિત વિવિધ પક્ષોનો ટેકો મળી રહ્યો છે. જ્યારે રિજિજુને પૂછવામાં આવ્યું હતું કે શું સત્રના પહેલા અઠવાડિયામાં આ પ્રસ્તાવ લાવવામાં આવી શકે છે ત્યારે તેમણે કહ્યું હતું કે, હું પ્રાથમિકતાના ધોરણે કોઈપણ કાર્ય પર ટિપ્પણી કરી શકતો નથી. ■

# મોદી યુકે જવાના: મુક્ત વ્યાપાર કરાર ફાઇનલ થશે

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૩ થી ૨૬ જુલાઈ દરમિયાન યુનાઇટેડ કિંગડમ અને મૉલદીવ્ઝ એમ બે દેશોની મુલાકાતે જશે. આ જાહેરાત વિદેશ મંત્રાલયે રવિવારે કરી હતી.

આ મુલાકાતનો ઉદ્દેશ્ય બંને દેશો સાથે ભારતની આર્થિક, વ્યૂહાત્મક અને પ્રાદેશિક ભાગીદારીને મજબૂત બનાવવાનો છે. બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરના આમંત્રણ પર વડા પ્રધાન મોદી ૨૩ અને ૨૪ જુલાઈએ યુકેની યાત્રા પર રહેશે. આ તેમની ચોથી અને ૨૦૧૮ પછીની પહેલી મુલાકાત હશે. યુકેના વડા પ્રધાન યુકે સાથે મુક્ત વ્યાપાર કરાર પર મોદીની મુલાકાત દરમ્યાન ફૉકસ કરાશે.

તેઓ કિંગ ચાર્લ્સ ત્રીજાને પણ મળે તેવી આશા છે. લંડનથી વડા પ્રધાન મોદી મૉલદીવ્ઝના રાષ્ટ્રપતિ ડો. મોહમ્મદ મુઇઝ્ઝુના આમંત્રણ પર ૨૫ અને ૨૬ જુલાઇના રોજ મૉલદીવ્ઝની મુલાકાત લેશે.

વડા પ્રધાન મોદી ૨૬ જુલાઇના રોજ દેશના ૬૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન બનશે. તેમજ રાષ્ટ્રપતિ મોઇઝ્ઝુના કાર્યકાળ દરમિયાન દેશની મુલાકાત લેનારા પ્રથમ વિદેશી રાષ્ટ્રાધ્યક્ષ કે સરકારના વડા બનશે. ■

# મારા માટે પહેલા તો દેશ જ: નારાજ કૉંગ્રેસી નેતાગીરીને થરૂરનો જવાબ

કોચી: 'ઑપરેશન સિંદૂર'નો પ્રચાર કરતા ડેલિગેશનનું પ્રતિનિધિત્વ કરનાર કૉંગ્રેસી નેતા શશિ થરૂરને પાછલા સમયમાં ઘણી અટકળો ચાલી રહી છે. શશિ થરૂરના ઘણા નિવેદનોનો તેમના જ પક્ષના નેતાઓ સમર્થન આપી રહ્યા નથી. તેથી કૉંગ્રેસ અને શશિ થરૂર વચ્ચે મતભેદ હોવાની અટકળ પણ વહેતી થઈ હતી. પરંતુ તાજેતરમાં શશિ થરૂરે કહ્યું છે કે, સૌપ્રથમ મારી નિષ્ઠા રાષ્ટ્ર પ્રત્યે છે.

તાજેતરમાં શશિ થરૂરે કોચીની એક હાઈસ્કૂલમાં 'શાંતિ, સદ્ભાવ અને રાષ્ટ્રીય વિકાસ' વિષય પર ભાષણ આપ્યું હતું. 'ઑપરેશન સિંદૂર'ના સંદર્ભે શશિ થરૂરે પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, ''તાજેતરમાં જે થયું, ત્યારબાદ મેં સશસ્ત્ર દળો અને આપણી સરકારનું સમર્થન કર્યું હતું. ઘણા લોકો મારા આ વલણની ટીકા કરે છે.''

તેમણે આગળ જણાવ્યું કે, ''હું જ્યારે ભારતની વાત કરું છું, ત્યારે તમામ ભારતીયોની વાત કરું છું. ન કે એવો લોકોની જેઓ મારા પક્ષને પસંદ કરે છે. આપણી પહેલી નિષ્ઠા કોના પ્રત્યે હોવી જોઈએ? મારા વિચારથી રાષ્ટ્ર સૌપ્રથમ છે. પક્ષ રાષ્ટ્રને વધારે સારું બનાવવાનું માધ્યમ છે.'' ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| આસ્થા | SEAT |
| આશિષ | PRAYER SONG |
| આરતી | FAITH |
| આસન | CALL |
| આહલેક | BLESSING |

### ઓળખાણ પડી?



અનન્ય કૃષ્ણ ભક્તિ કરનારી મીરાંબાઈ ભજન રજૂ કરતી વખતે જે વાદ્ય સાથે રાખી વગાડતા એની ઓળખાણ પડી?

અ) સિતાર બ) એકતારો ક) કરતાલ ડ) વીણા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | ૨ સ | બી | | ૩ ગ | ણ | ૪ ત | રી | ૫ બા | ૬ જો |
| ૭ લા | ખ | | ૮ ધૂ | મ | | હ | | ૯ ગ | ત |
| કા | | ૧૦ આ | સ | ન | | ૧૧ ન | ૧૨ વ | કા | ર |
| ૧૩ ૨ | મ | ખા | ણ | | ૧૪ ભા | | ૧૫ દ | મ | |
| | ૧૬ ડ | ખો | | ૧૭ લ | ૧૮ ગ | ન | | | ૧૯ છે |
| ૨૦ અ | | ૨૧ રી | તિ | | ળું | | | ૨૨ શા | લ |
| ૨૩ ઘ | ૨૪ ડ | કી | | | ૨૫ ક | | ૨૫/અ રૂ | | બ |
| ૨૬ ક | મી | | ૨૭ ગ | ળે | પ | ડું | | ૨૮ બે | ટા |
| ચ | | ૨૯ ભા | ૨ | | રો | | ૩૦ પ | કા | ઉ |
| ૩૧ રા | મ | રા | જ | | ૩૨ ડ | ટં | ત | ૨ | |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | | ૪ | ૫ | ૬ |
| ૭ | | | | ૮ | | | ૯ | | |
| | ૧૦ | | | | | | | | |
| ૧૧ | ૧૨ | | | ૧૩ | | | | ૧૪ | ૧૫ |
| ૧૬ | | | ૧૬-ક | | | ૧૬-ખ | | | |
| | | ૧૭ | ૧૮ | ૧૯ | | | | ૨૦ | ૨૧ |
| ૨૨ | | ૨૩ | | ૨૪ | | | ૨૫ | | |
| ૨૬ | ૨૭ | | | ૨૮ | | ૨૯ | | | |
| ૩૦ | | | ૩૧ | | ૩૨ | | ૩૩ | | |
| | | | ૩૪ | | | | ૩૫ | | |

**આડી ચાવી**

૧. પોતાના આનંદમાં રમમાણ (૪)
૩. પરોપકાર કરનાર (૫)
૭. -- ન મુજ મૃત્યુને (૨)
૮. દુશ્મન (૨)
૯. ખોટું (૩)
૧૦. અનાથોને રહેવાની જગા (૫)
૧૧. વહાણનો દોરનાર (૩)
૧૩. ઓછું (૨)
૧૪. ઘટતી કિંમત કરવી તે (૩)
૧૬. નિર્ભયતા (૪)
૧૭. ફળના રસનું પીણું (૪)
૨૦. સર્વ, બધું (૨)
૨૪. સત્ય, હકીકત (૨)
૨૫. છૂટુંક, મુક્ત, નવરું (૩)
૨૬. વ્યાકુળ (૩)
૨૮. હૃસ્વ 'ઉ' અને દીર્ઘ 'ઊ'નું ચિન્હ (૩)
૩૦. શરદઋતુને લગતું (૪)
૩૨. સુંદર સાથળવાળી સ્ત્રી (૩)
૩૪. મોળું, નરમ, મોડરેટ (૩)
૩૫. એકધારું, નિરંતર (૩)

**ઊભી ચાવી**

૧. અભિમાન વગરનું (૫)
૨. મેદસ્વી (૨)
૩. મહેનત (૪)
૪. ઘૂંટણની નીચેનો ભાગ (૨)
૫. આજ નહીં તે (૨)
૬. વ્યવસ્થિત રીતે (૪)
૮. થાકયા વગર (૩)
૧૦. જેને મૃત્યુ નથી તે (૩)
૧૨. રોગને સામે આપો (૩)
૧૫. મુંબઇનું એક ઉપનગર (૪)
૧૬-ક. રમવાનાં પત્તા, બાજી (૨)
૧૬-ખ. હંમેશાં (૨)
૧૮. 'રસાવવું'નું આજ્ઞાર્થ (૩)
૧૯. વસ્તારી, બાલબચ્ચાંવાળો (૫)
૨૧. ઢોંગી (૫)
૨૨. સગાઈ (૪)
૨૩. ઘણાને નાહવા માટે જોઇએ (૩)
૨૭. હાથ (૨)
૨૯. લાગણીથી થતો ડચૂરો (૨) (જો. છૂ.)
૩૧. આ દેવને કોઇ ના બોલાવે (૨)
૩૩. રશિયા (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતમાં બૌદ્ધિષ્ટો વર્ષોથી વસેલા છે. ૧૬૦૦ વર્ષ પહેલા રચાયેલો 'દેવની મોરીનો સ્તૂપ' કયા સ્થળની નજીક છે એ જાણો છો?

અ) ભીલડીયાજી બ) શામળાજી
ક) કેસરીયાજી ડ) ઝઘડીયાજી

### માતૃભાષાની મહેક

પૈસાની કેટલી કિંમત છે એ ભાષા દ્વારા ઘણી સચોટ રીતે સમજાય છે. પૈસાવાળાને હાથ પિત્તળનું કડું સોનાનું લેખાય, ને ગરીબને હાથ સોનાનું કડું પિત્તળનું લેખાય કહેવત ઘણું સમજાવે છે. આવા જ ભાવાર્થની બીજી કહેવત છે કે પૈસાવાળાની બકરી મરી તે ગામે જાણ્યું, ગરીબની છોકરી મરી તે કોઈએ ન જાણ્યું.

### સુડોકુ-૯૦૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૪ | ૨ | | ૭ | ૫ | ૯ | |
| | | | ૫ | | ૮ | | | |
| ૫ | ૬ | | | | | | ૮ | ૨ |
| ૪ | | ૫ | | | | ૨ | | ૯ |
| | | | | ૯ | | | | |
| ૨ | | ૮ | | | | ૬ | | ૭ |
| ૬ | ૫ | | | | | | ૪ | ૩ |
| | | | ૬ | | ૫ | | | |
| | ૮ | ૨ | ૧ | | ૩ | ૭ | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૬ | ૮ | ૨ | ૯ | ૩ | ૫ | ૧ |
| ૨ | ૫ | ૧ | ૬ | ૪ | ૩ | ૮ | ૯ | ૭ |
| ૩ | ૮ | ૯ | ૫ | ૧ | ૭ | ૪ | ૬ | ૨ |
| ૬ | ૨ | ૪ | ૩ | ૯ | ૮ | ૧ | ૭ | ૫ |
| ૭ | ૧ | ૩ | ૨ | ૫ | ૬ | ૯ | ૮ | ૪ |
| ૫ | ૯ | ૮ | ૧ | ૭ | ૪ | ૬ | ૨ | ૩ |
| ૮ | ૩ | ૭ | ૪ | ૬ | ૫ | ૨ | ૧ | ૯ |
| ૧ | ૬ | ૫ | ૯ | ૩ | ૨ | ૭ | ૪ | ૮ |
| ૯ | ૪ | ૨ | ૭ | ૮ | ૧ | ૫ | ૩ | ૬ |

### ઈર્શાદ

કોણ પોતાનું? કોણ પરાયું? કોણ શત્રુ, કોણ ભ્રાત?
ઘટઘટમાં એક જ રામ રમે ત્યાં પરની ક્યાં છે વાત?

--- બોટાદકર

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'માણસમાં ધનની તૃષ્ણાની સીમા નથી' કહેવતમાં તૃષ્ણા શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) તેવર બ) તૃપ્તિ ક) લાલસા ડ) શ્રદ્ધા

### માઈન્ડ ગેમ

સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યએ સામ્રાજ્યની સ્થાપના, એનો વિસ્તાર મગધથી શરૂ કર્યો હતો. હવે મગધ કયા રાજ્યમાં સ્થિત છે?

અ) રાજસ્થાન બ) બિહાર
ક) ઓડિશા ડ) મધ્ય પ્રદેશ

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| સિંદૂર | VERMILION |
| ત્રિપુંડ | FOREHEAD MARK |
| પીતાંબર | YELLOW DHOTI |
| ખેસ | SCARF |
| બાજોઠ | WOODEN STOOL |

ગુજરાત મોરી મોરી રે: રામચંદ્ર

ઓળખાણ પડી?: ઋગ્વેદ

માઈન્ડ ગેમ: સુષેણ

ચતુર આપો જવાબ અર્થ જણાવો: મૂડી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રધ્ધા આશર (૯) લજીતા ખોના (૧૦) પુષ્પા પટેલ (૧૧) નૂતન વીપીન શાહ (૧૨) મીનળ કાપડીયા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીષી બંગાળી (૧૫) હર્ષા મહેતા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) મહેશ દોશી (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) અંબરીષ ઓઝા (૨૦) કિશોર સંઘરાજકા (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) શીરીન ઔરંગાબાદવાલા (૨૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) અરવિંદ કામદાર (૨૮) અલકા વાણી (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) વીણા સંપટ (૩૩) પુષ્પા ખોના (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) ડાયના સંતોક (૩૯) પ્રવીણ વોરા (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) નિતીન જયંતીલાલ બજારીયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૫) હીના સંપટ (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) હરીશ ભટ્ટ (૪૯) પ્રતીમા પમાણી (૫૦) ડો. પ્રકાશ કટકિયા

### વિધાનસભામાં પાશવી બહુમત મળ્યા બાદ પણ

# ભાજપને મુંબઈમાં પરાજયનો ડર?

**▶ રાજ્યમાં સ્થાનિક સ્વાયત્ત સંસ્થાની ચૂંટણીઓ કરાવતી વખતે પહેલાં જિલ્લા પરિષદની ચૂંટણીઓ કરાવીને વાતાવરણનો તાગ મેળવવામાં આવશે ▶મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં પણ મુંબઈનો નંબર છેલ્લો આવશે ▶મુંબઈ જીતવા માટે પૂરી તાકાત ઝોંકવામાં આવશે**

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભામાં જંગી બહુમતી મેળવીને સત્તામાં આવેલી મહાયુતિના મુખ્ય ઘટકપક્ષ ભાજપ અત્યારે મુંબઈને લઈને ભારે ચિંતામાં છે અને અહીં ફિયાસ્કો ન થાય તે માટે અત્યંત ફૂંકી ફૂંકીને પગલાં ભરી રહ્યો છે.

સુપ્રીમ કોર્ટના સ્પષ્ટ નિર્દેશ પછી રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ કરાવવાની તૈયારીઓ ચાલી રહી છે, પરંતુ મળતી માહિતી અનુસાર ભાજપ અત્યારે રાજ્યમાં ભાષા વિવાદ અને બંને ભાઈઓની સંભવિત એકતાની શક્યતાને ધ્યાનમાં રાખીને એશિયાની સૌથી શ્રીમંત મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને કોઈ જોખમ લેવા માગતું નથી. પહેલાં એવું કહેવાતું હતું કે રાજ્ય વિધાનસભામાં મળેલા જંગી વિજયને જોતાં સૌથી પહેલાં મુંબઈ મનપાની ચૂંટણીઓ ઓક્ટોબર-નવેમ્બરમાં

(જુઓ પાનું ૪) ▶▶



### બધા જ રાજકીય પક્ષોની સહમતીથી થશે ચૂંટણી

રાજ્ય ચૂંટણીપંચના એક અધિકારીએ એવી માહિતી આપી હતી કે સામાન્ય રીતે કોઈપણ ચૂંટણીઓ કરાવવા પહેલાં બધા જ રાજકીય પક્ષો સાથે બેઠકો કરવામાં આવતી હોય છે અને તેમની સાથે સલાહ-મસલત બાદ જ ચૂંટણીનો કાર્યક્રમ ઘડવામાં આવે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે સત્તાધારી અને રાષ્ટ્રીય પક્ષના મતનું વજન વધુ હોય છે. ■

### એક મહિનામાં વાતાવરણ બદલાયું

સુપ્રીમ કોર્ટે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી કરાવવા કહ્યું ત્યારે સત્તાધારી મહાયુતિ જ્વલંત વિજય પર સવાર થઈને અત્યંત મુસ્તાક હતી અને સૌથી પહેલાં એટલે કે ઓક્ટોબર-નવેમ્બરમાં સૌથી પહેલાં મુંબઈ મનપાની ચૂંટણી કરાવીને છાકો પાડી દેવા માગતી હતી, પરંતુ રાજ્યમાં ત્રિભાષા શિક્ષણ પદ્ધતિ અને પહેલા ધોરણથી હિન્દી શીખવવાના મુદ્દે રાજ્યમાં જે ભાષા વિવાદ છેડાયો તેને કારણે હવે તેમને મુંબઈ અને આસપાસની થાણે, નવી મુંબઈ, મીરા-ભાયંદર મનપામાં ચૂંટણીમાં ભારે નુકસાનની સંભાવનાને કારણે હવે આ બધી મનપામાં ચૂંટણી ઢીલમાં નાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ■

### ઠાકરેભાઈઓ એક ન થાય એવા પ્રયાસો

ત્રિભાષા શિક્ષણ પદ્ધતિ સંબંધી બે જીઆર (સરકારી આદેશ) પાછા ખેંચવાની નાલેશી રાજ્ય સરકારને ઉઠાવવી પડી તેનું એક મોટું કારણ બંને ઠાકરે ભાઈઓ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવેલો વિરોધ હતો. જીઆર પાછા ખેંચવામાં આવ્યા બાદ પાંચમી જુલાઈએ વરલીના ડોમમાં બંને ભાઈઓ દ્વારા ઉજવણી કરવામાં આવી અને બે દાયકા બાદ બંને એક મંચ પર જોવા મળ્યા. બંને ઠાકરે સાથે આવે તો થનારા સંભવિત નુકસાનને ધ્યાનમાં રાખીને બંને ભેગા ન થાય એવા પ્રયાસો ભાજપ દ્વારા કરવામાં આવી રહ્યા છે. જિલ્લા પરિષદની અને રાજ્યની અન્ય મનપાની ચૂંટણીઓ આવા જ પ્રયાસનો એક ભાગ ગણવામાં આવી રહ્યો છે, કેમ કે પુણે-નાશિક જેવી અનેક જગ્યાએ મનસે અને શિવસેના (યુબીટી) પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે યુતિ નહીં કરે તે પાક્કું છે, અહીંના કાર્યકર્તાઓમાં પણ એકબીજાને બાપે માર્યા વેર હોય એવું ઝનૂન જોવા મળે છે. આવું થાય તો સ્વાભાવિક છે કે મુંબઈ અને આસપાસની મનપામાં પણ પછી યુતિ ન થાય. આવી સ્થિતિ ભાજપને મનગમતી છે. આમેય ભાજપના અલગ અલગ નેતાઓ રાજ ઠાકરે સાથે વારંવાર મુલાકાતો કરીને ખોટા સંદેશા રાજ્યમાં ફેલાવવાના પ્રયાસ કરતા જ હોય છે.■

### કૉંગ્રેસને પણ મનભાવતું મળ્યું

ભાષા વિવાદ અને હિન્દીભાષીઓને મનસે દ્વારા કરવામાં આવતી મારપીટ ભાજપની જેમ જ કૉંગ્રેસ અને કેટલેક અંશે એનસીપી (એસપી)ને માટે પણ નુકસાનકારક છે. આથી જ આવા વાતાવરણમાં મુંબઈ અને આસપાસની ચાર મનપાની ચૂંટણી હાલ પૂરતી ટળી જાય એના પક્ષમાં કૉંગ્રેસ પણ છે. કૉંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળ એવું માને છે કે જિલ્લા પરિષદની ચૂંટણીઓમાં પાર્ટી સારો દેખાવ કરે એવી શક્યતા છે અને જો આવું થાય તો કાર્યકર્તાઓમાં જોશ આવે જેને પગલે મહાનગરોમાં પરિણામો સુધારવામાં મદદ મળી શકે છે. આથી જ જિલ્લા પરિષદની ચૂંટણીઓ પહેલી થાય એ તેમને મનભાવતી બાબત છે. ■

## ગોરેગામ-મુલુંડ લિંક પ્રોજેક્ટઃ ટ્વીન ટનલ ખોદવા ટીબીએમના પાર્ટસના કન્ટેઈનર જાપાનથી આવ્યા

**ટનલનું કામ આવતા મહિનાથી શરૂ થશે**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગણાતો અને લગભગ ૬,૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલા ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટમાં ટ્વીન ટનલનું કામ આવતા મહિનેથી શરૂ કરવામાં આવવાનું છે. ટનલ ખોદવા માટે ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)ના પૂર્જા જાપાનથી કન્ટેઈનરમાં તબક્કાવાર મુંબઈ આવી રહ્યા છે. ટીબીએમના બાકીના હિસ્સાનો શિપમેન્ટ આવતા મહિને મુંબઈ આવવાનો છે અને ત્યારબાદ ટીબીએમ મશીનને જોડવાનું કામ શરૂ કરવામાં આવશે.


ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટનું કામ ચાર ફેઝમાં કરવામાં આવવાનું છે, જેમાં ત્રીજા ફેઝ(બી)માં ૬.૬૫ કિલોમીટરનો કોરિડોર બનાવવામાં આવશે. જે હેઠળ ગોરેગામ ફિલ્મસિટી ખાતે ૧.૨૨ કિલોમીટરની ટ્રિપલ-લેન બોક્સ ટનલ અને બોરીવલીમાં સંજય ગાંધી નેશનલ પાર્ક નીચે ટ્વિન ટનલનો સમાવેશ થાય છે. આ ટનલ ગોરેગામ પૂર્વમાં ફિલ્મસિટીથી શરૂ થશે અને મુલુંડના અમર જંકશન પર નીકળશે, જ્યાં હાલમાં ગીચ ઝૂંપડપટ્ટી છે. ટનલ ખોદવા માટે ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)નો ઉપયોગ કરવામાં આવવાનો છે, જેમાં ૫.૩૦ કિલોમીટરનું ખોદકામ ટીબીએમથી કરવામાં આવવાનું છે.

આ ટ્વીન ટનલ જમીનથી ૨૦થી ૧૬૦ મીટર ઊંડાઈએ હશે અને તેમાં દર ૩૦૦ મીટરના અંતરે ક્રોસ-પૅસેજ

(જુઓ પાનું ૪) ▶▶

## ‘ડોન’ ફિલ્મના દિગ્દર્શક ચંદ્રા બારોટનું નિધનઃ બોલીવૂડમાં શોક, ફરહાન અખ્તરે પાઠવી શ્રદ્ધાંજલિ

મુંબઈઃ બોલીવૂડની ઈન્ડસ્ટ્રીને વધુ એક ઝટકો લાગ્યો છે. ૧૯૭૮માં અમિતાભ બચ્ચનની જાણીતી ફિલ્મ ‘ડોન’ના નિર્દેશક ચંદ્રા બારોટનું જૈફ વયે નિધન થયું. ચંદ્રા બારોટ પલ્મોનરી ફાઈબ્રોસીસની બીમારીથી પીડાતા હતા. લગભગ સાતેક વર્ષથી આ બીમારી સંબંધમાં સારવાર ચાલી રહી હતી. તેમની સારવાર બાંદ્રા સ્થિત ખાનગી હોસ્પિટલમાં ચાલતી હતી. તેમના નિધન અંગેની માહિતી ચંદ્રા બારોટનાં પત્ની દીપા બારોટે આપી હતી.



ચંદ્રા બારોટ

દરમિયાન બોલીવુડના જાણીતા અભિનેતા ફરહાન અખ્તરે પણ સોશિયલ મીડિયા પર શ્રદ્ધાંજલિ આપતી પોસ્ટ લખી હતી. ચંદ્રા બારોટે બોલીવુડની દુનિયા ‘ડોન’થી ઓળખે છે, જે ફિલ્મને ૨૦૦૬માં ફરી બનાવવામાં આવી હતી. ફરહાન અખ્તરે ઈન્સ્ટાગ્રામ પર પર તેમને શ્રદ્ધાંજલિ આપતા લખ્યું હતું કે એ વાત જાણીને દુખ થયું છે કે ઓરિજિનલ ડોન ફિલ્મના ડાયરેક્ટર હવે આપણી વચ્ચે રહ્યા નથી. તેમના પરિવારને મારા તરફથી સંવેદના. તેમના આત્માને શાંતિ મળે.

ચંદ્રા બારોટ ડોન જેવી કલ્ટ અને ક્લાસિક ફિલ્મોનું નિર્માણ કરવા સિવાય અનેક ફિલ્મોમાં આસિસ્ટન્ટ તરીકે કામ કર્યું હતું. જાણીતા અભિનેતા મનોજ કુમારની ફિલ્મ ‘પૂરબ ઔર પશ્ચિમ’ સિવાય ‘યાદગાર’, ‘રોટી ઔર કપડા’ મકાન જેવી ફિલ્મોમાં તેમની સાથે આસિસ્ટન્ટ તરીકે કામ કર્યું હતું, જ્યારે હિન્દી સિવાય બંગાળી ફિલ્મોમાં પોતાનો હાથ અજમાવ્યો હતો, પરંતુ તેમનું માનવું હતું કે દર્શકોને તો અમિતાભ બચ્ચનની ફક્ત ‘ડોન’ ફિલ્મ માટે યાદ રાખશે. શરૂઆતમાં આ ફિલ્મ ફ્લોપ રહી હોવાનું કહ્યું હતું, પણ પછી સફળ રહી હતી અને ફરી બનાવીને નવો વિક્રમ સર્જ્યો હતો. ‘ડોન’ પછી

(જુઓ પાનું ૪) ▶▶

## પોલીસ પર રોફ જમાવી ઉદ્ધત વર્તન કરનારા વિધાનસભ્ય રોહિત પવાર વિરુદ્ધ ગુનો

મુંબઈઃ વિધાનભવનમાં મારપીટને કારણે ઘવાયેલા પક્ષના કાર્યકરને મળવા આઝાદ મેદાન પોલીસ સ્ટેશને પહોંચેલા એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારે પોલીસ અધિકારી પર રોફ જમાવી કથિત ઉદ્ધત વર્તન કર્યું હતું. પોલીસ અધિકારીને ફરજ નિભાવવામાં કથિત અવરોધ ઊભો કરવા બદલ પોલીસે રોહિત પવાર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવારના પૌત્ર રોહિત પવારે શુક્રવારે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં સબ-ઈન્સ્પેક્ટર સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી.

રાષ્ટ્રવાદી કૉંગ્રેસના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડ અને ભાજપના વિધાનસભ્ય ગોપીચંદ પડળકરના સમર્થકો વચ્ચે ગુરુવારે વિધાનભવન પરિસરમાં છૂટા હાથની મારામારી થઈ હતી. આ હંગામામાં જખમી થયેલા પક્ષના કાર્યકરને મળવા

(જુઓ પાનું ૪) ▶▶

### ‘મરાઠી માણૂસ’ માટે લડવા એક થવું જરૂરીઃ ઉદ્ધવ

મુંબઈઃ મરાઠી ભાષા અને ‘મરાઠી માણૂસ’ના હિત માટે એક સાથે લડવા માટે મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરે અને તેમની માટે એક થવું આવશ્યક હોવાનું શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ શિવસેનાના મુખપત્ર ‘સામના’માં આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું. આ ઈન્ટરવ્યુમાં તેમણે કૉંગ્રેસ સાથે યુતી કરવા બાબતે કહ્યું હતું કે કૉંગ્રેસે સ્થાનિક સ્તરે નિર્ણય લેવાની વાત કરી છે તો તે મુજબ જ આગળ વધવામાં આવશે. (પીટીઆઈ)■

## વિધાનસભામાં મહારાષ્ટ્રના મંત્રી કોકાટેના મોબાઈલ ‘ગેમ’ વીડિયો પર

નાગપુર /મુંબઈઃ વિધાનસભા સત્ર દરમિયાન એનસીપી નેતા અને મહારાષ્ટ્રના કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે કથિત રીતે પોતાના મોબાઇલ ફોન પર રમી ગેમ રમી રહ્યા હોવાનો વાઇરલ વીડિયો વાયરલ થતાં ભારે વિવાદ થયો, જેમાં વિપક્ષે સરકાર પર ખેડૂતો પ્રત્યે અસંવેદનશીલ હોવાનો આરોપ લગાવ્યો છે. ટીકાનો સામનો કરી રહેલા કોકાટેએ રવિવારે સ્પષ્ટતા કરી હતી કે તેઓ ફક્ત તેમના મોબાઇલ ફોન પર ડાઉનલોડ કરેલી ગેમને સ્કીપ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જે તાજેતરમાં સમાપ્ત થયેલા ચોમાસા સત્ર દરમિયાન નીચલા ગૃહમાં થયેલા વ્યવહારોને સમજવા માટે યુટ્યુબ ચેક કરતી વખતે ૫ થી ૧૦ સેકન્ડ માટે પોપ અપ થઈ હતી. રાજ્ય વિધાનસભાના ઉપલા ગૃહની કાર્યવાહી સ્થગિત થઈ ત્યારે તેઓ પોતાનો ફોન ચેક કરી રહ્યા હતા. આ વીડિયો એનસીપી (એસપી) ના ધારાસભ્ય રોહિત પવાર દ્વારા પોસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં નાયબ મુખ્યપ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપી અને ભાજપ પર નિશાન સાધવામાં આવ્યું હતું.

ટીકાનો જવાબ આપતા કોકાટેએ કહ્યું, “જ્યારે રાજ્ય વિધાનસભાના ઉપલા ગૃહની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી, ત્યારે મેં નીચલા ગૃહમાં થયેલા વ્યવહારો તપાસવા માટે મારો મોબાઇલ ફોન કાઢ્યો અને યુટ્યુબ ખોલવાનો પ્રયાસ કરી રહ્યો હતો. “ડાઉનલોડ કરેલી ગેમ અચાનક ખુલી ગઈ, અને હું તેને સ્કીપ રહ્યો હતો. તે ફક્ત ૫ થી ૧૦ સેકન્ડની વાત હતી; તે ભાગ કેમ બતાવવામાં આવ્યો નહીં?” એમ તેમણે પૂછ્યું હતું. ■

### રોહિત પવારનો એનસીપી પર પ્રહાર

નાગપુરઃ એનસીપી (એસપી) ના ધારાસભ્ય રોહિત પવારે ગઈ કાલે શાસક એનસીપી જૂથની ટીકા કરતા કહ્યું કે તે ભાજપની સલાહ લીધા વિના કામ કરી શકતું નથી. તેમણે મહારાષ્ટ્રના પ્રધાન માણિકરાવ કોકાટેનો રાજ્ય વિધાનસભામાં મોબાઈલ ફોન પર ગેમ રમતા હોવાનો કથિત વીડિયો પોસ્ટ કર્યો હતો.

“શાસક પક્ષ એનસીપી, ભાજપ સાથે સલાહ લીધા વિના કામ કરી

(જુઓ પાનું ૪) ▶▶

## ભાજપના પ્રવીણ દરેકર લિફ્ટમાં ફસાયા

મુંબઈઃ વસઈના બૅન્ક્વેટ હૉલની લિફ્ટમાં ભાજપના વિધાનસભ્ય પ્રવીણ દરેકર અન્ય બે વિધાનસભ્યો સાથે લગભગ ૧૦ મિનિટ સુધી ફસાયા હતા. જૂની અને જર્જરિત ઈમારતોના સેલ્ફ-રિડેવલપમેન્ટ સંબંધી માર્ગદર્શન શિબિર માટે દરેકર વસઈ પશ્ચિમના એક બૅન્ક્વેટ હૉલમાં ગયા હતા. આ ઘટનામાં કોઈને ઇજા થઈ નહોતી. દરેકર સાથે વસઈનાં વિધાનસભ્ય સ્નેહા દુબે-પંડિત અને નાલાસોપારાના વિધાનસભ્ય રાજન નાઈક પણ લિફ્ટમાં અટવાયાં હતાં. સૂત્રોના જણાવ્યા મુજબ લિફ્ટમાં એક સમયે વધુમાં વધુ ૧૦ જણ જઈ શકતા હતા, પરંતુ ૧૭ જણ લિફ્ટમાં પ્રવેશવાને કારણે તે અટકી પડી હતી. ટેક્નિકલ ખામીને કારણે આવું બન્યું હોવાનું કહેવાય છે. લિફ્ટ અટકી ગઈ હોવાની જાણ થતાં ભાજપના કાર્યકરો અને સિક્યોરિટી ગાર્ડ મદદ માટે દોડ્યા હતા. લોખંડના સળિયાથી બળપૂર્વક લિફ્ટનો દરવાજો ખોલી બધાને બહાર કાઢવામાં આવ્યા હતા. (પીટીઆઈ)■

## ફડણવીસ-આદિત્ય વચ્ચે કોઈ મીટિંગ થઈ નથી

### જો તેઓ બંને એક જ રૂમમાં હતા તો એમાં વાંધો શું છેઃ રાઉત

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરે વચ્ચે એક જ હોટલમાં મીટિંગ થઈ હોવાના અહેવાલને શિવસેના (યુબીટીના) સાંસદ સંજય રાઉતે નકારી કાઢ્યા હતા.

બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સ (બીકેસી)માં આવેલી એક હોટલમાં ફડણવીસ અને આદિત્ય બંને શનિવારે એક જ સમયે હાજર હોવા બાબતે રાજકીય સ્તરે ખાસ્સી એવી ચર્ચા થઈ રહી છે ત્યારે મીડિયાએ આ બાબતે સવાલ ઉપસ્થિત કરતા સંજય રાઉતે આ વાતને ફગાવી દીધી હતી.

શનિવારે બંને જણ એક હોટલમાં મળ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું, તેના હજી એક દિવસ પહેલા જ શિવસેના (યુબીટી) અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે હિન્દીને અમલમાં મૂકવા સામે વિરોદ્ધ કરતું એક પુસ્તક વિધાનસભામાં ફડણવીસને આપ્યું હતું.

ઉદ્ધવની સેના ફરી એક વખત ભાજપ સાથે જોડાઈ જવાની ચર્ચા ખાસ્સા સમયથી રાજકીય સ્તરે ચાલી રહી છે, તેમાં પાછું શનિવારે આદિત્ય અને ફડણવીસ વચ્ચે ગુપ્ત બેઠક થઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે ત્યારે સંજય રાઉતે મીડિયા સામે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે બંને જણ એક રૂમમાં

(જુઓ પાનું ૪) ▶▶

અંક પ્રગટ થઈ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- સ્થાપના ઈ.સ.૧૮૨૨ વર્ષ ૨૧૨
પંચાંગકર્તાઃ સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭
માહિતી માટે સંપર્ક કરો
મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

## અંધેરીમાં મેન્ગ્રોવ્ઝના નાશ પર તાત્કાલિક કાર્યવાહીઃ અનધિકૃત ભરણી કરનારાઓ સામે કેસ કરવાનો આદેશ

મુંબઈઃ પર્યાવરણ અને આબોહવા પરિવર્તન ખાતાના પ્રધાન પંકજા મુંડેએ અંધેરી વેસ્ટના લોખંડવાલા બેક રોડ વિસ્તારમાં મેન્ગ્રોવ્ઝના નાશના કેસમાં સ્થિતિનું નિરીક્ષણ કર્યું અને ગેરકાયદે ભરણી કરનારાઓ સામે કેસ દાખલ કરવા અને સંબંધિત વિસ્તારમાંથી ભરણી દૂર કરવા અને મૂળ મેન્ગ્રોવ્ઝ જંગલને ફરીથી સ્થાપિત કરવાનો પણ આદેશ આપ્યો હતો.

વિધાનસભ્ય અનિલ પરબે મુદ્દો ઉઠાવ્યા બાદ વિધાન પરિષદમાં આપેલા વચનને પૂર્ણ કરતા, પર્યાવરણ પ્રધાન મુંડે સત્ર પૂરું થયાના બીજા જ દિવસે નિરીક્ષણ માટે સંબંધિત સ્થળ પર પહોંચ્યા હતા.

સી.ટી.એસ. નંબર ૧૬૧, પહાડી ગોરેગાંવ વિસ્તારમાં હાથ ધરાયેલા નિરીક્ષણમાં એવું જોવા મળ્યું હતું કે બફર ઝોનમાં કોઈપણ પરવાનગી લીધા વિના મોટા પ્રમાણમાં ભરણી કરવામાં આવી રહી છે. વાસ્તવિક નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું જણાવીને, થોડા વર્ષો પહેલા આ જગ્યા નો-ડેવલપમેન્ટ ઝોનમાં હતી. તે ડેવલપમેન્ટ ઝોનમાં કેવી રીતે આવી? એવો સવાલ મુંડેએ પૂછ્યો હતો. તેમણે સમગ્ર પ્રકરણની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો.

તેમણે ગેરકાયદે ભરણી માટે જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે તાત્કાલિક કેસ નોંધવાનો નિર્દેશ આપ્યો. તેમણે સંબંધિત સ્થળોએ ભરણી દૂર કરીને મૂળ મેન્ગ્રોવ્સ જંગલને પુનઃસ્થાપિત

(જુઓ પાનું ૪) ▶▶

## ડ્રગ પેડલર જેલમાંથી છૂટ્યાની ઉજવણીઃ ૪૫ જણ સામે ગુનો

થાણેઃ જામીન પર છૂટેલા ડ્રગ પેડલરની ખુશીમાં ભારે હંગામો મચાવી ઉજવણી કરવા બદલ પોલીસે ૪૫ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. થાણે સેન્ટ્રલ જેલથી મીરા રોડ સુધી કારમાં સરઘસ કાઢ્યા પછી સૂત્રોચ્ચાર સાથે ફટાકડા ફોડવામાં આવ્યા હોવાનો વીડિયો વાયરલ થયો હતો.

ઉજવણીના વીડિયોને આધારે મીરા રોડની નયાનગર પોલીસે શનિવારે ૪૫ જણ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને મહારાષ્ટ્ર પોલીસ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ એનડીપીએસ ઍક્ટ હેઠળ ધરપકડ કરાયેલા ડ્રગ પેડલર કામરાન મોહમ્મદ ખાનના તાજેતરમાં કોર્ટે જામીન મંજૂર કર્યા હતા. કામરાન છૂટવાનો હોવાની માહિતી મળતાં જ જેલના તેના ભૂતપૂર્વ સાથીઓ અને અન્ય લોકો ૧૬ જુલાઈની રાતે થાણે સેન્ટ્રલ જેલ બહાર એકઠા થયા હતા. જેલથી મીરા રોડ સુધી કારમાં સરઘસ કાઢવામાં આવ્યું હતું. પછી નયાનગરની એક હોટેલ બહાર ભેગા થઈ સૂત્રોચ્ચાર કરીને ફટાકડા ફોડવામાં આવ્યા હતા.

ભેગા થયેલા ટોળાએ મોટા અવાજે

(જુઓ પાનું ૪) ▶▶

## રિક્ષામાં બાળક સાથે શ્વાનને પૂરી આનંદ માણનારા શ્વાનના માલિકની ધરપકડ

**પિટ બુલ માસૂમ બાળકને કરડતો અને તેની પાછળ દોડતો હોવાનો વીડિયો વાયરલ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રિક્ષામાં ૧૧ વર્ષના માસૂમ બાળક સાથે ખતરનાક પિટ બુલ શ્વાનને પૂરી બાળકના ડરનો વિકૃત આણંદ માણનારા શ્વાનમાલિકની પોલીસે ધરપકડ કરી હતી. રિક્ષામાં બાળકને કરડ્યા પછી શ્વાન રસ્તા પર તેની પાછળ દોડતો હોવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. આટલું ઘાતકીપણું દાખવનારા શ્વાનમાલિકને નોટિસ આપીને છોડી મૂકવાના પોલીસના પગલાની ટીકા કરવામાં આવી હતી.

આ પ્રકરણે બાળકના પિતાએ નોંધાવેલી ફરિયાદને આધારે માનખુર્દ પોલીસે શુક્રવારના મળસકે આરોપી મોહમ્મદ સોહેલ હસન ખાન (૪૩) વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ગુરુવારની રાતે ૧૦ વાગ્યાની આસપાસ માનખુર્દની મ્હાડા કોલોનીમાં બની હતી. રસ્તા પર પાર્ક રિક્ષામાં બાળક રમતો હતો ત્યારે આરોપી તેનો પિટ બુલ શ્વાન લઈને ત્યાં આવ્યો હતો. આરોપીએ મોજ માણવા

(જુઓ પાનું ૪) ▶▶

## વિરારમાં એટીએમ તોડવાનો પ્રયાસ કરનારા બે પકડાયા

પાલઘરઃ વિરારમાં રોકડ ચોરવા માટે રાષ્ટ્રીયકૃત બૅન્કનું એટીએમ તોડવાનો પ્રયાસ કરવાના કેસમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ ઘટના ૧૪ જુલાઈના મળસકે બની હતી. અજાણ્યા શખસોએ બૅન્કનું ઓટોમેટેડ ટેલર મશીન (એટીએમ) તોડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આરોપી ધાર્યું કામ પાર પાડી શક્યા નહોતા, જેને કારણે રોકડ ચોરી શકાઈ નહોતી.

મશીનને નુકસાન પહોંચ્યું હોવાને કારણે બૅન્કના અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એટીએમમાંના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે વિરારથી અજય વિજય યાદવ (૪૫) અને ઉલ્હાસનગરથી ભરત ગજાનન સંખે (૩૭)ને પકડી પાડ્યા હતા.

ધરપકડ કરાયેલા બન્ને આરોપી પાસેથી ચોરીના પ્રયાસમાં વપરાયેલાં સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં. આ પ્રકરણે બોળિંજ પોલીસે ૧૮ જુલાઈએ એફઆઈઆર નોંધ્યો હતો. પોલીસ આરોપીઓની વધુ પૂછપરછ કરી રહી છે. (પીટીઆઈ)■

# કરુણ નાયરની 'ઘરવાપસી'

## ઈંગ્લૅન્ડથી પાછો નથી આવી રહ્યો, પણ ડોમેસ્ટિક ક્રિકેટમાં તે વિદર્ભની ટીમ છોડીને કર્ણાટકની ટીમમાં પાછો આવ્યો



લંડન/બેંગલૂરુઃ બૅટ્સમૅન કરુણ નાયર આઠ વર્ષે ટેસ્ટ-ટીમમાં પાછા આવ્યા બાદ ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં સારું નથી રમી રહ્યો, પરંતુ તેણે ડોમેસ્ટિક ક્રિકેટ સંબંધમાં એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. તે હવે રણજી ટ્રોફી સહિતની સ્પર્ધાઓમાં વિદર્ભ વતી નહીં, પણ તેની જૂની ટીમ કર્ણાટક વતી રમશે.

વીરેન્દર સેહવાગ પછી કરુણ નાયર ભારતનો એવો બીજો ખેલાડી છે જેણે ટેસ્ટ-મૅચમાં ટ્રિપલ સેન્ચુરી ફટકારી છે. કરુણ નાયરે પ્રથમ કક્ષાની ક્રિકેટમાં કર્ણાટક વતી રમીને જ શરૂઆત કરી હતી. જોકે ખરાબ ફૉર્મને લીધે તેને એ ટીમમાંથી પડતો મૂકવામાં આવ્યો હતો. ૨૦૨૩માં તે વિદર્ભની ટીમ સાથે જોડાયો હતો. ફેબ્રુઆરી, ૨૦૨૫માં વિદર્ભની ટીમ રણજી ચૅમ્પિયન બની હતી. વિદર્ભનું આ ત્રીજું રણજી ટાઇટલ છે.

જોકે હવે ૩૩ વર્ષીય કરુણ નાયરે કર્ણાટકની ટીમમાં વાપસી કરી છે. તેણે ઘરવાપસી કરી છે એમ કહીએ તો પણ ખોટું નથી. તે આગામી ડોમેસ્ટિક સીઝનમાં કર્ણાટક વતી રમતો જોવા મળશે. એક જાણીતી ક્રિકેટલક્ષી વેબસાઇટના અહેવાલ મુજબ કરુણ નાયરે અંગત કારણસર ફરી કર્ણાટક વતી રમવાનું નક્કી કર્યું છે અને એ માટે તેને વિદર્ભની ટીમ તરફથી એનઓસી (નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ) પણ મળી ગયું છે. તે ત્રણ વર્ષે ફરી કર્ણાટક વતી રમવાનું શરૂ કરશે. તે ૨૦૨૨-'૨૩ની સીઝનમાં કર્ણાટક છોડીને વિદર્ભમાં જોડાયો હતો. તેણે વિદર્ભ વતી રમીને પુષ્કળ રન કર્યા હતા અને એ પર્ફોર્મન્સના જોરે જ તેને ફરી ટેસ્ટ ટીમમાં આવવા મળ્યું, પરંતુ એમાં તે નિષ્ફળ જઈ રહ્યો છે. તે ઇંગ્લૅન્ડ સામેની છ ઇનિંગ્સમાં કુલ ૧૩૧ રન કરી શક્યો છે જેમાં એકેય હાફ સેન્ચુરી નથી.

કરુણ નાયરે વિદર્ભ વતી એક રણજી સીઝન વતી ૮૬૩ રન કર્યા હતા, જ્યારે વિજય હઝારે ટ્રોફીમાં તેણે ૭૭૯ રન બનાવ્યા હતા. એકંદરે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં કરુણ નાયરે કુલ ૧૧૯ મૅચમાં ૪૮.૮૬ની બૅટિંગ-સરેરાશે કુલ ૮,૬૦૧ રન કર્યા છે જેમાં ૨૪ સેન્ચુરી સામેલ છે.

કરુણ નાયર માટે ઇંગ્લૅન્ડનો પ્રવાસ કમનસીબ બની રહ્યો છે, કારણકે તે છ દાવમાં આ મુજબ રન કરી શક્યો છેઃ ૦, ૨૦, ૩૧, ૨૬, ૪૦ અને ૧૪ રન. ૨૩મી જુલાઈએ શરૂ થનારી ચોથી ટેસ્ટમાં તેને કદાચ ન પણ રમવા મળે. ■

# અશ્વિનની સફળતા જોઈને શું હરભજનને ઈર્ષા થઈ હતી? અફવા પર ભજ્જીએ આપ્યો સરસ જવાબ

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટને મળેલા બે મહાન ઑફ સ્પિનર રવિચન્દ્રન અશ્વિન અને હરભજન સિંહ હવે તો નિવૃત્ત છે, પણ તેઓ ક્યારેક કોઈ પત્રકારને અથવા કોઈ જાણીતી સ્પોર્ટ્સ ચૅનલને ઇન્ટરવ્યૂ દરમ્યાન પોતપોતાની જૂની રસપ્રદ વાતો સંભળાવતા હોય છે, પરંતુ તાજેતરમાં એવું બન્યું જેમાં યુટ્યૂબ પર ખુદ અશ્વિને હરભજનનો ઇન્ટરવ્યૂ લીધો હતો જેમાં બન્નેએ ખુલ્લા મનથી વાતચીત કરી હતી. આ મુલાકાત દરમ્યાન અશ્વિને ભજ્જીને એક જૂનો અને બહુચર્ચિત સવાલ પૂછ્યો હતો. અશ્વિને તેને પૂછી લીધું કે 'શું તને ક્યારેય મારી અદેખાઈ થતી હતી?'



### બન્ને સ્પિનરે લીધી પુષ્કળ વિકેટો

સૌથી પહેલાં તો આપણે બન્નેની કરીઅર પર અને આંકડાની માયાજાળ પર નજર કરી લઈએ. ઑલરાઉન્ડર અશ્વિન ૩૮ વર્ષનો છે. તેણે ૨૦૧૧થી ૨૦૨૪ સુધીની ૧૩ વર્ષની કરીઅર દરમ્યાન કુલ ૭૫૦થી વધુ આંતરરાષ્ટ્રીય વિકેટો લીધી હતી અને છ સેન્ચુરી સહિત કુલ ૪,૫૦૦થી વધુ રન કર્યા હતા. ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારાઓમાં તે ૫૩૭ વિકેટ સાથે વિશ્વમાં આઠમા સ્થાને અને ભારતીયોમાં અનિલ કુંબલે (૬૧૯) પછી બીજા નંબરે છે. અશ્વિને ડિસેમ્બર, ૨૦૨૪માં ગૅબા ટેસ્ટ બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી ઓચિંતો સંન્યાસ જાહેર કરી દીધો હતો અને ઑસ્ટ્રેલિયાથી સ્વદેશ પાછો આવી ગયો હતો.

હરભજન સિંહ ૪૧૭ ટેસ્ટ વિકેટ સાથે ટેસ્ટના શ્રેષ્ઠ બોલર્સમાં ૧૫મા નંબરે છે. તે ૪૫ વર્ષનો છે. તેણે ૧૯૯૮થી ૨૦૧૬ સુધીની ૧૮ વર્ષની કારકિર્દી દરમ્યાન કુલ ૭૦૦થી વધુ વિકેટ લીધી હતી અને ૩,૫૦૦થી વધુ રન કર્યા હતા.

### અશ્વિને હરભજનને શું પૂછ્યું?

અશ્વિને ૨૦૧૧માં ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું અને થોડા જ સમયમાં તે હરભજનની જગ્યાએ ભારતનો મુખ્ય સ્પિનર બની ગયો હતો. પરિણામે, હરભજનને બહુ ઓછી મૅચ રમવા મળતી હતી જેને પગલે એવી અફવા ઉડી હતી કે અશ્વિનથી હરભજન નારાજ છે અને અશ્વિનની તેને ઇર્ષા પણ થાય છે. ઇન્ટરવ્યૂ દરમ્યાન અશ્વિને હરભજનને પૂછ્યું, 'લોકો દરેક બાબતને પોતાના દૃષ્ટિકોણથી જોતા હોય છે. ઉદાહરણ આપું તો, મારા વિશે જો કોઈ ટિપ્પણી કરે તો તે એવું માને કે બાકીના લોકો પણ દુનિયાને એ જ દૃષ્ટિકોણથી જુએ. ભજ્જી, કહેવાય છે કે તમને એ માણસની ઇર્ષા થતી હતી જે અત્યારે તમને ઇર્ષા વિશેનો સવાલ પૂછી રહ્યો છે એ વિશે થોડું કહેશો?'

### ભજ્જીએ અશ્વિનને શું જવાબ આપ્યો?

અશ્વિનનો આ સવાલ સાંભળીને હરભજન હસી પડ્યો. ભજ્જીએ દરેક અફવાને ખોટી ગણાવતાં સામા બે સવાલ પૂછતાં કહ્યું, 'શું તમને લાગે છે કે હું એવો માણસ છું? જો મને તમારી ઇર્ષા થતી હોત તો આજે હું તમારી સામે બેસીને વાતચીત કરતો હોત?'

અશ્વિને કહ્યું કે 'જો કોઈ તબક્કે તમને મારી ઇર્ષા થતી હશે તો પણ હું નારાજ ન થયો હોત, કારણકે માનવીમાં આવો ભાવ તો સ્વાભાવિક કહેવાય. મેં કંઈ ખોટું ન લગાડ્યું હોત. કેટલાક લોકો એવું માને છે કે હવે વૉશિંગ્ટન સુંદર સારું રમી રહ્યો છે એટલે મેં નિવૃત્તિ લઈ લીધી. જોકે આ બધી વાતો લોકોના મગજની ઉપજ હોય છે.'

અશ્વિન અને હરભજન એક વાત પર સહમત હતા કે મોટા ભાગે લોકો પોતાના વિચારો અન્યો પર ઠોકી બેસાડવા માગતા હોય છે અને ઘણી વાર ખોટી ધારણાઓ પણ બાંધીને દુનિયા સમક્ષ વ્યક્ત કરતા હોય છે. ભારતના આ બન્ને સ્પિન-લેજન્ડે મુલાકાત દરમ્યાન જૂની વાતો યાદ કરીને દર્શકો સુધી પહોંચાડી હતી. તેમણે એકમેકના કેટલાક અનુભવો પણ વ્યક્ત કર્યા હતા. ■

# ભારત-પાકિસ્તાન સેમિ ફાઇનલ કે ફાઇનલમાં સામસામે આવશે તો?

બર્મિંગમઃ ભારત અને પાકિસ્તાનના પીઢ ક્રિકેટરો વચ્ચે ગઈ કાલે ભારતીય સમય મુજબ રાત્રે ૯.૦૦ વાગ્યાથી બર્મિંગમમાં ટી-૨૦ ફૉર્મેટની વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)ની જે મૅચ રમાવાની હતી એ છેલ્લી ઘડીએ રદ તો કરી દેવામાં આવી, પરંતુ આગામી ૩૧મી જુલાઈથી બીજી ઑગસ્ટ સુધીમાં આ સ્પર્ધાની જે બે સેમિ ફાઇનલ રમાશે એમાંની જ કોઈ એક સેમિમાં આ જ બે દેશ સામસામે આવશે તો શું નિર્ણય લેવાશે એની ક્રિકેટ વર્તુળમાં ચર્ચા છે.

૩૧મી જુલાઈએ પ્રથમ સેમિ ફાઇનલ અને એ જ દિવસે બીજી સેમિ ફાઇનલ રમાશે. બીજી ઑગસ્ટની ફાઇનલ પણ બર્મિંગમમાં રાખવામાં આવી છે. જો બેમાંથી કોઈ એક સેમિ ફાઇનલમાં ભારત-પાકિસ્તાન સામસામે આવશે તો ફાઇનલમાં તેઓ આમનેસામને આવવાનો પ્રશ્ન જ નહીં રહે, પણ આ સેમિ ફાઇનલ રમાશે કે કેમ એ ચર્ચાનો વિષય છે. જોકે તેઓ અલગ-અલગ સેમિમાં પહોંચશે તો ફાઇનલમાં મુકાબલો થવાની શક્યતા રહેશે અને એ ફાઇનલ રમાશે કે કેમ એ આવનારો સમય જ બતાવશે.

૨૦૨૪ની પ્રથમ ડબ્લ્યૂસીએલની ફાઇનલમાં ભારતે પાકિસ્તાનને હરાવીને ટ્રોફી જીતી લીધી હતી. આ વખતે આ બે દેશને લીગ રાઉન્ડમાં આમનેસામને લાવવામાં આવ્યા, પરંતુ સોશિયલ મીડિયામાં આ મુકાબલામાં ભાગ લેવા તૈયાર થવા બદલ ભારતીય ખેલાડીઓની ભારત-તરફી ક્રિકેટ ચાહકોએ ખૂબ ટીકા કરી હતી. શિખર ધવન અને હરભજન સિંહ સહિતના ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાન સામેની આ મૅચ ન રમવા નિર્ણય જાહેર કર્યો તેમ જ એક જાણીતા સ્પૉન્સરે પણ આ મૅચનો બહિષ્કાર જાહેર કર્યો એટલે આયોજકોએ આ મૅચ રદ કરવી પડી છે.



### ધવને મે મહિનામાં જ ના પાડી હતી

એપ્રિલમાં કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદીઓના જીવલેણ હુમલાને પગલે મે મહિનામાં ભારતના સશસ્ત્ર દળોએ પાકિસ્તાન પર જોરદાર હુમલો કર્યો હતો જેમાં અસંખ્ય આતંકવાદીઓ હણાયા હતા અને ભારતના હવાઈ હુમલામાં પાકિસ્તાનના હવાઈ મથકો નેસ્તનાબૂદ થઈ ગયા હતા. શિખર ધવને પહલગામ પરના હુમલા પછી ડબ્લ્યૂસીએલના આયોજકોને કહી દીધું હતું કે ભારતની જો પાકિસ્તાન વિરુદ્ધ મૅચ રાખવામાં આવશે તો તે નહીં રમે. શનિવારે પણ ધવને આયોજકોને કહ્યું હતું કે પાકિસ્તાન સામે ન રમવાનો તેનો નિર્ણય અફર છે. એમ છતાં આયોજકોએ મૅચની તૈયારી આગળ વધારી હતી અને જ્યારે હરભજન તેમ જ ઇરફાન પઠાણ અને યુસુફ પઠાણે પણ પાકિસ્તાન સામેની મૅચમાં ન રમવાનો નિર્ણય જણાવ્યો એટલે છેવટે મૅચ રદ કરાઈ હતી. યુવરાજ સિંહ આ ટૂર્નામેન્ટમાં ભારતનો કૅપ્ટન છે અને ટીમમાં સુરેશ રૈના, રૉબિન ઉથપ્પા, વરુણ આરૉન વગેરેનો સમાવેશ છે.

### અજય દેવગન સહ-માલિક છે

ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડના નેજા હેઠળ રમાતી ડબ્લ્યૂસીએલનો સહ-માલિક બૉલિવૂડ-સ્ટાર અજય દેવગન છે.

આ સ્પર્ધા ૧૮મી જુલાઈએ શરૂ થઈ ચૂકી છે.

### હૉકી, વૉલીબૉલ મૅચને આધારે ક્રિકેટ મૅચ પણ રાખી

ડબ્લ્યૂસીએલના આયોજકોએ ભારતીય પીઢ ખેલાડીઓ તેમ જ ક્રિકેટપ્રેમીઓની માફી માગતા જણાવ્યું છે કે 'વર્તમાન પરિસ્થિતિ અમારાથી કોઈ પણ પ્રકારના ઇરાદા વગર નિર્માણ થઈ છે અને એ બદલ અમે દિલગીર છીએ. જો કોઈના પણ દિલને ઠેસ પહોંચી હોય તો અમે એ માટે માફી માગીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે લોકો અમારી ભાવના સમજશે. અમે ક્રિકેટપ્રેમીઓમાં થોડી ખુશી લાવવાના હેતુથી જ ભારત-પાકિસ્તાન વચ્ચેની આ મૅચ રાખી હતી. તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે એક વૉલીબૉલ મૅચ રમાઈ હતી અને ભારતમાં યોજાનારી હૉકીની આગામી સ્પર્ધામાં રમવા માટે પાકિસ્તાનની ટીમને ભારત આવવા પરવાનગી મળી છે. આ બધું જોઈને અમને થયું કે બન્ને દેશ વચ્ચે ક્રિકેટ મૅચ પણ રમાય તો લોકોને ગમશે એટલે અમે ડબ્લ્યૂસીએલમાં એમની વચ્ચે મુકાબલો રાખ્યો હતો. જોકે અમે આ મૅચ હવે રદ કરી છે.'

### ભારતમાં ચાર સ્પર્ધાઃ પાકિસ્તાન રમશે

આગામી ઑગસ્ટ-ડિસેમ્બર દરમ્યાન ભારતમાં કેટલીક રમતોની સ્પર્ધા રમાવાની છે જેમાં ભાગ લેવા માટે ભારત સરકારે પાકિસ્તાનને પરવાનગી આપી છે. જો આ સ્પર્ધાઓ ઑલિમ્પિક ચાર્ટરના ૪૪મા નંબરના નિયમ મુજબ રમાતી હોય છે એટલે યજમાન દેશે કોઈ પણ દુશ્મન દેશના ઍથ્લીટો-ખેલાડીઓને પણ પોતાને ત્યાં રમવા દેવાની છૂટ આપવી પડે. એ સંજોગોમાં ભારતે આ ચાર સ્પર્ધામાં પાકિસ્તાનને ભાગ લેવાની મંજૂરી આપી છેઃ ઑગસ્ટમાં હૉકી એશિયા કપ, સપ્ટેમ્બરમાં જુનિયર શૂટિંગ વર્લ્ડ કપ, ઑક્ટોબરમાં વર્લ્ડ પૅરા ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ અને નવેમ્બર-ડિસેમ્બરમાં જુનિયર હૉકી વર્લ્ડ કપ.

જોકે ક્રિકેટની ડબ્લ્યૂસીએલ પ્રાઇવેટ ટૂર્નામેન્ટ છે એટલે એમાં ભારતીય ખેલાડીઓ પાકિસ્તાન સામે ન રમવાનો નિર્ણય લઈ શકે. ■

# ભારતની ટેસ્ટ ટીમમાંથી અર્શદીપ લગભગ બહાર, નવા બોલર અંશુલ કંબોજનો સમાવેશ

## આકાશ, નીતીશ પણ ઘાયલ, બુધવારે શરૂ થતી ટેસ્ટમાં કદાચ નહીં રમે





લંડનઃ ભારતના હાલના ટોચના બોલર્સમાં ગણાતા લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને ઇંગ્લૅન્ડના પ્રવાસમાં પહેલી ત્રણ ટેસ્ટમાં રમવા તો ન મળ્યું, ઊલટાનું હવે તેણે પાછા આવવાનો સમય થઈ ગયો છે. પ્રૅક્ટિસ દરમ્યાન હાથમાં ઈજા થવાને કારણે તે પાંચ મૅચની આ સિરીઝની લગભગ બહાર થઈ ગયો છે. બીજો પેસ બોલર આકાશ દીપ ઈજાને કારણે ચોથી ટેસ્ટમાં કદાચ નહીં રમે. આ બે ઈજાગ્રસ્ત બોલરના સ્થાને ચીફ સિલેક્ટર અજિત આગરકરે યુવાન પેસ બોલર અંશુલ કંબોજને કવર તરીકે ટીમ ઇન્ડિયાના સ્ક્વૉડમાં સમાવ્યો છે.

### અર્શદીપે હાથમાં ટાંકા લેવા પડ્યા

ગુરુવારે નેટ-પ્રૅક્ટિસ દરમ્યાન સાઈ સુદર્શનના એક શૉટમાં અર્શદીપ બૉલ અટકાવવા ગયો ત્યારે તેને હાથમાં ઇજા થઈ હતી. તેના હાથમાં કાપો પડી ગયો છે અને તેણે ટાંકા લેવા પડ્યા છે. ડૉક્ટરે અર્શદીપને ૧૦ દિવસ આરામ કરવાની સલાહ આપી છે. પરિણામે, તે હવે સિરીઝમાંથી ઑલમોસ્ટ આઉટ થઈ ગયો છે. નીતીશને પણ ઈજા થઈ છે.

### ભારતની છેલ્લી બે ટેસ્ટ ક્યારે?

ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટેસ્ટ (આઠ દિવસના બ્રેક બાદ) બુધવાર, ૨૩ જુલાઈથી મૅન્ચેસ્ટરમાં શરૂ થશે અને ત્યાર બાદ છેલ્લી ટેસ્ટ ૩૧ જુલાઈથી લંડનના ઓવલમાં રમાશે.

### આકાશને પણ ઈજા, પેસ આક્રમણ નબળું પડ્યું

બ્રિટિશરો સામેની ટેસ્ટ સિરીઝમાં ભારત ૧-૨થી પાછળ છે. જસપ્રીત બુમરાહ વર્કલૉડ મૅનેજમેન્ટના ભાગરૂપે ત્રણમાંથી એક ટેસ્ટ મૅચ નથી રમ્યો. હવે બાકીની બેમાંથી કઈ ટેસ્ટમાં તે રમશે એ હજી નક્કી નથી. આકાશ દીપને ત્રીજી ટેસ્ટ દરમ્યાન પગના સ્નાયુઓ ખેંચાઈ જવાની તકલીફ થઈ હતી. એ જોતાં, તે પણ પૂરેપૂરો ફિટ નથી. મૅન્ચેસ્ટર આવતાં પહેલાંના પ્રૅક્ટિસ સેશનમાં આકાશ દીપે બોલિંગ નહોતી કરી. તે ચોથી ટેસ્ટમાં કદાચ નહીં રમી શકે. રિઝર્વ પ્લેયર્સમાં રાખવામાં આવેલા અર્શદીપ સિંહને ઈજાને કારણે સ્પર્ધાની લગભગ બહાર થઈ જવું પડી રહ્યું છે.

### અંશુલ કંબોજની જ પસંદગી શા માટે?

ભારતીય ટીમનો ઇંગ્લૅન્ડ પ્રવાસ શરૂ થયો એ પહેલાં અંશુલે ઇન્ડિયા એ' ટીમ વતી સારું પર્ફોર્મ કર્યું હતું. તેણે બે મૅચમાં પાંચ વિકેટ લીધી હતી. તેણે ૨૪ ફર્સ્ટ ક્લાસ મૅચમાં કુલ ૭૯ વિકેટ લીધી છે. ૩.૧૦ તેનો ઇકોનોમી રેટ છે. ગઈ રણજી ટ્રોફી સીઝનમાં તેણે સારું પર્ફોર્મ કર્યું હતું. કેરળ સામેની મૅચમાં તેણે અસાધારણ બોલિંગ કરી હતી.

એક દાવમાં તમામ ૧૦ વિકેટ લેનાર આ ટૂર્નામેન્ટનો તે ત્રીજો બોલર બન્યો હતો. જોકે આ વર્ષની શરૂઆતમાં ઑસ્ટ્રેલિયામાં સારું રમનાર ફાસ્ટ બોલર હર્ષિત રાણાને ઇંગ્લૅન્ડ સામેની સિરીઝના આરંભ પહેલાં ૧૬ ખેલાડીઓના સ્ક્વૉડમાં સમાવવામાં આવ્યો હતો. ■

# મેસીનું નવું મૅજિકઃ એક મૅચમાં બે સિદ્ધિ મેળવી

## સાતમાંથી છ મૅચમાં તેના એકથી વધુ ગોલઃ બે વર્ષમાં ૩૫ ગોલ કરનારો પાંચમો ખેલાડી

હૅરિસન (અમેરિકા)ઃ મેજર લીગ સૉકર (એમએલએસ)માં શનિવારે લિયોનેલ મેસીના બે ગોલ તેમ જ બીજા બે ગોલ કરવામાં તેણે સાથી ખેલાડીને મદદ કરી એને પગલે ઇન્ટર માયામીએ ન્યૂ યૉર્ક રેડ બુલ્સ નામની ટીમને ૫-૧થી હરાવીને પાંચમા સ્થાને પોતાની સ્થિતિ મજબૂત કરી હતી. ઇન્ટર માયામીના ૪૧ પૉઇન્ટ છે અને ચોથા નંબરના કૉલમ્બસ (૪૪)થી ત્રણ જ ડગલાં દૂર છે. સિનસિનાટીની ટીમ ૪૮ પૉઇન્ટ સાથે મોખરે છે. મેસીએ આ એક મૅચમાં બે સિદ્ધિ મેળવી છે.

શનિવારની મૅચમાં આર્જેન્ટિનાના લિયોનેલ મેસીના સાથી ખેલાડી ટેલાસ્કો સેગોવિયાએ પણ બે ગોલ કર્યા હતા. મેસીએ છેલ્લી સાતમાંથી છ મૅચમાં એકથી વધુ ગોલ કર્યા છે. એ ઉપરાંત, એમએલએસમાં મેસી બે વર્ષના સમયગાળામાં ઓછામાં ઓછા ૩૫થી વધુ ગોલ કરવા ઉપરાંત સાથી ખેલાડીઓને કુલ પચીસ ગોલ કરવામાં મદદ કરનાર પાંચમો ખેલાડી બન્યો છે.

ન્યૂ યૉર્ક વતી ઍલેક્ઝાંડર હૅકે ૧૪મી મિનિટમાં મૅચનો પ્રથમ ગોલ કર્યો હતો. જોકે ત્યાર પછી ઇન્ટર માયામીના ખેલાડીઓએ ચાર ગોલ કરીને ૫-૧થી વિજય મેળવ્યો હતો. માયામી વતી જૉર્ડી અલ્બાએ ૨૪મી મિનિટમાં પ્રથમ ગોલ કર્યો હતો. ટેલાસ્કૉએ ૨૭મી મિનિટમાં ટીમનો બીજો ગોલ તેમ જ ફર્સ્ટ હાફની થોડી ક્ષણો પહેલાં ત્રીજો ગોલ નોંધાવ્યો હતો. ત્યાર પછી ૬૦મી અને ૭૫મી મિનિટમાં મેસીએ ઉપરાઉપરી બે ગોલ કરીને માયામીની જ્વલંત જીત નક્કી કરી હતી. ■



**પંડ્યા બંધુઓ મહારાષ્ટ્રના ગવર્નરને મળ્યા**

વડોદરામાં રહેતા ઑલરાઉન્ડર બંધુઓ હાર્દિક પંડ્યા અને તેનો મોટો ભાઈ કૃણાલ પંડ્યા મુંબઈમાં રવિવારે રાજ ભવન ખાતે મહારાષ્ટ્રના ગવર્નર સી. પી. રાધાક્રિષ્નનને મળ્યા હતા અને તેમને ઑટોગ્રાફવાળું બૅટ ભેટ આપ્યું હતું. પંડ્યા બંધુઓએ તેમને ઈન્ડિયા જર્સી પણ બક્ષિસમાં આપી હતી.પંડ્યા બ્રધર્સ મહારાષ્ટ્રના ગવર્નરને સૌજન્ય બેઠકમાં મળ્યા હતા જેમાં ગવર્નરે તેમને પ્રશસ્તિપત્ર આપ્યું હતું. ખુદ ગવર્નરે સોશિયલ મીડિયામાં આ મીટિંગને લગતી પોસ્ટ શૅર કરી હતી જેમાં તેમણે લખ્યું હતું કે 'રાજભવન ખાતે આપણા બે નામાંકિત ક્રિકેટર શ્રી હાર્દિક પંડ્યા અને શ્રી કૃણાલ પંડ્યાને મળીને ખૂબ આનંદ થયો. બન્નેને મારી શુભેચ્છા છે.'

# વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલ ૨૦૩૧ સુધી ઇંગ્લૅન્ડમાં જ રમાશે, કારણ જાણી લો...

દુબઈઃ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) દ્વારા બહાર પાડવામાં આવેલી સત્તાવાર યાદીમાં જણાવવામાં આવ્યું છે કે દ્વિવાર્ષિક વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલ ૨૦૩૧ સુધી ઇંગ્લૅન્ડમાં જ રમાશે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૧, ૨૦૨૩ અને ૨૦૨૫ની (ત્રણેય સીઝનની) ફાઇનલ ઇંગ્લૅન્ડમાં રમાઈ હતી.

થોડા દિવસ પહેલાં એવી અટકળ હતી કે હવે પછીની ડબ્લ્યૂટીસીની ફાઇનલ ઇંગ્લૅન્ડમાં નહીં, પણ અન્ય કોઈ દેશમાં રખાશે. બીસીસીઆઇ આ ફાઇનલને ભારતમાં લાવવા ઇચ્છે છે એવી પણ અટકળ હતી. રવિ શાસ્ત્રીએ તાજેતરમાં એક મુલાકાતમાં આઇસીસીને અનુલક્ષીને ત્યાં સુધી કહ્યું હતું કે 'જો ડબ્લ્યૂટીસીની ફાઇનલ અમદાવાદ જેવા મોટા સ્ટેડિયમમાં રાખવામાં આવે તો એક લાખથી પણ વધુ પ્રેક્ષકો એ જોઈ શકે અને આ ટૂર્નામેન્ટની ખ્યાતિ વધી શકે. મેલબર્નમાં પણ આ ફાઇનલ રાખી શકાય.'

જોકે આઇસીસીએ સ્પષ્ટ કરી દીધું છે કે હવે પછીની ત્રણ સીઝનની ફાઇનલ (૨૦૨૭, ૨૦૨૯ અને ૨૦૩૧) ઇંગ્લૅન્ડમાં જ રમાશે. ૨૦૨૧માં ડબ્લ્યૂટીસીની ફાઇનલ સાઉધમ્પ્ટનમાં રમાઈ હતી જેમાં ન્યૂ ઝીલૅન્ડે ભારતને હરાવ્યું હતું. ૨૦૨૩ની ફાઇનલ લંડનના ઓવલમાં રમાઈ હતી જેમાં ભારતનો ઑસ્ટ્રેલિયા સામે પરાજય થયો હતો અને ૨૦૨૫ની તાજેતરની ફાઇનલ લૉર્ડ્સમાં રમાઈ હતી જેમાં ઑસ્ટ્રેલિયાને હરાવીને સાઉથ આફ્રિકાએ પહેલી વાર વિશ્વ કપ સ્તરની ટ્રોફી જીતી લીધી હતી.

આઇસીસીએ જણાવ્યું છે કે 'આ નિર્ણય ઇંગ્લિશ ક્રિકેટ બોર્ડની ગઈ ત્રણ સીઝનની ફાઇનલનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું તેમ જ ઇંગ્લૅન્ડની ઉનાળાની શરૂઆતમાં આ ફાઇનલ યોજાતી હોવાથી ભૌગોલિક દૃષ્ટિએ પણ એ સુવિધાજનક છે.' ■

# પીઢ ક્રિકેટરોએ બૉલ-આઉટને સજીવન કરીઃ જાણો, કોણ જીત્યું

બર્મિંગમઃ ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપ વખતે ટાઇ-મૅચ બાદ સુપરઓવરની નહીં, પણ બૉલ-આઉટની પ્રથા હતી જેમાં બન્ને ટીમના નક્કી થયેલા ખેલાડીઓએ સ્ટમ્પને ટાર્ગેટ બનાવવાનું હતું જેમાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું અને એ યાદોંને ફરી તાજી કરવાના હેતુથી શનિવારે વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)ની એક મૅચમાં આયોજકોએ બૉલ-આઉટ રાખ્યું હતું. વરસાદ બાદ વેસ્ટ ઇન્ડિઝે ગેઇલના સુકાનમાં નિર્ધારિત ૧૧ ઓવરમાં પાંચ વિકેટે ૮૦ રન કર્યા હતા. ૫/૭૯ના સ્કોર બાદ છેલ્લે (ટેક્નિકલ ક્ષતિ બાદ) કૅરિબિયનોના સ્કોરમાં એક રન ઉમેરાયો હતો અને ૫/૮૦નો સ્કોર છેલ્લે નોંધાયો હતો. ડિવિલિયર્સના સુકાનમાં સાઉથ આફ્રિકાએ ૧૧ ઓવરમાં ૬/૮૦નો સ્કોર નોંધાવ્યો એટલે મૅચ ટાઇ થતાં બૉલ-આઉટ રખાયું હતું જેમાં સાઉથ આફ્રિકાનો વિજય થયો હતો. ■

# ચીન ભારત માટે રેર મિનરલના કાચા માલના પુરવઠા પરના પ્રતિબંધોને હળવા કરશે

નવી દિલ્હી : ચીને ભારત માટે દુર્લભ ખનિજના કાચા માલના પુરવઠા પરના પ્રતિબંધોને હળવા કરવાના સંકેત આપ્યા છે. ચીનને નિકાસ મંજૂરી માટે અચાનક અરજીઓનો પ્રવાહ મળ્યો હોવાથી અરજીઓની પ્રક્રિયામાં વિલંબ થયો હોવાનું સત્તાવરા સુત્રોએ જણાવ્યું છે.

ચીની સરકારી સુત્રોએ ભારતને માહિતી આપી છે કે દુર્લભ ખનિજના કાચા માલનો પુરવઠો મેળવવા માંગતા ભારતીય આયાતકારો તરફથી મળેલી અરજીઓની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. ચીને તાજેતરમાં દુર્લભ ખનિજ ચુંબક (મેગ્નેટ) ની નિકાસ પર લાઇસન્સિંગ ધોરણો લાગુ કર્યા છે.

ચોથી એપ્રિલથી ચીન દ્વારા દુર્લભ ચુંબક (રેર અર્થ મેગ્નેટ)લાદવામાં આવેલા નિકાસ પ્રતિબંધના દાયરામાં છે. નોંધવું રહ્યું કે ઓટોમોબાઈલ અને ઓટો ઉદ્યોગ ઉપરાંત ઇલેક્ટ્રોનિક્સ, તબીબી અને સંરક્ષણ જેવા ઉદ્યોગો માટે પણ તે મહત્વપૂર્ણ છે.

અમેરિકા દ્વારા ચીની ઉત્પાદનો પર ટેરિફ વધારવાના જવાબમાં આ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. ગયા મહિને, ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગે દુર્લભ ખનિજના પુરવઠા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ચીન દ્વારા લાદવામાં આવેલા નિકાસ પ્રતિબંધો અંગે ઉદ્યોગે સરકાર સમક્ષ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

તેમણે કહ્યું હતું કે ચીની વાણિજ્ય મંત્રાલય તરફથી આ દુર્લભ ખનિજ કાચા માલની આયાત માટે મંજૂરી મેળવવામાં વિલંબ ભારતીય વાહન ઉત્પાદકોના ઉત્પાદનને અસર કરી રહ્યો છે, જેમાં ઇલેક્ટ્રિક વાહનોનો પણ સમાવેશ થાય છે.

સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચીનને નિકાસ મંજૂરી માટે અચાનક અરજીઓનો પ્રવાહ મળ્યો હોવાથી અરજીઓની પ્રક્રિયામાં વિલંબ થયો છે. જાણકારોએ જણાવ્યું હતું કે, ચીને લાઇસન્સ મેળવવાની પ્રક્રિયા ખૂબ લાંબી અને જટિલ બનાવી દીધી છે.

તેઓ હાલમાં અરજીઓના અચાનક પ્રવાહને સંભાળવા માટે સંપૂર્ણપણે સક્ષમ નથી. પરંતુ હવે જાણ કરવામાં આવી છે કે તેમણે અરજીઓની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. તેથી એવં માનવું છે કે હવે આ મામલો થોડા સમયમાં ઉકેલાઈ જશે. ■

# કોર્પોરેટ પરિણામો પર નજર સાથે શેરબજારમાં સાવચેતીપૂર્ણ આશાવાદનો માહોલ જોવા મળશે

**ફોરકાસ્ટ**

**નિલેશ વાઘેલા**

મુંબઇઃ સ્થાનિક અને વિદેશી પરિબળો માટે અસરકર્તા એવી ઘણી ઘટના આકાર લઇ રહી હોવાથી શેરબજાર માટે આ સપ્તાહ અફડાતફડીથી ભરપૂર રહેવાની ધારણા છે. અમેરિકન માર્કેટના ટ્રેડ સહિતના બાહ્ય અને ફંડામેન્ટલ પરિબળો ઉપરાંત નિષ્ણાતો માને છે કે રોકાણકારો કોર્પોરેટ સેકટરમાં મોટી કંપનીના પરિણામો, બોનસ અને ડિવિડંડની જાહેરાત તેમ જ આગામી સમય માટેના ગાઇડન્સ પર ઝીણી નજર રાખશે.

સપ્તાહ દરમિયાન નિફ્ટીએ ૦.૭૦ ટકાનો કડાકો નોંધાવ્યો હોવાથી રોકાણકારો મોટા લેણથી અળગા રહેવાનું પસંદ કરે એવી સંભાવના છે. નિફ્ટીએ ૨૫,૦૦૦ની સપાટી તોડી નાંખી છે, અલબત્ત તેને ૨૪,૯૦૦ આસપાસ ટેકાની સપાટી છે અને અમુક ટેક્નિકલ નિષ્ણાત શોર્ટ ટર્મ પુલબેક પણ જોઇ રહ્યા છે. જોકે, નિફ્ટી જ્યાં સુધી વધુ ૨૫૦થી ૩૦૦ પોઇન્ટ આગેકૂચ ના કરે ત્યાં સુધી ઉછાળે વેચવાલી જોવા મળશે. એકંદરે શેરબજારમાં સાવચેતીપૂર્ણ આશાવાદનો માહોલ જોવા મળશે.

આ સપ્તાહ જૂનમાં પૂરા થયેલા ત્રિમાસિક સમયગાળાના કોર્પોરેટ પરિણામથી ધમધમતું રહેશે. આ સપ્તાહે ૨૮૬ કંપનીઓ નાણાકીય પરિણામ જાહેર કરવાની છે, જેમાં ઇન્ફોસિસ, આઇશર મોટર્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફાઇનાન્સ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ડો. રેડ્ડિઝ લેબ, સિપ્લા, કોટક મહિન્દ્રા બેન્ક અને એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સ વગેરેનો સમાવેશ છે.

આ સપ્તાહે ૧૦૦થી વધુ કંપનીઓ વિવિધ જાહેરાત કરવાની છે, જેમાં બોનસ શેર, ડિવિડંડ અને રાઇટ ઇશ્યૂ માટેની રેકોર્ડ ડેટનો સમાવેશ થાય છે. જેમ કે, એલઆઇસી, હીરો મોટોકોર્પ, ડિવિઝ લેબ, શ્રી સિમેન્ટ, ઝાઇડસ લાઇફસાયન્સ અને યુનિયન બેન્ક ડિવિડંડની રેકોર્ડ ડેટ જાહેરાત કરશે. જ્યારે મહિન્દ્રા લોજિસ્ટિક રાઇટ ઇશ્યૂ માટે અને ફોકસ બિઝનેસ સોલ્યુશન બોનસ શેર માટે રેકોર્ડ ડેટ જાહેર કરશે.

વધુમાં, પેટીએમ, યુનાઇટેડ બ્રુઅરીઝ, ઝી એન્ટરટેઈનમેન્ટ, આઈઆરએફસી અને બજાજ હાઉસિંગ ફાઇનાન્સના પરિણામો પર પણ બજારની નજર રહેશે. સોમવારનું ટ્રેડિંગ સત્ર મહત્વપૂર્ણ બની રહેશે, કારણ કે રોકાણકારો આ દિવસે રિલાયન્સ, એચડીએફસી બેંક અને આઈસીઆઈસીઆઈ બેંક જેવી મોટી કંપનીઓના પ્રથમ ક્વાર્ટરના પરિણામોને આધારે બજારમાં પોતાનો પ્રતિભાવ દર્શાવશે.

રોકાણકારો અમેરિકાની જાયન્ટ કંપનીઓના પરિણામ પર પણ નજર રાખશે. આ ઉપરાંત ફેડરલના ચેરમેન પોવેલના રિમાર્કની અસર પણ સમગ્ર ઇક્વિટી માર્કેટ પર જોવા મળશે. વોલ સ્ટ્રીટમાં પાછલા શુક્રવારે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. ડાઊજોન્સ ૧૪૨ પોઇન્ટ તૂટીને ૪૪,૩૪૨.૨૦ની સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે એસએન્ડપી ૫૦૦ ઇન્ડેકસ અને નેસ્ડેકમાં મામૂલી ફેરફાર હતો. ટ્રમ્પના વધુ કોઇ ફતવા, ટેરિફને લગતી કોઇ વિગતો અને એફઆઇઆઇના વલણની પણ બજારના માનસ પર અસર થશે. ક્રૂડ ઓઇલના ભાવની વધઘટ અને વિદેશી હૂંડિયામણ બજારની હલચલ પણ બજારને દોરશે.

પ્રાઇમરી માર્કેટમાં પણ આ સપ્તાહે ધમાલ રહેવાની છે. કુલ ૧૦ જાહેર ભરણા મૂડીબજારમાં આવી રહ્યા છે જેમાંથી ઇન્ડિક્વિબ અને જીએનજી ઇલેક્ટ્રોનિક્સ તથા બ્રિગેડ હેટલ વેન્ચર સહિતના પાંચ મેઇન બોર્ડના છે અને પાંચ એસએમઇ સેગમેન્ટના છે. ત્રણ ભરણાના શેર લિસ્ટિંગ મેળવશે.

પાછલા સપ્તાહની કોર્પોરેટ હલચલમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ આ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન ૧૨ ટકાના વધારા સાથે રૂ. ૪,૧૧૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. બેન્કે પાછલા નાણાકીય વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં રૂ. ૩,૬૭૯ કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો. જૂન ક્વાર્ટર દરમિયાન કુલ આવક વધીને રૂ. ૩૧,૭૯૧ કરોડ થઈ છે. સ્માર્ટવર્કસ કોવર્કિંગ સ્પેસેસનો શેર તેના રૂ. ૪૦૭ પ્રતિ શેરના ભાવ સામે ૭.૧૪ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૪૩૬.૧૦ના ભાવે લિસ્ટેડ થયો હતો.

દરમિયાન ટેફલાએ કોમોડિટી ટ્રેડિંગ ક્લબ અને મકક્યુબના સહયોગ સાથે કોમોડિટી માર્કેટ મૂવર્સ ૨૦૨૫ પરિષદનું આયોજન કર્યું હતું જેમાં ભારતીય કોમોડિટીઝ ડેરિવેટીવ્સ માર્કેટમાં વધુ ઊંડાણપૂર્વકના સુધારાની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભારતના કોમોડિટી ટ્રેડિંગ ઇકોસિસ્ટમના વિવિધ વિભાગોને એકત્ર કરવામાં આવ્યા હતા, જેમાં નિયમનકારો, બ્રોકર્સ, વેપારીઓ, રોકાણકારો, વિશ્લેષકો અને નીતિઘડવૈયાઓનો સમાવેશ હતો. મુખ્ય વક્તાઓમાં ભારતના વડા પ્રધાનના આર્થિક સલાહકાર પરિષદના સભ્ય સંજીવ સાન્યાલ અને સેબીના ભૂતપૂર્વ પૂર્ણકાલીન સભ્ય એસ.કે. મોહંતીનો સમાવેશ હતો.

અન્ય હલચલમાં સરકારે એનટીપીસીના સીએમડીનો કાર્યકાળ એક વર્ષ વિસ્તાર્યો છે. કોરોના રેમેડિઝે બાયર્સ ફાર્માના ભારતીય ડિવિઝન પાસેથી સાત બ્રાન્ડ હસ્તગત કરી છે. ટાટા ઇલેક્ટ્રિક્લ્સે જર્મનીની રોબર્ટ બોશ જીએમબીએચ સાથે ઇલેક્ટ્રોનિક્સ, સેમી કન્ડકટર પ્રોડકશન માટે યુતિ કરી છે. બાયોકોન બાયોલોજિકલ્સને યુએસએફડીએ તરફથી ડાયાબિટીશ મેડિકેશનના માર્કેટિંગ માટે મંજૂરી મળી છે. જીઓ બ્લેકરોક એસેટ મેનેજમેન્ટ કંપનીને સેબીની ચાર મ્યુચ્યુઅલ ફંડ જારી કરવાની મંજૂરી મળી છે.

અદાણી ગ્રુપે એડબલ્યુ એલ એગ્રી બિઝનેસમાંનો ૨૦ ટકા હિસ્સો વિલ્મર ઇન્ટરનેશનલ સિંગાપોરને રૂ. ૭૧૫૦ કરોડમાં વેચ્યો હોવાનું સ્ટેક એક્સચેન્જ ફાઇલિંગમાં જણાવાયું છે. ડિક્સન ટેક્નોલોજીસે ક્યુટેક ઇન્ડિયામાં ૫૧ ટકા હિસ્સો ખરીદવાના સોદા કર્યા છે. એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસિસે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ચોખ્ખા નફામાં ૨.૪ ટકાનો ઘટાડો જાહેર કર્યો છે. સ્ટેટ બેન્ક નાણાકીય વર્ષ ૨૦૨૬માં સ્થાનિક રોકાણકારો માટે રૂ. ૨૦,૦૦૦ કરોડના બોન્ડ જારી કરશે. એચડીએફસી બેન્ક ૧૯મી જુલાઇએ બોર્ડ મીટીંગમાં સ્પેશિયલ ડિવિડંડ અને બોનસ શેરની વિચારણા હાથ ધરશે. એમસીએક્સ સીસીએલને ક્લિઅરિંગ કોર્પોરેશન તરીકેની માન્યતાનું વધુ ત્રણ વર્ષનું વિસ્તરણ મળ્યું છે.

આઇટીસી હોટલનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૫૩ ટકા વધીને રૂ. ૧૩૩.૭૧ કરોડ રહ્યો છે. બેન્ક ઓફ મહારાષ્ટ્રનો પ્રથમ ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૨૩ ટકા વધીને રૂ. ૧૫૯૩ કરોડ નોંધાયો હતો. વીવર્ક ઇન્ડિયાને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી ગઇ છે. આઇપ્રુ એએમસી અને પ્રોપર્ટી શેરે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

બજારના સાધનો જણાવ્યું હતું કે, ખાસ કરીને ટેકનોલોજી અને બેંકિંગ ક્ષેત્રમાં પ્રથમ ક્વાર્ટરની કમાણીમાં મંદીના સંકેત મળવાથી રોકાણકારોમાં સાવચેતીનું માનસ રહ્યું છે. યુએસ-ભારત વેપાર સોદા અંગેની અનિશ્ચિતતા, લાર્જ કેપ શેરોના ઊંચા મૂલ્યાંકન અને એફઆઇઆઇના આઉટફલોને કારણે બજારના ખેલાડીઓએ મોટા લેણથી અળગા રહેવાનું પસંદ કરી રહ્યા છે. જોકે, કોઈપણ સકારાત્મક પરિબળ બજારના સેન્ટિમેન્ટમાં તેજી ભરી શકે છે. ■

# એપરલ એક્સપોર્ટમાં સુધારો, જ્યારે ટેક્સ્ટાઈલની નિકાસમાં પીછેહઠ

મુંબઈ : વર્તમાન નાણાં વર્ષનો પ્રથમ ત્રિમાસિક ગાળો દેશના રેડીમેડ ગારમેન્ટ ઉદ્યોગ માટે નિકાસની દ્રષ્ટિએ પ્રોત્સાહક રહ્યાનું જોવા મળી રહ્યું છે. દેશમાંથી એપરલની એકંદર નિકાસ આ સમયગાળામાં ૮.૯૧ વધી છે. જોકે ટેકસટાઈલની નિકાસમાં ૦.૯૪ ટકા ઘટાડો થયો છે, પરંતુ એપરલ અને ટેકસટાઈલની સંયુકત નિકાસ ગયા વર્ષના જૂન ત્રિમાસિકની સરખામણીએ વર્તમાન વર્ષના આ ગાળામાં ૩.૩૭ ટકા વધી હોવાનું પણ પ્રાપ્ત ડેટામાં જણાવાયું છે.

દેશના રેડીમેડ ગારમેન્ટના મુખ્ય મથક ગણાતા તિરુપુર ખાતેથી જૂન ત્રિમાસિકમાં ગારમેન્ટની નિકાસમાં વાર્ષિક ધોરણે ૧૧.૭૦ ટકા વૃદ્ધિ થઈ છે. ગયા નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં રૂપિયા ૧૦૯૧૯ કરોડની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષના આ ગાળામાં નિકાસ ૧૧.૭૦ ટકા વધી રૂપિયા ૧૨૧૯૩ કરોડ રહી હોવાનું ઈન્ડસ્ટ્રીના ડેટા જણાવે છે.

અમેરિકા સાથે હાલમાં વેપાર કરાર સંદર્ભમાં વાટાઘાટ ચાલી રહી છે ત્યારે એપરલની નિકાસમાં વધારા પ્રત્યે ઉદ્યોગ દ્વારા આશાવાદ વ્યકત કરવામાં આવ્યો છે. હાલમાં દરિયાપાર વેપાર સામે પડકારો ઊભા થયા છે ત્યારે ભારતનો રેડીમેડ ગારમેન્ટ ઉદ્યોગ હકારાત્મક સ્થિતિ દર્શાવી રહ્યો છે.

નિકાસમાં વૃદ્ધિ એપરલ ઉદ્યોગમાં ભારત સ્પર્ધાત્મકતા પૂરી પાડી રહ્યો હોવાનું પણ સૂચવે છે એમ એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનિય છે કે ગારમેન્ટ તથા એપરલની નિકાસમાં ભારતના મોટા સ્પર્ધક બાંગલાદેશ પર અમેરિકા દ્વારા ૩૫ ટકા ટેરિફ લાગુ કરવાના નિર્ણયથી ભારતના એપરલ તથા રેડીમેડ ગારમેન્ટ ઉત્પાદકો માટે સ્થિતિ સાનુકૂળ બની છે.

જો કે નવા ટેરિફનો અમલ પહેલી ઓગસ્ટથી થવાનો છે ત્યારે બાંગલાદેશ પણ અમેરિકાને આ મુદ્દે સમજાવવાના પ્રયત્નો કરી રહ્યું છે. ૩૫ ટકા ટેરિફને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં બંગલાદેશની સ્પર્ધાત્મકતા ઘટી જશે.

ઊંચા ટેરિફને ધ્યાનમાં રાખી અમેરિકાના રેડીમેડ ગારમેન્ટના આયાતકારોએ ભારત સહિતના અન્ય દેશો પર નજર દોડાવવાનું શરૂ કરવું પડશે જ્યાંથી તેમને સ્પર્ધાત્મક ભાવે માલ મળી રહે એમ કાઉન્સિલના સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. હાલમાં ભારતની ટેકસટાઈલ નિકાસ પર ૧૦ ટકા ટેરિફ વસૂલવામાં આવે છે પરંતુ પ્રોડકટ કલાસીફેકશન તથા દરમાં વિવિધતાને કારણે કેટલાક સેગમેન્ટસ પર ૨૬ ટકા ડયૂટી લાગુ થાય છે. નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં અમેરિકા ખાતે ભારતની એપરલ નિકાસનો આંક પાંચ અબજ ડોલર રહ્યો હતો. ■

# ભારતીય કંપનીઓમાં રોકાણ સંદર્ભે ચાઈનીઝ કંપનીઓ માટેના નિયમનો સરળ બનાવાશે

નવી દિલ્હી : સરકારની થિંક ટેન્ક નીતિ આયોગે દેશમાં વૈશ્વિક રોકાણ ક્ષેત્રે મોટા નીતિગત પરિવર્તનની ભલામણ કરી છે. જેમાં ચીની કંપનીઓને વધારાની સુરક્ષા મંજુરીની આવશ્યકતા વગર ભારતીય કંપનીઓમાં તેમને ૨૪ ટકા સુધીનો હિસ્સો ખરીદવાની મંજુરી આપવાની દરખાસ્ત કરવામાં આવી છે.

નીતિ આયોગ માને છે કે આ નિયમોના કારણે કેટલાક મોટા સોદાઓ પૂર્ણ કરવામાં વિલંબ થયો છે. હાલમાં, ચીની કંપનીઓને કોઈપણ રોકાણ માટે ગૃહ અને વિદેશ મંત્રાલય પાસેથી મંજૂરી મેળવવી પડે છે.

૨૦૨૦માં સરહદી અથડામણો પછી રોકાણ કરવા માંગતી ચીની કંપનીઓ માટે વધારાની ચકાસણીના નિયમો લાગુ કરવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે નીતિ આયોગનો આ પ્રસ્તાવ દેશમાં સીધા વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવાની યોજનાનો એક ભાગ છે.

વાણિજ્ય મંત્રાલય, નાણા અને વિદેશ મંત્રાલય તેમજ પ્રધાનમંત્રી કાર્યાલયના ઉદ્યોગ વિભાગ પણ આ પ્રસ્તાવનો અભ્યાસ કરી રહ્યા છે. સરકાર માટે નીતિ આયોગના બધા વિચારો અને દરખાસ્તો સ્વીકારવી જરૂરી નથી.

પરંતુ આ પ્રસ્તાવ એવા સમયે આવ્યો છે, જ્યારે ભારત અને ચીન ૨૦૨૦માં સરહદી અથડામણ પછીથી તણાવપૂર્ણ સંબંધોને સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.

રોકાણ નિયમોમાં છૂટછાટ આપવામાં મહિનાઓ લાગી શકે છે. રાજકીય નેતાઓએ આ અંગે નિર્ણય લેવો પડશે. ઉદ્યોગ વિભાગ ચીની કંપનીઓને છૂટછાટ આપવાના પક્ષમાં છે, પરંતુ અન્ય સરકારી સંસ્થાઓએ હજુ સુધી તેમનો અંતિમ અભિપ્રાય રજૂ કર્યો નથી.

૨૦૨૦માં સરહદી અથડામણો પછી રોકાણ કરવા માંગતી ચીની કંપનીઓ માટે વધારાની ચકાસણીના નિયમો લાગુ કરવામાં આવ્યા હતા. તેનાથી ચીની કંપનીઓ સૌથી વધુ પ્રભાવિત થઈ હતી. તેનાથી વિપરીત, અન્ય દેશોની કંપનીઓ ઉત્પાદન અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ઘણા ક્ષેત્રોમાં મુક્તપણે રોકાણ કરી શકે છે, જ્યારે સંરક્ષણ, બેંકિંગ અને મીડિયા જેવા કેટલાક સંવેદનશીલ ક્ષેત્રોમાં બાહ્ય રોકાણ પર કેટલીક મર્યાદાઓ છે.

ગયા નાણાકીય વર્ષમાં ભારતમાં ચોખ્ખું વિદેશી પ્રત્યક્ષ રોકાણ ૩૫૩ મિલિયન ડોલરના રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયું હતું.

# ચીનની આડોડાઈથી ભારતની નિકાસ સ્પર્ધાત્મકતા નબળી પડવાનો ભય

મુંબઈ : ચીન દ્વારા અનૌપચારિક રીતે લાગુ કરાયેલા વિવિધ પ્રતિબંધોને કારણે દેશના ૩૨ અબજ ડોલરના નિકાસલક્ષી સ્માર્ટફોન તથા ઈલેકટ્રોનિકસ ઉદ્યોગ સામે જોખમ ઊભા થવાની શકયતા જણાતા ઉદ્યોગ દ્વારા સરકાર સમક્ષ ચિંતા વ્યકત કરવામાં આવી છે.

વૈશ્વિક નિકાસ બજારમાં ભારતના ઈલેકટ્રોનિકસ ઉદ્યોગે ભારે જહેમત બાદ સ્પર્ધાત્મકતા હાંસલ કરી છે ત્યારે ચીનની આડોડાઈને કારણે આ સ્પર્ધાત્મકતા છીનવાઈ જશે એટલુ જ નહીં પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) સ્કીમ હેઠળ થઈ રહેલા લાભો પણ ધોવાઈ જશે એવો દાવો ઇલેકટ્રોનિક ઉદ્યોગના સંગઠન દ્વારા કરાયો છે અને આ સંદર્ભમાં દરમિયાનગીરી કરવા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી રહી છે.

ચીન દ્વારા હાથે કરીને લાગુ કરાયેલા પ્રતિબંધોને કારણે ઈલેકટ્રોનિકસ સાધનો, મહત્વના ખનિજો તથા સ્કીલ્ડ ચાઈનીસ ટેકનિકલ કર્મચારીઓ મેળવવાનું મુશકેલ બનતું જાય છે. દેશમાં ઈલેકટ્રોનિકસ માલસામાનના ઉત્પાદન માટે આ બધુ આવશ્યક છે, એમ એસોસિએશનના સુત્રોએ જણાવ્યું હતું.

કોઈપણ જાતની સત્તાવાર જાહેરાત વગર ચીન દ્વારા આ ચીજવસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકી દેવાયા છે. વૈશ્વિક સ્તરે ભારતની સ્પર્ધાત્મકતા ઘટાડવાના ભાગરૂપ આ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યા હોવાનો પણ એસોસિએશને આક્ષેપ કર્યો છે.

ઈલેકટ્રોનિકસ ઉત્પાદનો માટેના મહત્વના એવા સાધનો અને મશીનરીનો ચીન વિશ્વમાં મોટો પૂરવઠેદાર દેશ છે. ભારત સહિત વિશ્વના અનેક દેશો આ સાધનો માટે ચીન પર નિર્ભર રહે છે. આ સાધનોનું ઘરઆંગણે ઉત્પાદન કરવા અથવા વિકલ્પ શોધવા સંદર્ભે ભારતે હિલચલ શરૂ કરી છે.

જોકે, સ્વદેશી ઉત્પાદન અથવા તો જાપાન કે કોરિઆ જેવા દેશો ખાતેથી તેની આયાત કરવામાં ભારતના ઈલેકટ્રોનિક માલસામાનના ઉત્પાદન ખર્ચમાં બેથી ત્રણ ગણો વધારો થઈ શકે છે, પરિણામે વિશ્વ બજારમાં ભારતની સ્પર્ધાત્મકતા નબળી પડવાનું જોખમ રહેલું છે.

નાણાં વર્ષ ૨૦૨૫માં દેશમાં સ્માર્ટફોનનું ઉત્પાદન ૬૪ અબજ ડોલર પર પહોંચી ગયું હતું, જેમાં ૩૮ ટકા અથવા તો ૨૪.૧૦ અબજ ડોલરના સ્માર્ટફોનની નિકાસ થઈ હતી. એન્જિનિયરિંગ માલસામાન તથા પેટ્રોલિયમ પ્રોડકટસ બાદ ગયા નાણાં વર્ષમાં નિકાસ યાદીમાં સ્માર્ટફોનની નિકાસનો આંક ત્રીજા ક્રમે રહ્યો હતો.

તાજેતરમાં આવેલા એક અહેવાલમાં ફોકસકોન્ન જે એપલના સૌથી મોટા કોન્ટ્રેકટ ઉત્પાદક છે તેના દક્ષિણ ભારતના આઈફોન ઉત્પાદન મથકેથી સેંકડો ચાઈનીસ એન્જિનિયરો અને ટેકનિશિયનોને પલાયન થઈ ગયા છે. ચીનમાંથી સ્થળાંતર કરી ભારતમાં ઉદ્યોગો સ્થાપવાના કંપનીઓને અટકાવવાના ચીન પ્રયાસમાં હોવાનું જણાવાઈ રહ્યું છે. ■

# કુલ માર્કેટ કેપિટલમાં રૂ. ૧.૬૮ લાખ કરોડની વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન રિયલ્ટી અને પીએસયુ બેન્ક ઈન્ડેક્સ સર્વાધિક વધ્યા હતા, જ્યારે બેન્કેક્સ અને આઈટી ઇન્ડેક્સમાં સૌથી વધુ ધોવાણ જોવા મળ્યું હતું અને બજારમાં એકંદર નરમાઇનો ટોન રહ્યો હોવા છતાં લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂ. ૧.૬૮ લાખ કરોડની વૃદ્ધિ જોવા મળી હતી.

શુક્રવાર તા. ૧૮ જુલાઈ, ૨૦૨૫એ સમાપ્ત થયેલા સપ્તાહ દરમિયાન બીએસઈ સેન્સેક્સ ૭૪૨.૭૪ પોઈન્ટ્સ (૦.૯૦ ટકા) ઘટ્યો હતો. સપ્તાહના અંતમાં સેન્સેક્સ ગત શુક્રવારના ૮૨,૫૦૦.૪૭ના બંધ સામે આ શુક્રવારે ૮૧,૭૫૭.૭૩ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર ૧૪ જુલાઈ, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૨,૫૩૭.૮૭ પોઈન્ટ્સ પર ખૂલી બુધવાર, ૧૬ જુલાઈ, ૨૦૨૫એ ઉપરમાં ૮૨,૭૮૪.૭૫ સુધી તથા શુક્રવાર, ૧૮ જુલાઈ, ૨૦૨૫એ નીચામાં ૮૧,૬૦૮.૧૩ સુધી ગયો હતો.

ગત શુક્રવાર ૧૧ જુલાઈ ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ.૪૫૬.૬૯ લાખ કરોડ હતું તે ૧૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ રૂ.૧.૬૮ લાખ કરોડ વધીને રૂ.૪૫૮.૩૭ લાખ કરોડ થયું હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં, બીએસઈ સ્મોલકેપ (૧.૪૭ ટકા), બીએસઈ મિડકેપ (૧.૦૫ ટકા) વધ્યા હતા, જ્યારે બીએસઈ ૧૦૦ (૦.૪૯ ટકા), બીએસઈ ૨૦૦ (૦.૩૧ ટકા), બીએસઈ ૫૦૦ (૦.૦૪ ટકા) ઘટ્યા હતા.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં રિયલ્ટી ૩.૭ ટકા, પીએસયુ બેન્ક ૧.૯૮ ટકા, હેલ્થકેર ૧.૮ ટકા, ઓટો ૧.૭૪ ટકા, એફએમસીજી ૧.૨૮ ટકા, મેટલ ૦.૭૮ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૫૧ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૩૩ ટકા વધ્યા હતા, જ્યારે બેન્કેક્સ ૧.૩૫ ટકા, આઈટી ૧.૨૮ ટકા, ટેક ૧.૨૫ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૦૮ ટકા, પાવર ૦.૨૩ ટકા, પીએસયુ ૦.૨૧ ટકા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૦.૦૧ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૪૮ કંપનીઓના ભાવ વધ્યા, ૫૨ કંપનીઓમાં ઘટાડો થયો. બીએસઈ ૨૦૦ માં ૧૦૬ કંપનીઓના ભાવ વધ્યા, ૯૪ કંપનીઓમાં ઘટાડો થયો. બીએસઈ ૩૦માં ૧૨ કંપનીઓના ભાવ વધ્યા અને ૧૮ કંપનીઓમાં ઘટાડો થયો. બીએસઈ ૫૦૦ માં ૩૧૪ કંપનીઓના ભાવ વધ્યા, ૧૮૬ કંપનીઓમાં ઘટાડો થયો. મિડકેપમાં ૯૦ કંપનીઓના ભાવ વધ્યા, ૪૭ કંપનીઓમાં ઘટાડો થયો. સ્મોલકેપમાં ૬૨૩ કંપનીઓના ભાવ વધ્યા, ૩૪૭ કંપનીઓના ભાવ ઘટ્યા અને એકમાં ઘટાડો થયો.

બીએસઈ સેન્સેક્સમાં સૌથી અધિક વધેલા પાંચ શેરોમાં મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર (૩.૭૩ ટકા), સ્ટેટ બેંક (૧.૮૦ ટકા), તાતા સ્ટીલ (૧.૬૩ ટકા), આઈટીસી (૧.૩૨ ટકા) અને ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ (૧.૨૭ ટકા)નો સમાવેશ થાય છે. જ્યારે સર્વાધિક પાંચ ઘટેલા શેરોમાં એક્સિસ બેન્ક (૬.૬૯ ટકા), એચસીએલ ટેકનોલોજી (૫.૬૮ ટકા), કોટક બેન્ક (૩.૬૯ ટકા), ભારત ઈલેક્ટ્રોનિક્સ (૩.૬૯ ટકા) અને ટેક મહિન્દ્ર (૩.૫૨ ટકા)નો સમાવેશ થાય છે.

ગ્રુપ અનુસાર ચડાવ-ઉતારમાં એ ગ્રુપની ૭૨૮ કંપનીઓમાંથી ૪૫૦ કંપનીઓના ભાવ વધ્યા, ૨૭૮ના ઘટ્યા હતા. જ્યારે બી ગ્રુપની ૧૨૧૯ કંપનીઓમાંથી ૬૮૭ કંપનીઓના ભાવ વધ્યા, ૫૨૦ કંપનીઓના ભાવ ઘટ્યા અને ૧૨ કંપનીઓના ભાવ યથાવત રહ્યા હતા. સપ્તાહ દરમિયાન, બી ગ્રુપની ૨ કંપનીઓ પર નીચલી સર્કિટ બ્રેકર અને ૭ કંપનીઓ પર ઉપલી સર્કિટ બ્રેકર લાદવામાં આવ્યા હતા. ■

# યુપીઆઇ રિફંડની પ્રોસેસ હવે ઝડપી બનશે

નવી દિલ્હીઃ યુપીઆઇ દ્વારા દરેકનું કામ ખૂબ જ સરળ થઈ ગયું છે. યુપીઆઇ જ્યારથી આવ્યું છે ત્યારથી ખિસ્સામાં પૈસા રાખવાની ઝંઝટથી છૂટકારો મળી ગયો છે. તેમ જ છૂટા પૈસા ન હોય ત્યારે દુકાનદાર એની જગ્યાએ ચોકલેટ આપી દેતો હતો, એ દિવસ હવે ગયા.

આજે હવે ખિસામાંથી ફોન કાઢ્યો કે કોડ સ્કેન કરતાં જ પેમેન્ટ થઈ જશે. એના બદલામાં યૂઝર્સને અમિતાભ બચ્ચન તરફથી આભાર પણ મળે છે. જોકે ઘણી વાર એવું પણ થાય છે કે પેમેન્ટ અટકી જાય છે. પેમેન્ટ પેન્ડિંગ આવે છે. પેમેન્ટ થયું કે નથી થયું એની ખબર નથી પડતી.

યૂઝરના ખાતામાંથી પૈસા તો કપાઈ જાય છે, પરંતુ સામેની વ્યક્તિના ખાતાં પૈસા જમા નથી થતાં. જોકે આ પૈસા રિફંડ તો મળી જાય છે, પરંતુ ટાઈમ લાગે છે. જોકે હવે એવું નહીં થાય કારણ કે યુપીઆઇ પર નજર રાખનારી સંસ્થા નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા (એનપીસીઆઇ) દ્વારા એક નવો નિયમ લાગૂ કરવામાં આવ્યો છે.

આ નવા નિયમને યુપીઆઇ ચાર્જબેક અથવા તો ગુડ ફેઇથ નેગેટિવ ચાર્જબેક કહી શકાય છે. આ નિયમની મદદથી યૂઝર્સની મોટાભાગની તકલીફ દૂર થઈ જશે. યૂઝરે પૈસા ટ્રાન્સફર કરી દીધા હોય અને ખાતામાંથી કપાઈ ગયા હોય અને સામેની વ્યક્તિમાં એ જમા ન થયા હોય તો એ માટે યૂઝર કસ્ટમર કેરથી લઈને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા સુધી કોઈની પણ પાસે મદદ માગી શકે છે.

યૂઝરને મદદ કરવામાં પણ આવે છે અને પૈસા મળી પણ જાય છે, પરંતુ એ પ્રોસેસમાં ટાઈમ લાગે છે. એનપીસીઆઇ જ્યારે બેન્ક સાથે વાતચીત કરે છે ત્યાર બાદ બેન્ક કામ શરૂ કરે છે. આ પ્રોસેસને હવે વધુ સરળ કરી નાખવામાં આવી છે. આ પ્રોસેસથી બેન્ક હવે પોતે જ યુપીઆઇ રિફંડની પ્રોસેસ શરૂ કરી શકે છે. આ માટે ગર્ડ્ઈઈ ની મંજૂરી લેવાની જરૂર નથી. પૈસા રિફંડ કરવાની પ્રોસેસ જૂની રીત પ્રમાણે યુપીઆઇ રેફરન્સ કોમ્પ્લેઈન્ટ સિસ્ટમ પાસેથી જઈને બેન્ક પાસે પહોંચે છે. જોકે આ સિસ્ટમની મદદથી હવે એણપીસીઆઇની મંજૂરી લેવાની જરૂરી ન હોવાથી બેન્ક પોતે કામ શરૂ કરે છે અને એથી જ સમય ઓછો થઈ જાય છે.

બેન્કને જ્યારે લાગે છે કે મોબાઇલનું નેટવર્ક ખરાબ હતું અથવા તો બેન્કનું સર્વર ડાઉન હતું કે અન્ય કોઈ કારણસર પૈસા ટ્રાન્સફર નથી થયા તો બેન્ક એ માટે પોતે જ પ્રોસેસ શરૂ કરી દેશે. એથી પૈસા રિફંડ થવાનો સમય બહુ ઓછો થઈ જશે.

એનપીસીઆઇ દ્વારા આ અપડેટ વિશે ૨૦ જૂને જાહેરાત કરી હતી. જોકે હવે એને હવે લાગૂ પણ કરી દીધું છે. એનપીસીઆઇ દ્વારા એને રિમિટિંગ બેન્ક રેઇઝિંગ ગુડ ફેઇથ નેગેટિવ ચાર્જબેક નામ આપવામાં આવ્યું છે. ■

# ક્વોલિફાઇડ ઇન્સ્ટિટયૂશનલ પ્લેસમેન્ટ મારફત જૂનમાં રૂ. ૧૪,૦૮૫ કરોડ એકત્ર કરાયા

નવી દિલ્હીઃ કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના પ્રથમ પાંચ મહિના માટે ભંડોળ એકત્ર કરવાની ધીમી ગતિ બાદ ક્વીપ દ્વારા ભંડોળ એકત્ર કરવામાં તેજીનો સંચાર જોવા મળ્યો છે. જૂનમાં આ પદ્ધતિના માધ્યમે રૂ. ૧૪,૦૮૫ કરોડ એકત્ર કરવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઇ છે.

વર્ષ ૨૦૨૫ના પ્રથમ પાંચ મહિનામાં પાંખા કામકાજ પછી જૂનમાં ક્વોલિફાઇડ ઇન્સ્ટિટયૂશનલ પ્લેસમેન્ટ (ક્યુઆઈપી) દ્વારા ભંડોળ એકત્ર કરવાની પ્રવૃત્તિમાં ફરી ધમધમાટ જોવાયો હતો. આ પ્રવૃત્તિ વર્ષના બીજા અર્ધવાર્ષિકમાં મજબૂત રહી શકે છે. બજારના સુધારાને કારણે, કંપનીઓને મોટા ઇશ્યૂ માટે અનુકૂળ મૂલ્યાંકન મળ્યું.

૨૦૨૫ના પ્રથમ પાંચ મહિનામાં, ૧૩ કંપનીઓએ ક્યુઆઈપી દ્વારા રૂ. ૧૫,૪૦૮ કરોડ એકત્ર કર્યા હતા, જ્યારે ૨૦૨૪ના પ્રથમ પાંચ મહિનામાં, ૩૦ કંપનીઓએ તેના દ્વારા રૂ. ૨૯,૫૧૮ કરોડ એકત્ર કર્યા હતા. આ વર્ષે જૂનમાં, ૭ કંપનીઓએ રૂ. ૧૪,૦૮૫ કરોડ એકત્ર કર્યા હતા. જૂન ૨૦૨૪માં, સાત કંપનીઓએ ક્યુઆઈપી દ્વારા કુલ રૂ. ૩,૦૦૯ કરોડ એકત્ર કર્યા હતા. ૨૦૨૫માં અત્યાર સુધીમાં, ૨૨ કંપનીઓએ રૂ. ૩૦,૫૩૫ કરોડ એકત્ર કર્યા છે. આ વર્ષે અત્યાર સુધીનો સૌથી મોટો ક્યુઆઈપી બાયોકોનનો રૂ. ૪,૫૦૦ કરોડનો હતો.

જાણકાર સાધનોએ જણાવ્યું હતું કે, કંપનીઓ વૃદ્ધિ માટે મૂડી ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરતી હોવાથી ક્યુઆઈપી લોકપ્રિયતા મેળવી રહ્યા છે, ખાસ કરીને નાણાકીય, ઔદ્યોગિક અને માળખાગત ક્ષેત્રોમાં. ક્યુઆઈપી લિસ્ટેડ કંપનીઓ માટે નવી મૂડી એકત્ર કરવાનો સૌથી અસરકારક માર્ગ સમાન છે.

સેબીના ભાવ નિર્ધારણ ફોર્મ્યુલા અને તે જે સુગમતા આપે છે, ખાસ કરીને વિવિધ પ્રકારના સાધનો જારી કરવાની ક્ષમતાને કારણે, ક્યુઆઈપી નવી મૂડી એકત્ર કરવા માટે સૌથી આકર્ષક રીતોમાંની એક છે. ભંડોળ મૂડી ખર્ચ, મર્જર અને એક્વિઝિશન માટે અને ભારતીય અર્થતંત્રમાં સુધારો થતાં બેલેન્સ શીટને મજબૂત બનાવવા માટે એકત્ર કરવામાં આવી રહ્યું છે. બેંકરોએ જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં ક્યુઆઈપીમાં મંદીને ઇક્વિટી બજારોમાં વ્યાપક વેચાણને આભારી ગણાવી હતી.

ક્યુઆઈપી ભંડોળ એકત્ર કરવાનો એક માર્ગ છે જેમાં કંપની પ્રવર્તમાન બજાર દર કરતા ઓછા ભાવે રોકાણકારોને પસંદ કરવા માટે નવા શેર જારી કરે છે. સસ્તી અને સમયસર હોવાથી, તે ફોલો-અપ મૂડી એકત્ર કરવાનો પસંદગીનો માર્ગ છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



રાજકોટના રંગોલી પાર્ક નજીક ૧ લાખથી વધુ વાહનોની અવરજવર થતી હોવાથી સ્થાનિકો દ્વારા તાત્કાલિક સ્પીડબ્રેકર મૂકવા માગ કરાઈ હતી.. (તસવીર– પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભુજમાં ક્રિકેટનો ઓનલાઈન સટ્ટો રમાડતો શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ક્રિકેટ મેચ પર રમવામાં આવતો સટ્ટો હવે જાણે બારમાસી બની ગયો હોય તેમ વધુ એકવાર ક્રિકેટનો સટ્ટો રમાડતા એક બુકીને સ્થાનિક ગુન્હાશોધક શાખાના હાથે ઝડપાયો છે. આ શખ્સ પાસેથી મળેલી માસ્ટર આઈડીમાંથી ૩૫ લાખ રૂપિયાનું બેલેન્સ જપ્ત કરી લેવામાં આવ્યું હતું.

સ્થાનિક ગુન્હાશોધક શાખાએ જાહેર કરેલી વિગતો મુજબ, પેટ્રોલિંગ દરમ્યાન પૂર્વ બાતમી મળતા ભુજનાં આત્મારામ સર્કલથી અમનનગર તરફ જતા માર્ગ પરથી સ્કૂટર (નં. જીજે-૧૨-ઈઆર-૮૧૫૩) ઉપર જુદી-જુદી જગ્યાઓએ બેસીને ઝિમ્બાબ્વે-ન્યૂઝીલેન્ડ વચ્ચે હાલ રમાઈ રહેલી ક્રિકેટ મેચ ઉપર ઓનલાઇન સટ્ટો રમાડતા આરોપી મિરાઝ અરસદ મેમણ (રહે. ભુજ)ને ઝડપી લીધો હતો. મિરાઝ પાસેથી મળેલા બે સ્માર્ટફોનમાં રહેલી બે આઈ.ડીમાં સટ્ટો રમવામાં ઉપયોગમાં લેવાતું રૂ. ૩૫ લાખનું બેલેન્સ મળી આવ્યું હતું.

આ આઈડી ચલાવનારા ૧૨ જેટલા અન્ય શખ્સોની વિગતો પણ મિરાઝના ફોનમાંથી ઉજાગર થઈ હતી. આ સટ્ટાની આઈડીમાં ગ્રાહકો રમાડનારામાં મોહંમદ, રફીક લોડિયા, ઈમ્તિયાઝ મામદ કુંભાર, જયેશ ઠક્કર, સિદ્ધાર્થ ઉર્ફે મુનો શાહ, પસિયો ઉર્ફે પીયૂષ, બ્રિજેશ અજાણિયા, કાનભા, પિન્ટુ શાહ, ભૂદેવ અને એક અંગ્રેજી મૂળાક્ષર નંબરવાળી આઈડી ચલાવનારા સટ્ટોડિયાઓ વિરુદ્ધ પણ ફરિયાદ નોંધાવાઈ હતી.

એલસીબીએ બે મોબાઈલ ફોન કિં. રૂ. ૩૫,૦૦૦, એક્ટિવા ટ્રિજી કિં. રૂ. ૩૦,૦૦૦ના મુદ્દામાલ સાથે મિરાઝને ઝડપી અન્ય ૧૧ સહઆરોપી વિરુદ્ધ બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી કાર્યવાહી હાથ ધરાઈ છે. ■

# રાપરના ફતેહગઢમાં વહેલી સવારે માત્ર એક જ કલાકમાં બંધ ઘરમાંથી ૨.૪૮ લાખની ચોરીથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી કચ્છ હાઇપર એક્ટિવ થયેલા તસ્કરો માટે જાણે રેઢું પડ્યું હોય તેમ દરરોજ ચોરી-લૂંટફાટની ઘટનાઓ સામે આવતી રહેતી હોય છે તેવામાં રાપરના ફતેહગઢમાં ધોળા દિવસે માત્ર એક જ કલાકમાં એક બંધ મકાનના તાળાં તોડી અંદર પ્રવેશેલા તસ્કરોએ રૂ. ૨,૪૮,૫૦૦ના મૂલ્યના દાગીનાની ચોરી કરતાં આસપાસના રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો હતો.

આ ઘરફોડ અંગે ફતેહગઢમાં એકલવાયું જીવન જીવી રહેલા અને કરિયાણાની દુકાન ચલાવતા ચમનલાલ ગાંગજી ગઢેચા (જૈન)એ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગામના રબારી સમાજના લોકો ઘેટાં-બકરાં લઇને બહાર ચરાવવા જાય ત્યારે પોતાના દાગીના આ વૃદ્ધ એવા ફરિયાદી પાસે મૂકી જતા હોય છે. પાંચેક મહિના અગાઉ ગામના કેટલાક લોકોએ દાગીના તેમને સાચવવા આપ્યા હતા. ગત વહેલી સવારે ફરિયાદી દેરાસરમાં પૂજા કરવા ગયા હતા અને એકાદ કલાક બાદ પરત આવતાં તેમના મકાનના દરવાજાના તાળાં તૂટેલાં અને પેટી પલંગમાં રાખેલા તથા અન્ય સરસામાન વેરવિખેર જણાયો હતો. અજ્ઞાત તસ્કરોએ માત્ર એક જ કલાકમાં રોકડ રૂ. ૧૪,૦૦૦ તેમજ વિવિધ સોનાના દાગીનાઓ સહિત કુલ રૂ. ૨,૪૮,૫૦૦ની મતાની ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસે ફરિયાદ નોંધીને તસ્કરોનું પગેરું દબાવવા છાનબીન આદરી છે. ■

# ભાવનગરના સિહોરમાં પોણા બે ઈંચ વરસાદ

ભાવનગર: જિલ્લાના શિહોરમાં રવિવાર સાંજે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો અને પોણા બે ઇંચ જેટલો વરસાદ ખાબકી ગયો હતો. ગોહિલવાડ પંથકમાં છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજાએ વિરામ લીધો હતો. આ દરમિયાન બપોરે અને સાંજે જિલ્લાના સિહોરમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. જ્યારે ઉમરાળામાં વરસાદી ઝાપટું વરસી ગયું હતું. રવિવારે સાંજના છ વાગ્યા સુધીમાં ભાવનગર જિલ્લાના શિહોરમાં ૪૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે ઉમરાળામાં બે મિ.મી .વરસાદ નોંધાયો હતો. ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૩.૭ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૬.૨ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજ નું પ્રમાણ ૬૧ ટકા રહ્યું હતું અને પવનની ઝડપ ૧૦ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

# સાયબર ક્રિમિનલોએ ભુજમાં એકલાં રહેતાં નિવૃત મહિલા શિક્ષિકાને ત્રણ દિવસ સુધી 'ડિજિટલ એરેસ્ટ' કરીને ૭૬ લાખ પડાવી લીધા!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સાયબર ફ્રોડ અંગે જાગૃતિ આણવા માટે સતત થઇ રહેલા પ્રયાસો છતાં પણ નાગરિકો સતત લૂંટાઈ રહ્યા છે તેવામાં કચ્છના ભુજ શહેરમાં એક નિવૃત્ત મહિલા શિક્ષકને સતત ત્રણ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરીને ૭૬ લાખ જેવી જંગી રકમ સાયબર અપરાધીઓએ પડાવી લીધી હતી.

ભુજની બેન્કર્સ કોલોનીમાં રહેતા નિવૃત શિક્ષિકા એવા ૬૪ વર્ષિય વિધવા ગિરિજા લિન્કન ટેનનએ પોલીસને જણાવ્યું હતું કે, તેમનો એક પુત્ર દુબઈ અને બીજો બેંગ્લોર સ્થાયી થયેલાં છે. ગત બુધવાર તારીખ ૧૬ જૂલાઈની બપોરે દોઢ વાગ્યે તેમને અજાણ્યા નંબર પરથી સ્ત્રીનો ફોન આવ્યો હતો. આ મહિલાએ તમારા આ સીમકાર્ડનો નંબર ગેરકાયદે પ્રવૃત્તિમાં સંકળાયેલો હોવાનું બહાર આવ્યું છે, જેથી થોડીકવાર પછી તમારું આ સીમકાર્ડ બંધ થઈ જશે. વધુ માહિતી જાણવી હોય તો નવ નંબરનો આંકડો ડાયલ કરો તેવું જણાવતાં ડરમાં આવી જઈને નવ નંબર દબાવતા કોઈ અન્યને કોલ ડાયવર્ટ થઇ ગયો હતો.

ફોન ઉપાડનારે પોતે મુંબઈ કોલાબા પોલીસ મથકેથી બોલતો હોવાનું જણાવી, નરેશ ગોયલ નામના અપરાધીએ કરેલા કરોડોના ગેરકાયદે ટ્રાન્ઝેક્શનમાં તમારા બેન્ક ખાતાનો પણ ઉપયોગ થયો છે. તમારા ખાતામાં ૬ કરોડના ટ્રાન્ઝેક્શન થયા છે અને મની લોન્ડરીંગનો ગુનો નોંધાયો છે. તમે તાત્કાલિક કોલાબા પોલીસ મથકે આવી જાવ એમ કહેતાં ફફડી ગયેલાં શિક્ષિકાએ પોતે ગુજરાતમાં હોવાનું જણાવીને ફોન કટ કરી દીધો હતો.

ત્યારબાદ બે જુદાં જુદાં અજાણ્યા નંબરો પરથી વોટસએપ પર ગ્રૂપ કોલ આવ્યો હતો જેમાં પોલીસ યુનિફોર્મમાં રહેલા શખ્સે પોતાની પોલીસ કર્મચારી તરીકે ઓળખાણ આપીને મની લોન્ડરિંગના ગુના વિશે વાત કરીને તમને ડિજિટલ અરેસ્ટ કરવા પડશે, તમે સિનિયર સિટિઝન છો એટલે હાઉસ અરેસ્ટ કરવા પડશે, સુપ્રીમ કોર્ટના ધક્કા ખાવા પડશે વગેરે કહી સેટલમેન્ટ માટે તમારી સંપત્તિની વિગતો જણાવવી પડશે તેમ કહ્યું હતું.

આ સાયબર ક્રિમિનલોએ તેમને સુપ્રીમ કોર્ટે તેમના નામે દાખલ કરેલી નોટિસ પણ વિડીયો કોલ મારફતે બતાવી હતી, બાદમાં એફડી તોડાવી તથા ખાતામાં રહેલી રકમ યસ બેન્કના ખાતામાં જમા કરાવવી પડશે તેમ કહીને તેમણે ફરિયાદીને તેમના ત્રણ જુદાં જુદાં ખાતામાં રહેલી ૭૬ લાખની રકમ પોતાના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરાવી દીધી હતી. ફરિયાદી બેન્કમાં ગયા ત્યારે પણ તેમણે સતત વીડિયો કોલ ચાલું રાખેલાં. ગઠિયાઓએ સતત ત્રણ દિવસ સુધી તેમને ડિજિટલ અરેસ્ટ કરી રાખ્યા હતા.

આ વચ્ચે ભુજમાં રહેલી માતાએ કરેલા લાખોના બેન્ક ટ્રાન્ઝેક્શનના મેસેજ અને ઈ મેઈલ બેંગ્લોર ખાતે રહેતા પુત્રને જતાં તેણે માતાને પૂછતાં આખો મામલો સમજી ગયો હતો. ગઈકાલે પુત્રએ તેના મિત્રના પિતાને ઘરે મોકલીને માતાને ગઠિયાઓની જાળમાંથી મુક્ત કરાવી હતી. બનાવ અંગે બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકે વિવિધ કલમો તળે અજ્ઞાત સાયબર માફિયાઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ■

# ભુજમાં પુત્રની હત્યાનો ચોંકાવનારો કિસ્સો:

## લાઈટ બિલ ભરવાના મુદ્દે પત્ની, પુત્ર અને પુત્રવધૂએ પિતાને મોતને ઘાટ ઉતારી દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં હત્યાની ઘટનાઓનો વણથંભ્યો સિલસિલો યથાવત રહેવા પામ્યો હોય તેમ ભુજના છત્રા ફળિયામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં ૭૫ વર્ષના સકીના કુંભારે પોતાની પુત્રવધુ આયસુબાઈ, પૌત્ર આફતાજ અને પૌત્રવધુ રેહમત સામે પુત્રની કુહાડીના ઘા મારીને હત્યા કરવા સબબ પોલીસ ફરિયાદ નોંધાવતાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

સકીના બાઈના જણાવ્યા પ્રમાણે, ગત ૧૧મી જુલાઈના રોજ અબ્દુલ્લાએ પુત્ર આફતાજને લાઈટ બિલ ભરવાનું કહ્યું હતું, જો કે આફતાજે પ્રતિક્રિયા ન બતાવતાં ઉશ્કેરાયેલો અબ્દુલ્લા કુહાડી લઈને તેની પાછળ ગયો હતો. આ દરમિયાન પુત્રવધૂ આયસુબાઈ અને રેહમતે અબ્દુલ્લાને પકડીને માર માર્યો હતો અને તેમના હાથમાંથી કુહાડી છીનવી લીધી હતી. માર ખાવાથી અબ્દુલ્લા પડી ગયા હતા. સકીનાબેન ડોક્ટરને બોલાવવા ગયા ત્યારે પાછા ફર્યા તો ઘર ખાલી હતું. થોડા સમય બાદ તેમની દીકરીએ આવીને અબ્દુલ્લાના મૃત્યુની જાણ કરી હતી. આઠ દિવસ બાદ આઘાતમાંથી બહાર આવ્યા પછી સકીનાબેને પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે તેમના પુત્રની હત્યા કર્યા બાદ તેનો મૃતદેહ દફનાવી દેવામાં આવ્યો હતો. એક માતાએ પોતાનો પુત્ર અને સાથે સાથે પૌત્ર તથા કુટુંબીજનો પણ ગુમાવ્યા છે. આજના કહેવાતા આધુનિક સમાજ માટે ચેતવણીરૂપ ઘટના સંદર્ભે પોલીસે તપાસ શરૂ કરી છે. ■

# જૂનાગઢમાં નશામાં ધૂત ફાયરબ્રિગેડના કર્મચારીઓએ ત્રણ લોકોને અડફેટે લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢમાં ફાયરબ્રિગેડના બે કર્મચારીએ નશાની હાલતમાં ગાડી ચલાવીને ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો. જૂનાગઢના ઝાંઝરડા ચોકડી પાસે જૂનાગઢ ફાયર બ્રિગેડના કર્મચારીઓએ અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ત્રણ નિર્દોષ લોકો ઘાયલ થયા હતા, જેથી તાત્કાલિક તેમને સારવાર અર્થે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. અકસ્માતમાં ઘાયલ થયેલા પ્રદીપ ઉમરાણીયા કહ્યું કે, રાત્રે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ એક કસ્ટમરની બંધ પડેલી ગાડીને ટોઈંગ વેન લઈને બાંધવા ગયા હતા. આ દરમિયાન રોંગ સાઈડમાં આવતી બોલેરો ગાડી તેમના ઉપર ચડી ગઈ હતી. આ અકસ્માત સર્જાતા સ્થાનિકોનું ટોળું ઘટનાસ્થળે દોડી આવ્યું હતું. ફાયર બ્રિગેડના કર્માચારીઓ દારૂના નશામાં હોવાથી સ્થાનિકોએ તેમને પકડી લીધા અને પોલીસને જાણ કરી હતી. જૂનાગઢ બી ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આરોપીઓને કસ્ટડીમાં લીધા હતા. હવે પોલીસે દ્વારા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથધરી દેવામાં આવી હતી. ■



જૂનાગઢમાં ધોધમાર વરસાદ થતાં શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યાં હતાં, જેથી વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી.. (તસવીર– હરેશ સોની, જૂનાગઢ)

# રાજકોટના ત્રાકુડા ગામે જમીન કૌભાંડ મામલે પૂર્વ તલાટી સામે ફરિયાદ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ત્રાકુડા ગ્રામ પંચાયતના પૂર્વ તલાટી કમ મંત્રી ધર્મેશભાઈ રત્નાભાઈ હાપલીયા વિરુદ્ધ ૭૦ લાખ રૂપિયાના જમીન ગોટાળાના આરોપસર ફરિયાદ નોંધાઈ છે. આરોપ મુજબ ધર્મેશભાઈએ પોતાની ફરજ દરમિયાન હોદ્દાનો દુરુપયોગ કરી અધિકારીઓના ખોટા સહી-સિક્કા કરી ૪૪ પ્લોટના દસ્તાવેજો તૈયાર કર્યા હતા. આ તમામ પ્લોટો ૬૨૬૦ ચો.મી. જમીનમાં ફેલાયેલા હતા અને તે જમીનનો અંદાજિત ભાવ રૂપિયા ૧૧૦૦ પ્રતિ ચો.મી. પ્રમાણે અંદાજે ૭૦ લાખ થાય છે. તેમણે આ મિલકત જાતે નિયંત્રિત કરી અને ૩૧ આસામીઓને ખોટા દસ્તાવેજો પરથી વહેંચી દીધા હતા.

ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં વર્તમાન તલાટી મંત્રી ભાવેશભાઈ અમૃતલાલ ઉદેશીએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપીએ બનાવટી હુકમો તથા સનદો જેવા સરકારી દસ્તાવેજોમાં તાલુકા વિકાસ અધિકારી-ગોંડલ તથા સર્કલ ઇન્સ્પેક્ટર તાલુકા પંચાયત ગોંડલની સહીઓ પોતાની જાતે કરી હતી. આ મામલાની તપાસ દરમિયાન કાચા રેકોર્ડ, ખોટી સહી, મંજૂરી વિનાનો લે-આઉટ પ્લાન અને તત્ત્વચિંતન વગરના હુકમો સામે આવતા તાત્કાલિક કાયદેસર કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ગોંડલ પોલીસ દ્વારા આઈપીસી કલમો ઉપરાંત લાંચ રૂશવત નિવારણધારા હેઠળ ગુનો નોંધાયો હતો અને આગળની કાર્યવાહી ચાલી રહી છે. ■

# જામનગરનાં વ્યાજખોરોના ત્રાસથી રાજકોટમાં યુવાને આપઘાતનો પ્રયાસ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના રૈયારોડ ખાતે રહેતા ૩૯ વર્ષીય રિયાઝ ખલીફા વ્યાજખોરોના ત્રાસથી તંગ આવી પોતાનું જીવન ખતમ કરવાનો પ્રયાસ કર્યો હતો. મૂળ જામનગરના રહેવાસી ૩૯ વર્ષીય રિયાઝભાઈ હનીફભાઈ ખલીફા અગાઉ ત્યાં ઓટો બ્રોકર તરીકે કામ કરતા હતા. જો કે, વ્યાજખોરોની ઉઘરાણીથી એટલો ત્રાસી ગયો હતો કે, પરિવાર સાથે જામનગર છોડ્યું અને રાજકોટનાં રૈયારોડ પર નેહરુનગરમાં રહેવા આવી ગયા હતાં, પરંતુ વ્યાજખોરો રાજકોટ પણ ઉઘરાણી કરવા માટે આવતા હતાં. જેથી પોતાના ઘરે ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

ફરિયાદમાં રિયાઝ ખલીફાએ વ્યાજખોર જગદીશ જેઠવાણી, જયરાજ લૈયા, પાર્થ ગઢવી અને ઇમરાન ખેરાણીના ત્રાસથી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ લગાવ્યો હતો. આ ચારેયે ઊંચા વ્યાજે કઈંકવાર રૂપિયા આપ્યા અને પાછળથી બાકીની વધુ રકમ વસૂલવા માટે ધમકીઓ આપી હતી. સતત ધમકીઓ, ટાંકાવાર વસૂલી અને પરિવારને નુકસાન પહોંચાડવાની ધમકીઓથી કંટાળી રિયાઝે ૩૦ જૂનની રાતે ફિનાઇલ પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. ગાંધીગ્રામ પોલીસે આ ઘટના અંગે જામનગરના ચારેય વ્યાજખોરોના નામ સામે મનીલેન્ડિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# રાજ ઠાકરે વિવાદસ્પદ નિવેદન પર રેશમા પટેલે નોંધાવ્યો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહારાષ્ટ્રના નેતા રાજ ઠાકરેના સરદાર પટેલ વિશેના વિવાદાસ્પદ નિવેદન સામે આમ આદમી પાર્ટીએ વિરોધ નોંધાવ્યો હતો. આપના ગુજરાત મહિલા પ્રદેશ અધ્યક્ષ રેશમા પટેલે વિરોધ નોંધાવ્યો અને રાજ ઠાકરેના નિવેદનને વખોડી કાઢ્યું હતું. રેશમા પટેલે કહ્યું કે, સરદાર પટેલે દેશના અનેક રાજ્યોને જોડીને અખંડ ભારત બનાવ્યું હતું. જેથી રાજ ઠાકરેએ માત્ર ગુજરાતીઓનું જ નહીં પરંતુ સમગ્ર દેશનું અપમાન કર્યું છે.

રેશમા પટેલે રાજ ઠાકરે વિરુદ્ધ તાત્કાલિક એફઆઈઆર નોંધવા માટે માગણી કરી છે. એટલું જ નહીં પરંતુ રેશમા પટેલે રાજ ઠાકરેને પડકાર ફેંક્યો કે જો હિંમત હોય તો ગુજરાતમાં આવીને આવું નિવેદન કરી બતાવે! ભાષા માટે રાજ ઠાકરે દ્વારા ગુજરાત મામલે ઝેર ઓકવામાં આવ્યું તે નિંદનીય છે. જેથી આમ આદમી પાર્ટીએ પણ વિરોધ નોંધાવ્યો હતો. રેશમા પટેલે આ મામલે ગુજરાતના મુખ્ય પ્રધાન અને ભાજપ નેતાઓને સવાલ કર્યો કે સરદાર પટેલના નામે મત મેળવનારી પાર્ટી આજે આ મુદ્દે મૌન કેમ છે? ■

# મુખ્ય પ્રધાનના આદેશથી સુરેન્દ્રનગરમાં યુદ્ધના ધોરણે રસ્તાઓનું સમારકામ શરૂ

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લામાં વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગોનું સમારકામ શરૂ કરવામાં આવ્યું છે. લીંબડી-સાયલા હાઈવે પર મેજર રિપેરિંગ, રતનપર-માળોદ રોડનું સમારકામ અને ધ્રાંગધ્રાના જસાપર-નારીચણા રોડ પર મેટલ પેચવર્ક કરવામાં આવી રહ્યું છે. માર્ગ મકાન વિભાગ અને મહાનગરપાલિકા દ્વારા યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ભારે વરસાદના કારણે રસ્તાઓની હાલત ખરાબ થઈ છે, જેથી વાહનચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને મુખ્ય પ્રધાનેએ તાત્કાલિક સમારકામ કરવાનો આદેશ આપ્યો હતો. મુખ્ય પ્રધાનના આદેશના કારણે સુરેન્દ્રનગર જિલ્લામાં યુદ્ધના ધોરણે રસ્તાની સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી છે. નેશનલ હાઈવે નંબર ૪૭ પર લીંબડીથી સાયલા વચ્ચેના માર્ગ પર મેજર મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લા કલેકટર રાજેન્દ્રકુમાર પટેલ દ્વારા આ સમગ્ર કામગીરી પર નજર રાખવામાં આવી રહી છે. ■

# અલંગમાં જાહેરમાં દારૂ વેચતા બૂટલેગરોને મહિલાઓએ મેથીપાક ચખાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગરના અલંગમાં મહિલાઓએ કાયદો પોતાના હાથ લીધો હોવાની ઘટના બની હતી. જાહેરમાં દારૂ વેચવા અને પીવાની પ્રવૃત્તિઓનો મહિલાઓએ જાહેરમાં વિરોધ કર્યો અને બૂટલેગરોને માર માર્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ પણ થયો હતો. મહિલાઓનો આરોપ છે કે, પોલીસ દ્વારા બૂટલેગરો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. ■

# જૂનાગઢના દામોદર કુંડની સફાઈ મામલે કૉંગ્રેસે અનોખો વિરોધ કર્યો

અમદાવાદ: જૂનાગઢમાં આવેલા દામોદર કુંડમાં ખૂબ જ ગંદકી હોવાથી ભારે ગંજ અને દુર્ગંધ આવતી હતી. જેથી કોંગ્રેસે સત્તા પક્ષ પર આક્ષેપો કર્યાં છે. કોંગ્રેસ દ્વારા આક્ષેપો કરવામાં આવ્યાં કે, દામોદર કુંડના પાણીમાં ભયંકર દુર્ગંધ આવે છે અને શૌચાલયનું પાણી પણ કુંડમાં ભળી રહ્યું છે. એટલું જ નહીં પરંતુ કરોડો રૂપિયા ખર્ચમાં આવતા હોવા છતાં પણ સફાઈ કરવામાં નથી આવતી તેવો આક્ષેપ કર્યો હતો. શ્રાવણ માસ જેવા પવિત્ર સમયમાં પણ શ્રદ્ધાળુઓ અહીં સ્નાન કરી શકતા નથી. પાણી એટલું ગંદુ છે કે ચરણામૃત પણ નથી લઈ શકાય તેમ નથી. જૂનાગઢ શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજ જોશીએ કલેક્ટર, કમિશનર, ધારાસભ્ય, સાંસદ અને તમામ મહાનગરપાલિકા પદાધિકારીઓને અહીં આવીને સ્નાન કરવા અને ચરણામૃત લેવા માટે આમંત્રણ આપ્યું હતું. કોંગ્રેસનું કહેવું છે કે, દામોદર કુંડનું પાણી સ્નાનયોગ્ય નથી. જેથી દામોદર કુંડ જૂનાગઢની ઓળખ છે, તેનું ધાર્મિક મહત્વ જળવાઈ રહે તે માટે તાત્કાલિક કામગીરી કરવા માટે અપીલ કરવામાં આવી હતી. ■

# અંજારના વરસામેડીમાં 'ઓર્ગેનિક' ગાંજાના જથ્થા સાથે હોટેલ સંચાલકની અટક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં પાછલાં કેટલાંક વર્ષોમાં નશાખોરીનું દૂષણ ચિંતાજનક રીતે ઊંચું આવી રહ્યું છે તેવામાં અંજાર તાલુકાના વરસામેડી ખાતે આવેલી એક પતરાંની હોટેલમાંથી માદક પદાર્થ ગાંજા સાથે હોટેલ સંચાલકની પોલીસે ધરપકડ કરી હતી.

વરસામેડીની અરિહંતનગર સોસાયટીમાં દરગાહની સામે આવેલી પતરાંની હોટેલમાં પોલીસે પૂર્વબાતમીના આધારે કાર્યવાહી કરી હતી. ભાડેથી હોટેલ ચલાવનારા મૂળ ઉત્તર પ્રદેશ ઝાંસીના અજયકુમાર કૃષ્ણકુમાર અગ્રવાલ નામના શખસની અંગ જડતી કરાતાં કાળા રંગની પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી. આ થેલીમાંથી લીલા રંગનો વનસ્પતિજન્ય પાંદડાનો બનેલો ૩૯ ગ્રામ ઓર્ગેનિક ગાંજો મળી આવ્યો હતો. અજયકુમારે આ માદક પદાર્થ અરિહંતનગરની શાંતિ નામની મહિલા પાસેથી ખરીદ્યો હોવાનું પૂછપરછ દરમ્યાન જણાવ્યું હતું. ■

# તાલાલા રેન્જના ધાવા ગામમાં સિંહણ ખુલ્લા કૂવામાં ખાબકી: વન વિભાગે કર્યું રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથના તાલાલા રેન્જમાં આવેલા ધાવા ગામમાં એક સિંહણ કૂવામાં ખાબકી હતી, જેથી વનવિભાગ ઘટનાસ્થળે દોડી આવ્યું હતું. આ સિંહણ વહેલી સવારે શિકારની શોધમાં નીકળી હતી અને ધાવા ગામના કૂવામાં પડી ગઈ હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

વન વિભાગે અડધા કલાકના રેસ્ક્યૂ બાદ સિંહણને કૂવામાંથી સુરક્ષિત રીતે બહાર કાઢી હતી તેમાં સ્થાનિકોએ પણ ભારે જહેમત ઉઠાવી હતી.

આ મામલે સૌથી પહેલા ધાવા ગામના ખેડૂતને જાણ થઈ હતી.

આ ખેડૂતે કઠેડા વગરના કૂવામાંથી સિંહની ગર્જનાનો અવાજ સાંભળ્યો હતો, જેથી તેણે સત્વરે તાલાલા ફોરેસ્ટ ગાર્ડને જાણ કરી હતી. વન વિભાગે ઘટનાસ્થળે વાહન અને પિંજરા સાથે પહોંચીને સિંહણનું રેસ્ક્યૂ કર્યું હતું.

સિંહણને સુરક્ષિત રીતે કૂવામાંથી બહાર કાઢીને એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવી હતી. અહીં સિંહણને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યાર બાદ તે સિંહણને જંગલમાં મુક્ત કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. ■